આજનો સુવિચાર
જે કપાઈ જાય તેને ઉંમર કહેવાય, જે જીવાય તેને જીવન કહેવાય.

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૧૧૬ જૂનાગઢ તા.૨૯-૦૪-૨૦૨૪ સોમવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 116, Junagadh : Date : 29 April, 2024, Monday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay

# ચૂંટણીનાં ત્રીજા અને ચોથા તબક્કામાં ભીષણ ગરમી પડવાની આગાહી : ૧૮૬ બેઠકોનાં મતદાન પર અસર થશે



નવી દિલ્હી, તા. ૨૯ લોકસભાની ચૂંટણીમાં આગામી દિવસોમાં યોજાનારા ત્રીજા અને ચોથા તબક્કામાં ૧૯૧ બેઠકો પરના મતદાન પૈકી ૧૮૬ સંસદીય મત વિસ્તારોમાં હીટવેવની સ્થિતિ સર્જાવાની સંભાવના છે અને તેનાથી મતદાન પ્રભાવિત થવાની આશંકાના કારણે ચૂંટણી પંચ એલર્ટ બન્યું છે.

ભારતીય હવામાન વિભાગે જણાવ્યું છે કે, આગામી દિવસોમાં પૂર્વ-દક્ષિણ અને મધ્ય ભારતના ભાગોમાં ભીષણ ગરમીનો રાઉન્ડ સર્જાઈ શકે છે અને આ ક્ષેત્રોમાં ત્રીજા અને ચોથા તબકકાનું મતદાન થવાનું છે. પશ્ચિમ બંગાળ, ઓડીસા, બિહાર, ઝારખંડના કેટલાક ભાગોમાં લુ અને ભીષણ ગરમીની સ્થિતિ સર્જાશે. રાયલસીમા, આંતરીક કર્ણાટક, આંધ્રપ્રદેશ તથા તેલંગણાના કેટલાક ભાગોમાં આકરી ગરમી રહેશે.

આગામી બે તબકકામાં મતદાનમાં ૧૯૧ બેઠકો પર મતદાન યોજાવાનું છે. જેમાંથી ૧૮૬ બેઠકોના મત વિસ્તારોમાં ભીષણ ગરમીની સ્થિતિ રહેવાની સંભાવના છે. ૧૩૬ સંસદીય મત ક્ષેત્રોમાં તાપમાન ૪૦ ડિગ્રીથી વધુ રહેવાનું અનુમાન છે. આ સ્થિતિમાં લોકો મતદાન કરવા માટે ઘરની બહાર નીકળવામાં ઉદાસીન રહે તો મતદાન પર ગંભીર અસર થઈ શકે છે.

દેશના અનેક ભાગોમાં અત્યારે પણ ભીષણ ગરમીનો રાઉન્ડ ચાલી રહ્યો છે. ગુજરાતમાં મોટા ભાગના સેન્ટરોમાં મહતમ તાપમાન ૪૦ ડિગ્રી કે તેથી વધુ રહ્યું છે અને હજુ તેમાં કોઈ નોંધપાત્ર રાહત મળવાની સંભાવના નથી. મહારાષ્ટ્રમાં પણ અનેક ભાગોમાં મહતમ તાપમાન રવિવારે ૪૦ ડિગ્રીને પાર થઈ ગયું હતું. સોલાપુરમાં ૪૩.૭ ડિગ્રી નોંધાયું હતું.

પશ્ચિમી અને મધ્ય ભારતના ભાગોમાં સૌથી વધુ તાપમાન નોંધાઈ રહ્યું છે. રાયગઢ, મુંબઈ અને થાણેમાં લુની ચેતવણી જાહેર કરવામાં આવી છે. બીજી તરફ કેરળમાં ભીષણ ગરમીનો રાઉન્ડ ચાલી રહ્યો છે જેમાં લુને કારણે એક મહિલા સહિત બે લોકોના મોત થયા છે.

## લોકસભાની ચૂંટણીમાં કોંગ્રેસને વધુ એક ફટકો : ઈન્દોરમાં સુરતવાળી થઈ : કોંગ્રેસનાં ઉમેદવારે ફોર્મ પાછુ ખેંચી લીધું

ઈન્દોર તા. ૨૯

સુરત બાદ લોકસભાની ચૂંટણીમાં કોંગ્રેસને વધુ એક ફટકો પડયો છે. આ લખાય રહયું છે ત્યારે પ્રાપ્ત અહેવાલ મુજબ લોકસભાની ઈન્દોર બેઠક પર કોંગ્રેસનાં ઉમેદવાર અક્ષયકાંતિ બમએ તેમની ઉમેદવારી પાછી ખેંચી લીધી છે. મધ્યપ્રદેશમાં ચોથા તબકકાની ચૂંટણીમાં જે બેઠકો પર મતદાન યોજાવાનું છે તેમાં ઈન્દોર બેઠકનો પણ સમાવેશ થાય છે અને આજે ઉમેદવારી પત્ર ખેંચવાનો અંતિમ દિવસ છે તેથી એવું સમજાય છે કે, બપોરે ૩.૦૦ કલાક પહેલા ઈન્દોર બેઠક કોંગ્રેસ માટે નવા ઉમેદવારની પ્રક્રિયા શકય બનશે નહી તેથી હવે ઈન્દોર બેઠક પણ ભાજપને બિનહરીફ મળી રહી હોવાનું સ્પષ્ટ થઈ રહયું છે. ઈન્દોર બેઠક પરનાં કોંગ્રેસનાં ઉમેદવાર અક્ષય કાંતિ બમ ભાજપ કાર્યાલયમાં હોવાનું અને તેમની સાથે ભાજપનાં વરીષ્ઠ નેતા કૈલાસ વિજયવર્ગીય હોવાનું સુત્રો જણાવી રહયા છે તેથી સ્પષ્ટ છે કે, અક્ષય કાંતિ બમ ભાજપમાં જોડાઈ જશે. જો કે વાસ્તવીક સ્થિતિની જાણ આજે બપોરે ૩.૦૦ કલાક બાદ થશે.

## ચારધામ યાત્રા માટે ૧૬ લાખ લોકોએ રજીસ્ટ્રેશન કરાવ્યું

નવી દિલ્હી,તા. ૨૯: આગામી ૧૦ મેથી ચારધામ યાત્રા શરૂ થશે. ચારધામ યાત્રા માટે માત્ર ૧૧ દિવસમાં ૧૬ લાખ લોકોએ રજિસ્ટ્રેશન કરાવ્યું છે. ગંગોત્રી, યમુનોત્રી, બદરીનાથ અને કેદારનાથની આ યાત્રા માટે અગાઉથી રજિસ્ટ્રેશન ફરજિયાત છે. ઉત્તરાખંડના પ્રવાસન નિગમ દ્વારા યાત્રાળુઓ દ્વારા કરવામાં આવેલા વિવિધ બુકિંગની રકમ ૧૦૦ કરોડ રૂપિયાને પાર થઈ છે. ગયા વર્ષે રેકોર્ડબ્રેક પંચાવન લાખથી વધારે લોકોએ ચારધામ યાત્રા કરી હતી. આ વખતે રેકોર્ડ તૂટશે એવો અંદાજ છે. યાત્રા દરમ્યાન ઠેર-ઠેર હેલ્થ ચેકઅપ પોઈન્ટ્સ બનાવવામાં આવ્યા છે, જયાં કોઈ પણ શ્રદ્ધાળુ વિનામૂલ્ય આરોગ્યની ચકાસણી કરી શકશે. સાથે જ મોબાઈલ ફોન ચાર્જિંગ માટે પણ યાત્રાના રૂટ પર ચાર્જિંગ પોઈન્ટ્સ ઊભા કરવામાં આવ્યા છે.

## હવે ખાડા આપમેળે જ બુરાઈ જશે : નવી ટેકનોલોજી આવશે

નવી દિલ્હી,તા.૨૯

શહેરોથી માંડીને ધોરી માર્ગો પર ભાંગી જતા રસ્તા-ખાડાઓને કારણે વખતોવખત ઉહાપોહ સર્જાતો હોય છે. ત્યારે નેશનલ હાઈવે ઓથોરીટી દ્વારા રસ્તા પરના ખાડા આપમેળે જ બુરાઈ જાય તેવી ટેકનોલોજીનો ઉપયોગ કરવાની દિશામાં ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે. ભારતમાં રસ્તા પરના ખાડાને કારણે પ્રાણઘાતક અકસ્માતોનું પ્રમાણ પણ ઘણુ વધુ છે.ત્યારે આ નવી ટેકનોલોજી માર્ગ દુર્ઘટના રોકવામાં પણ મદદ કરશે.માર્ગ નિર્માણમાં વપરાતો ડામર ઉખડી જાય તો ફરી ખાડાના સ્થળે જ ચોટી જાય તેવી આ ટેકનોલોજી છે.

# ચૂંટણીમાં મની અને મસલ પાવરની બોલબાલા : ગુનેગારો અને કરોડપતિ ઉમેદવારોની જીતવાની સંભાવના વધુ

નવી દિલ્હી, તા.૨૯: લોકશાહીના મંદિર એટલે કે દેશની સંસદ સુધી પહોંચવા માટે યોજાયેલી ચૂંટણીમાં પૈસા અને બાહુબળનું ભારે વર્ચસ્વ રહે છે. લોકસભાની ચૂંટણીમાં ગુનાહિત ઈમેજ ધરાવતો ઉમેદવાર જેટલો ધનવાન અને વધુ શકિતશાળી હશે, તેની જીતની શક્યતાઓ એટલી જ પ્રબળ હોય છે. દેશની રાજનીતિ અને ચૂંટણી પ્રક્રિયા પર નજર રાખતી બિન સરકારી સંસ્થા 'એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ'ના રિપોર્ટમાં આ વાત સામે આવી છે. આ રિપોર્ટના વિશ્લેષણથી જાણવા મળ્યું છે કે દરેક લોકસભા ચૂંટણીમાં કરોડપતિઓ અને ગુનાહિત છબી ધરાવતા ઉમેદવારોની જીતની સંખ્યા સતત વધી રહી છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ૨૦૧૯ની ચૂંટણીમાં કરોડપતિ ઉમેદવારોએ ૫૪૩ લોકસભા સીટોમાંથી ૪૫૪ એટલે કે ૮૮ ટકા સીટો જીતી હતી. જ્યારે ૨૬૬ એટલે કે ૪૩ ટકા બેઠકો પર લોકો દ્વારા ગુનાહિત છબી ધરાવતા ઉમેદવારો ચૂંટાયા હતા.

ADR રિપોર્ટ પર નજર કરીએ તો સ્પષ્ટપણે જણાય છે કે ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં મની અને મસલ પાવર ધરાવતા ઉમેદવારોની જીતની શક્યતાઓ વધુ છે. રિપોર્ટ અનુસાર, ૨૦૧૯માં કુલ ૭,૯૪૫ ઉમેદવારોએ ચૂંટણી લડી હતી. તેમાંથી ૨૯ ટકા એટલે કે ૨૩૦૧ ઉમેદવારો કરોડપતિ હતા, જ્યારે ૧૯ ટકા એટલે કે ૧૫૦૩ ઉમેદવારો ગુનાહિત પૃષ્ઠભૂમિના હતા, જેમની સામે એક અથવા વધુ ફોજદારી કેસ નોંધાયેલા હતા. ૨૦૨૪ની ચૂંટણીમાં પણ ૨૦૧૯ની જેમ કરોડપતિઓ અને ગુનાહિત છબી ધરાવતા ઉમેદવારોની સંખ્યામાં કોઈ ઘટાડો થયો નથી.

## ભગવાન અને મંદીરોનાં નામે મત માંગવાનાં આરોપ સબબ
## વડાપ્રધાન મોદી પર ૬ વર્ષ માટે પ્રતિબંધ મુકવાની માંગણી કરતી અરજી પર દિલ્હી હાઈકોર્ટમાં સુનાવણી

નવી દિલ્હી તા. ૨૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર ૬ વર્ષ માટે ચૂંટણી પ્રતિબંધની માંગ કરતી અરજી પર આજે દિલ્હી હાઈકોર્ટમાં સુનાવણી થઈ રહી છે. અરજદાર એડવોકેટ આનંદ એસ. જોંધલેએ આરોપ લગાવ્યા છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આચારસંહિતાનું ઉલ્લંઘન કર્યુ છે. આ કેસમાં સુનાવણી ૨૬ એપ્રિલે થવાની હતી, પરંતુ તે દિવસે જજ રજા પર હતા. તેથી સુનાવણી લંબાવવામાં આવી હતી.

અરજદાર જોંધલેએ ૧૫ એપ્રિલે પોતાની અરજીમાં કહ્યું હતું કે વડાપ્રધાન મોદી ભગવાન અને મંદિરોના નામ પર લોકો પાસેથી મત માંગી રહ્યા છે. તેમણે કહ્યું કે વડાપ્રધાન ૯ એપ્રિલે યુપીના પીલીભીતમાં તેમના ભાષણ દરમિયાન હિંદુ દેવી-દેવતાઓ, શીખ દેવતાઓ અને તેમના પૂજા સ્થાનોના નામ પર મત માંગ્યા હતા. એડવોકેટ જોંધલેએ આ ભાષણને પોતાની અરજીનો આધાર બનાવ્યો છે.

## ભાજપની સહયોગી ટીડીપીએ મુસ્લીમ કાર્ડ ખેલ્યું : જો એનડીએની સરકાર બનશે તો હજ યાત્રાએ જનારને રૂા.૧ લાખ આપવાનું વચન

નવી દિલ્હી તા. ૨૯

તેલુગુદેશમ પાર્ટીનાં સુપ્રિમો ચંદ્રાબાબુ નાયડુએ કહ્યું કે, રાજ્યમાં NDA સરકાર સત્તામાં આવતાની સાથે જ હજ યાત્રા માટે મક્કા જનારા દરેક મુસ્લિમને ૧ લાખ રૂપિયાની આર્થિક સહાય આપવામાં આવશે

ભાજપના સહયોગી ટીડીપી (તેલુગુ દેશમ પાર્ટી)ના સુપ્રીમો એન ચંદ્રબાબુ નાયડુએ રવિવારે વચન આપ્યું હતું કે આંધ્રપ્રદેશમાં એનડીએની સરકાર બનતાની સાથે જ મક્કા જતા હજ યાત્રીઓને ૧ લાખ રૂપિયાની આર્થિક સહાય આપવામાં આવશે. આંધ્રપ્રદેશમાં ભાજપની આગેવાની હેઠળના ગઠબંધનમાં ટીડીપી અને જનસેના પણ સામેલ છે. રાજ્ય વિધાનસભામાં વિપક્ષના નેતા નાયડુએ નેલ્લોરમાં મુસ્લિમ સમુદાય સાથેની વાતચીત દરમિયાન આ વચન આપ્યું હતું.

નાયડુએ કહ્યું કે, 'રાજ્યમાં NDA સરકાર સત્તામાં આવતાની સાથે જ હજ યાત્રા માટે મક્કા જનારા દરેક મુસ્લિમને ૧ લાખ રૂપિયાની આર્થિક સહાય આપવામાં આવશે

## હવે માત્ર રૂા. ૧૫૦૦ની એકજ પોલિસીમાં લાઈફ, હેલ્થ અને પ્રોપર્ટી વિમો મળશે

નવી દિલ્હી તા. ૨૯ : હવે તમારે ઘર, રોકાણ, જીવન અને સ્વાસ્થ્ય વીમા માટે અલગ પોલિસી ખરીદવાની જરૂર નહીં પડે. વીમા નિયમનકારએ તમામ વીમા કંપનીઓને કોમ્બો પોલિસી શરૂ કરવાની મંજૂરી આપી દીધી છે. આ સાથે પરિવારના તમામ સભ્યોને એક જ પોલિસીમાં વીમા કવચનો લાભ મળી શકશે. IRDAIએ હૈદરાબાદમાં વીમા કંપનીઓ સાથે આ નીતિ અંગે ચર્ચા કરી હતી. 'બીમા વિસ્તાર' પોલિસીનું પ્રીમિયમ ૧૫૦૦ રૂપિયા પ્રતિ પોલિસી રાખવાની દરખાસ્ત કરવામાં આવી છે. 'બીમા વિસ્તાર' પોલિસીનો ઉદ્દેશ્ય ગામડાઓ સહિત દેશની મહત્તમ વસ્તીને વીમો આપવાનો છે.

હૈદરાબાદમાં IRDA ચીફ દેવાશિષ પાંડાની અધ્યક્ષતામાં મળેલી બેઠકમાં 'વીમા વિસ્તરણ' વિશે માહિતી આપવામાં આવી હતી. તેમણે કહ્યું કે વીમા એકસ્ટેંશનમાં રૂા. ૮૨૦ના પ્રીમિયમ સાથે જીવન કવર, રૂ. ૫૦૦માં આરોગ્ય કવર, રૂા.૧૦૦માં વ્યકિતગત અકસ્માત કવર અને રૂા. ૮૦માં પ્રોપર્ટી કવરનો સમાવેશ થાય છે. જો સમગ્ર પરિવાર માટે ફલોટરના આધારે લેવામાં આવે તો પોલિસીની કિંમત રૂા. ૨,૪૨૦ થશે. બાકીના પરિવારના સભ્યો માટે ૯૦૦ રૂપિયાની વધારાની ફી લેવામાં આવશે. તેમણે માહિતી આપી હતી કે જીવન, વ્યકિતગત અકસ્માત અને મિલકત કવર માટે વીમાની રકમ ૨ લાખ રૂપિયા હશે. હેલ્થ કવરમાં ૧૦ દિવસ માટે ૫૦૦ રૂપિયાની વીમા રકમ આપવામાં આવશે, જે વધુમાં વધુ ૫,૦૦૦ રૂપિયા હોઈ શકે છે. આ રકમ બિલ બતાવ્યા વગર આપી શકાય છે.

## અમેરીકામાં બેન્કીંગ કટોકટી ગંભીર બની : વધુ એક બેંક ડુબી

નવી દિલ્હી તા. ૨૯

એક તરફ ચીનમાં બેંકિંગથી લઈને રિયલ એસ્ટેટની કટોકટી ચરમસીમા પર છે તો અમેરિકામાં પણ સ્થિતિ ખૂબ જ ખરાબ છે. અમેરીકામાં બેંકિંગ કટોકટી વધુ ઘેરી બની છે અને રિપબ્લિક ફર્સ્ટ બેંક તેનું નવીનતમ ઉદાહરણ બની ગયું છે. વર્ષ ૨૦૨૪ની આ પહેલી અમેરિકન બેંક છે જે નાદાર થઈ ગઈ છે. આ પહેલા ગત વર્ષે ઘણી બેંકો નિષ્ફળ ગઈ હતી. રિપોર્ટ અનુસાર, ફેડરલ ડિપોઝિટ ઈન્સ્યોરન્સ કોર્પોરેશન એ તમામ ખામીઓને હાઈલાઈટ કર્યા બાદ તેને જપ્ત કરી લીધો છે.

બિઝનેસ ટુડે પર પ્રકાશિત રોઈટર્સના અહેવાલ મુજબ, અમેરિકન બેંકિંગ ક્ષેત્ર માટે આ વર્ષના પ્રથમ સૌથી ખરાબ સમાચાર આવ્યા છે. ગયા શુક્રવારે, ફેડરલ ડિપોઝિટ ઈન્સ્યોરન્સ કોર્પએ જણાવ્યું હતું કે યુએસ નિયમનકારોએ રિપબ્લિક ફર્સ્ટ બેક્રોર્પને જપ્ત કરી લીધું છે અને તેને ફુલટન બેંકને વેચવા માટે સંમત થયા છે.




## સમાચાર રાઉન્ડ અપ

● દિલ્હીથી કેરળ સુધી તિવ્ર ગરમીનો પ્રકોપ : બેનાં મોત

● હવે એટીએમનો ઉપયોગ મોંઘો થશે : અન્ય બેંકનાં એટીએમનો ચાર્જ રૂા. ૧૭થી વધારીને ૨૩ કરાશે

● છત્તીસગઢમાં ભયાનક માર્ગ અકસ્માત : બંધ ટ્રક સાથે પીકઅપ વાન અથડાતા ત્રણ મહિલા પાંચ બાળકો સહિત ૯નાં મોત

● ટાઈટેનિકનાં સૌથી ધનિક મુસાફરની ઘડીયાળ હરરાજીમાં રૂા. ૧૨ કરોડમાં વેચાઈ

● બોંકોની થાપણોમાં ઘટાડો થતાં ચિંતા : લોન લેવા મુશ્કેલી થશે

● રાહુલ ગાંધીની આજે પાટણમાં ચૂંટણી જાહેરસભા

1-2 ગ્રામ સોના ના ફોર્મીંગ દાગીના
આ કટીંગ સાથે લાવનારને ખરીદી પર ગીફ્ટ ફ્રી
ઓનલાઈન ડિઝાઈન જોવા માટે M. 91730 21566
શિવ ફેશન જવેલરી
ગુંદાવાડી મેઈન રોડ, ચોરા પાસે, રામજી મંદિરની સામે, ગોલ્ડ-૭ કોમ્પ., રાજકોટ.
ADMEDIA

ખોડલધામ ટુર
મથુરભાઈ વાગડીયા
જૂનાગઢ. મો. ૮૦૦૦૦ ૧૧૭૨૭
(૧) ચાલો ઉત્તરાખંડ ચારધામ
ગંગોત્રી, જમનોત્રી, કેદારનાથ, બદ્રીનાથ, હરીદ્વાર, ગોકુલ, મથુરા,
પ્ર. દિવ. ૧૮ ઉ. તા. ૧૫-૫-૨૦૨૪
(૨) ચાલો અમરનાથ બર્ફિલા મહાદેવ
વૈશ્નોદેવી, શ્રીનગર, અમૃતસર, વાઘા બોર્ડર
પ્ર. દિવ. ૧૫ ઉ. તા. ૧-૭-૨૦૨૪
(૩) ચાલો અયોધ્યા બનારસ ગયા
ઉજ્જૈન, ચિત્રકુટ, અલહાબાદ, હરીદ્વાર, ગોકુલ, મથુરા, પૂષ્કર, શ્રીનાથજી
પ્ર.દિવ.૧૫ ઉ. દરમહિને



# જૂનાગઢના જય હરિ ફેશન હાઉસમાં મહિલા મતદારો માટે જાગૃતિ અંતર્ગત ખાસ વળતર યોજના

## મારો મત - મારો અવાજ આવો ૭મી મેએ કરીએ વહેલું મતદાન..... સાર્થક કરવા મહિલા મતદારો ને પ્રોત્સાહિત કરવા જય હરી ફેશન હાઉસ દ્વારા જાગૃતિ અભિયાન
## આપણાં દેશની લોકશાહી નો પાયો મજબૂત બને તે માટે પાંચ મિનિટ કાઢી ગૌરવથી મતદાન કરીએ- શ્રેષ્ઠ સરકારને ચૂંટવામાં આપણા દરેકની મતદાન દ્વારા ભાગીદારીરૂપ ભૂમિકા

જુનાગઢ તા.૨૯

જુનાગઢ જીલ્લા ચૂંટણી અધિકારી અનીલકુમાર રાણાવસિયા જુનાગઢ જિલ્લાના મતદારો લોકસભાની સામાન્ય ચૂંટણીમાં ઉમાળકાભેર વધુમાં વધુ મતદાન કરી લોકશાહીનો પાયો મજબૂત બનાવે તે દિશામાં ખુબ જાગૃતી કાર્યો કરી રહ્યા છે, સ્વિપ કામગીરી અંતર્ગત શાળા કોલેજમાં ભણતા યુવા વિદ્યાર્થીઓ, યુવાનો, શતાયુપાર મતદારો, અને દિવ્યાંગ મતદારોને ખાસ મતદાનમાં પોતાનો મતાધિકારનો ઉપયોગ કરે તે દિશામાં જાગૃતિ કાર્યક્રમો હાથ ધરાઈ રહ્યા છે. ત્યારે જુનાગઢ જિલ્લા શહેરના રણછોડનગર સોસાયટી નાં બ્લોક ૧૧૮માં નિવૃત્ત જીવનગાળતા ત્રીલોકભાઈ હરિભાઈ ગોહિલ ઘર બેઠા રેડીમેટ કપડાનું વેચાણ કરી પોતાની આમદની રળી રહ્યા છે ત્યારે તેમણે જય હરિ ફેશન હાઉસના નામે નાના બાળકો યુવાનો બહેનો માટે રેડીમેટ કપડાઓ બહારથી મંગાવી અને વેચાણ કરે છે, તેમાં એક નવતર જાગૃતિ અભિયાનનો ઉમેરો કર્યો છે, ખાસ કરીને રેડીમેડ કપડામાં બહેનો અને યુવતીઓ વધારે પડતી ભાગ લેતી હોય અને યુવાન દીકરીઓ પોતાના પરિધાનને પસંદ કરવા વધુરસ દાખવતી હોય છે ત્યારે આજના યુવા મતદારો મતદાનથી દૂર ન રહે મતદાનમાં પોતાની ભૂમિકા અદા કરે તે દિશામાં તેમને પ્રોત્સાહિત કરી મતદાન પ્રક્રિયામાં ઉત્સાહમાં વધારો કરે તે માટે તેમણે પોતાના જયહરી ફેશન હાઉસમાં મતદાન કર્યા બાદ પોતાના આંગળી ઉપર અવિલોપ્ય શાહીનું નિશાન બતાવી ખરીદીમાં ૧૦% સુધીનો વળતર આપવાની જોગવાઈ કરી છે. આ વળતર મતદાન કર્યાના દિવસે એટલે કે સાતમી મેથી દસમી મે સુધી આ યોજના ચાલુ રાખવાની છે. આ યોજના દ્વારા યુવાનો મતદાન અચૂક કરશે અને તેમને પોતાના ખરીદ ઉપર વળતર પણ સારું મળશે આથી મતદાન જાગૃતિને આ અભિયાનમાં લોકો ઉત્સાહભેર જોડાશે તેવી ડો. ત્રિલોગભાઈ ગોહિલને શ્રદ્ધા છે. આ તકે તેમના યુવા પુત્ર જયહરિએ જણાવ્યું હતું કે આજે યુવાનોમાં મતદાન કરવાનો એક નવો ક્રેઝ જાગૃત થયો છે,અને મતદાન હોશે હોશે કરશે જ અને મતદાન કરી પોતાના આંગળી ઉપર અવિલોપ્ય શાહીનું નિશાન દેખાડી અમારા ફેશન હાઉસમાંથી જયારે ખરીદી કરશે ત્યારે અમને પણ ગૌરવ થશે કે આ લોકશાહીના સ્તંભને મજબૂત કરવા માટે અમે પણ બહેનોને પ્રોત્સાહિત કરી અમારી ફરજઅદા કરી છે. આવો સૌ સાથે મળી આપણા દેશને સારું સુશાસન મળી રહે તે દિશામાં એક સુદ્રઢ સરકારની રચનામાં આપણો કિંમતી મત આપી યોગદાન આપીએ.

સારી સરકારને ચૂંટવામાં આપણા દરેકના મત ભાગીદારીરૂપ ભૂમિકા હોય છે.'જયહરિ ગોહિલે મતદાર જાગૃતી ની વિગતો આપી જણાવ્યુ હતું કે 'મને યાદ છે કે હું જ્યારે યુવાવસ્થા પાર કરી અને જ્યારે મેં મતદાન માટેની લાયકાતની ઉંમર વટાવી ત્યારે મારા હૃદયમાં પ્રથમ વખત હું મતદાન મથકે લાઈનમાં ઊભો રહીશ અને મતાધિકારનો પ્રયોગ કરીશ તેનો ઉત્સાહ હતો.

જ્યારે મેં મત આપ્યો ત્યારે આંગળી પર શાહીનું નિશાન લાગ્યું. આ નિશાને મારામાં દેશભક્તિની અને મારા દેશ સાથે સંબંધ સ્થપાયાની જબરદસ્ત લાગણીઓ જન્માવી હતી.. ઘણીવાર આપણાં હાથ પર શાહીનું નિશાન પડે તો આપણે વિચારતા હોઈએ કે આ ક્યારે જશે? પણ આ એક એવું શાહીનું નિશાન છે કે જે ક્યારેય ન જાય તેવું હું ઈચ્છતો હતો. કારણકે હું મારી જાતને એક ગૌરવવંતા પ્રદર્શક તરીકે જોતો જે એક ભારતીય નાગરિક તરીકે લાયકાતની ઉંમરને પાર કરેલો પોતાનો મત આપી શકે છે,મતદાનનો દિવસ હંમેશા મારા માટે અનેક લાગણીઓ જન્માવનારો બની રહે છે.'

મે ક્યારેય ભારતીય નાગરિક તરીકે મારાથી અપેક્ષિત એ ફરજ ચૂકી નથી. એવી જ રીતે હું પણ અમારે ત્યાં ખરીદી કરવા આવતી બહેનો પણ મતદાન કરી પોતાનું રાષ્ટ્ર નિર્માણમાં યોગદાન જોડે તે માટે બહેનો મતદાન કરવા પ્રોત્સાહિત થાય તે માટે અમોએ વળતર યોજના અમલી કરવાના છીએ....તમામ મતદારોનડ્ઢને વિનંતી કરું છુ કે આપણી મહાન માતૃભૂમીના નાગરીકો તરીકે આપણી જવાબદારીપૂર્વક મત આપવાની આ તક ન ચુકીએ. આપણાં દેશ માટે પાંચ મિનિટ અવશ્ય કાઢી શકાય તેમ છે. આથી, આપણે તમામ ગૌરવપૂર્ણ રીતે અચૂક મતદાન કરીએ.' આવો મતદાન કરી અને મેળવો ખરીદી પર ડિસ્કાઉન્ટ.

# માંગરોળમાં પાણીની વિકટ પરિસ્થિતી
# તાત્કાલ કાર્યવાહી કરવા માંગ

(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ તા.૨૯

માંગરોળમાં પાણીની વિકટ સ્થિતિ વચ્ચે તાજેતરમાં મળેલી બેઠકમાં જીલ્લા કલેકટરે શહેરને મહી પરીએજનું દરરોજ ૭૦ લાખ લીટર પાણી ઉપલબ્ધ કરાવવા પા.પુ. બોર્ડને આપેલી સુચનાની અમલવારી ન થતાં પાણીની હાડમારી યથાવત રહી છે. અનેક વિસ્તારોમાં નવ, દસ દિવસથી પાણી વિતરણ થયું નથી. પાણીની કારમી તંગી વચ્ચે લોકો ૨૦૦ લીટર પાણીના એક બેરલના રૂ.૮૦ ચૂકવી પાણી વેંચાતુ લેવા મજબૂર બન્યા છે.શહેરને પાણી પૂરું પાડતા કુવાઓ ઉનાળે ડૂકી જતા પાણીની તીવ્ર અછત સર્જાય છે. દર વર્ષે મહી પરીએજનું પણ અનિયમિત અને અપુરતું પાણી મળતાં ગરીબ અને સાધારણ સ્થિતિ ધરાવતા લોકોની સ્થિતિ દયનીય બની છે. હાલમાં ગુરુવારે જી. કલેકટરની અધ્યક્ષતામાં ન.પા.ચીફ ઓફીસર, મામલતદાર, ટીડીઓ, પ્રાંત અધિકારી (કેશોદ), પાણી પુરવઠા બોર્ડના સ્થાનિક અધિકારીની ઉપસ્થિતિમાં મળેલી પાણી સંબંધિત બેઠકમાં પાણીની તંગી હળવી કરવા શહેરને દૈનિક ૭૦ લાખ લીટર પાણી આપવા નિર્ણય કરાયો હતો. પરંતુ ત્યારબાદ પા.પુ. બોર્ડ દ્વારા છેલ્લા ચાર દિવસમાં કટકે કટકે ફક્ત ૮૦ થી ૮૫ લાખ લીટર પાણી અપાતા પાણીની સ્થિતિમાં કોઈ સુધારો થવા પામ્યો નથી. પાણીની અછત માટે ચોક્કસ આયોજનનો અભાવ પણ કારણભૂત હોવાનું માનવામાં આવી રહ્યું છે. ઓઝત વિયર ડેમમાં પુષ્કળ જળ રાશિ ઉપ્લબ્ધ હોવા છતાં યોગ્ય કેપેસીટીની લાઈન નખાયેલ ન હોવાથી પુરતા પ્રમાણમાં પાણીનો જથ્થો મળી શકતો નથી. પરિણામે પાણીની સમસ્યા વકરે છે. હાલ તો એક તરફ રાજકીય નેતાઓ ચૂંટણી પ્રચારમાં વ્યસ્ત બની પરસેવો પાડી રહ્યા છે તો પ્રજા પાણી માટે વલખાં મારી રહી છે. ત્યારે જી.કલેકટરના આદેશની અસરકારક અમલવારી થાય અને પાણીની સમસ્યા હળવી બને તેવી લોકોમાંથી માંગ ઉઠી છે.

# ગીર સોમનાથમાં ''રૂપાલા હાય હાય...કમલ કા ફૂલ હમારી ભૂલ...''ના આક્રોશભેર સુત્રોચ્ચાર




સુત્રાપાડામાં ક્ષત્રિય સમાજ દ્વારા ભાજપ વિરૂધ્ધ મતદાનના શપથ લેવાયા

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ તા.૨૯

ક્ષત્રિય સમાજનો પ્રથમ રૂપાલા સામેનો રોષ હવે પાર્ટ ટુ માં ભાજપ સામે પણ જોવા મળી રહ્યો છે. ક્ષત્રિય સમાજ દ્વારા ભાજપ વિરુદ્ધ પણ આંદોલન પાર્ટ ટુ શરૂ કરવામાં આવ્યું છે. ત્યારે ગીર સોમનાથ જિલ્લામાં પણ આ આંદોલનની અસર જોવા મળી રહી છે. જિલ્લાના ઉના અને સુત્રાપાડા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં ક્ષત્રિય સમાજના સમુદાય દ્વારા ભાજપ વિરુદ્ધ મતદાનના શપથ લેવામાં આવ્યા હતા. તો રૂપાલા હાય હાય... કમલ કા ફૂલ હમારી ભૂલ ના નારા પણ લગાવવામાં આવ્યા હતા.રાજકોટ લોકસભાના ઉમેદવાર પુરષોતમ રૂપાલા દ્વારા ક્ષત્રિય સમુદાય વિશે કરાયેલ વિવાદિત નિવેદનના કારણે ક્ષત્રિય સમાજમાં ઉઠેલો રોષ દિન પ્રતિદિન ઘેરો બની રહ્યો છે. પ્રથમ પુરષોતમ રૂપાલાની ઉમેદવારી પરત ખેંચાયની માંગ ન સંતોષાતા ક્ષત્રિય સમજે હવે ભાજપ સામે જ મોરચો માંડી દીધો છે. આગામી લોકસભા ચૂંટણીમાં ભાજપ વિરુદ્ધ મતદાનનું એલાન કરી દેવામાં આવતા ઠેર ઠેર ક્ષત્રિય સમાજનો ભાજપ સામેનો આક્રોશ જોવા મળી રહ્યો છે. ક્ષત્રિય સમાજના ભાજપ સામે ના આંદોલનની અસર સોરઠના ગીર સોમનાથ જીલ્લામાં પણ જોવા મળી છે. ઉના તાલુકાના કણકબરડા ગામે અને સુત્રાપાડાના મોરાસા ગામે ક્ષત્રિય સમુદાય દ્વારા એકઠા થઈ જાહેરમાં ભાજપ વિરુદ્ધ મતદાનના સામુહિક શપથ લેવામાં આવ્યા હતા તો સુત્રાપાડા ના મોરાસામાં તો કોંગ્રેસમાં મતદાન કરવાનું જાહેર કરાયું હતું અને આક્રોશ ભેર રૂપાલા હાય હાય... અને કમલ કા ફૂલ હમારી ભૂલના સૂત્રોચ્ચાર પણ કરાયા છે. ક્ષત્રિય સમાજનું ભાજપ સામેનું આક્રમક વલણ ભાજપના ઉમેદવાર માટે જોખમ જરૂરથી ઉભું કરી શકે તેવું રાજકીય વર્તુળમાં ચર્ચાઈ રહ્યું છે.


# ચૂંટણીના પ્રચારમાં થયેલી આચારસંહિતા ભંગ બાબતે સૌનુ મૌન

(વિનુ પુરોહીત દ્વારા)

વિસાવદર તા.૨૯

લોકસભાની ચૂંટણીના પ્રચારમાં જોવા મળેલી આચારસંહિતા ભંગ માટે હજુ કોઈ નક્કર પગલાંઓ જવાબદાર અધિકારી પાસેથી લેવામાં આવ્યા છે કે પછી કોઈ પાછળના બારણે બધું ચાલી રહ્યું છે તે બાબતે જનતામાં વિસંમજ ચાલી રહ્યું છે.સતાપક્ષ કે વિરોધપક્ષ બંનેના નેતાઓ કેટલાક આગેવાનોએ કરેલા નિવેદનો અંગે પોતાની પ્રતિક્રિયા કેમ નથી આપતા તે બાબતે સમગ્ર વિસાવદર તાલુકાનાં લોકો અચરજમાં છે. વિસાવદરમા મામલતદાર ઓફીસ કે પ્રાત કચેરીમાથી નિમણૂક પામેલા ચૂંટણી અધિકારી દ્વારા કોઈ નક્કર કાર્યવાહી થયેલ છે કે નહીં તે પણ સંશોધનનો વિષય છે.લોકો એમ પણ કહી રહ્યા છે કે સરકારી બાબુઓને એ.સી. ઓફીસમાં જ બેસવામાં વધુ રસ છે અથવા મોટી મોટી આયોજન વગરની મીટીંગો માં જ રસ છે.નેતાઓના વાણી વિલાસ ને કારણે નાગરિકો વચ્ચે ફેલાતા વિસંગતતાઓ અંગેની ચિંતા જન અધિકારીઓને ક્યાં છે.એમ પણ ચર્ચામાં છે કે તાલુકાના બે અગ્રણી નેતા અથવા અધિકારીઓ વચ્ચે ભારે તંગદિલી ફેલાઈ છે.જે આવનારા દિવસોમાં બહાર આવી શકે છે.વિસાવદરની જનતા માટે દરેક ચૂંટણી કોઈ નવો પડકાર અને નવા સમીકરણો રચે છે.

# જૂનાગઢ મયારામ દાસજી આશ્રમ ખાતે ચંદ્રકાલેશ્વર મહાદેવ મંદિરનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો







દાતા ચંદ્રિકાબેન નાનજીભાઈ જોશી-રાજકોટ તરફથી રૂા.૧૧,૧૧,૧૧૧નું મંદિરના નવ નિર્માણ પેટે અનુદાન મળ્યું

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૯

જૂનાગઢના ગિરનાર દરવાજા પાસે આવેલ અતિપૌરાણીક જગ્યા જે ૧૦૦ વર્ષ જૂની ગણાય છે. તે મયારામ દાસજી આશ્રમ જેમાં અનાથ બાળકો અને આર્થિક રીતે નબળા વર્ગના બાળકો વિદ્યાર્થી તરીકે અહીં રહે છે. આ સંસ્થામાં આજરોજ તા.૨૬-૪-૨૪ના દાતા ચંદ્રિકાબેન નાનજીભાઈ જોશી - રાજકોટ હસ્તે ભરતભાઈ લાખાણી દ્વારા ચંદ્રકાલેશ્વર મંદિરના નિર્માણ માટે રૂા.૧૧,૧૧,૧૧૧નું અનુદાન મળતા આ મંદિરનું ભવ્ય રીતે બાંધકામ પૂર્ણ થતા ભગવાન ભોળાનાથની લિંગમાં વેદોક્ત મંત્રોચ્ચાર કરી પ્રાણપૂરી અને દિવ્ય તેજોમય રૂપમાં પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો હતો. આ મંદિર પૂર્ણ થતા જૂનાગઢની ધર્મપ્રેમી જનતાને રૂદ્રાભિષેક, લુદરી, દર્શન તેમજ સારામાઠા પ્રસંગોએ પુજા વિધી, હવન - યજ્ઞ અને ધાર્મિક કામો માટે લોકોને ઉપયોગી બને તેવા ઉમદા હેતુથી આ મંદિરનું નિર્માણ સત્યમ સેવા યુવક મંડળના સહકાર અને માર્ગદર્શન હેઠળ તૈયાર કરવામાં આવેલ છે. ચંદ્રકાલેશ્વર મંદિરના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવના મુખ્ય શાસ્ત્રીજી તરીકે આચાર્ય પદે રવિભાઈ દવે બિરાજમાન હતા. જેમાં મયારામ દાસજી આશ્રમના ટ્રસ્ટીઓ રામનારાયણ બાપુ, મગનભાઈ બોરીચાંગર, મનસુખભાઈ વાજા, હરશુખભાઈ ત્રિવેદી, વિજયભાઈ કિકાણી, ગૃહપતિ ભુપતભાઈ તથા આશ્રમના વિદ્યાર્થીઓ ઉપરાંત શ્રી ગાયત્રી મંદિરના મેને. ટ્રસ્ટી નાગભાઈ વાળા, અજીતભાઈ ગોધવાણી, પુષ્પાબેન પરમાર, સુશીલાબેન શાહ, વર્ષાબેન બોરીચાંગર અને રમાબેન બેસ ઉપસ્થિત રહ્યા હતા. પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવના પ્રસંગને સફળ બનાવવા માટે મનસુખભાઈ વાજા, અરવિંદભાઈ મારડિયા, બટુક બાપુ, કમલેશભાઈ પંડ્યા, શાંતાબેન બેસ, અલ્પેશભાઈ પરમાર, પ્રવીણભાઈ જોશી, ચંપકભાઈ જેઠવા, મુકેશગીરી મેઘનાથી, કે.કે. ગોસાઈ, મનહરસિંહ ઝાલા, રણછોડભાઈ ગોડફાડ, મનોજભાઈ સાવલિયા અને કમલેશભાઈ ટાંક દ્વારા જહેમત ઉઠાવી આ પ્રસંગને પૂર્ણ કરવામાં આવ્યો હતો.

### પ્રત્યેક વોટ માટે ચૂંટણી પંચની પ્રતિબદ્ધતા
# વયોવૃદ્ધ અને દિવ્યાંગ મતદારોએ પોસ્ટલ બેલેટથી ઘરે બેઠા કર્યું મતદાન

જૂનાગઢ તા.૨૯

ચૂંટણી તંત્ર જૂનાગઢ જિલ્લાના વયોવૃદ્ધ અને દિવ્યાંગ મતદારોના વોટ લેવા માટે તેમનાં ઘરે ઘરે જઈ રહ્યું છે. જિલ્લાના પાંચે ય વિધાનસભા મતવિસ્તારમાં આ હોમ વોટિંગ અંતર્ગતની કામગીરી કરવામાં આવી રહી છે.

ઈલેક્શન કમિશન ઓફ ઈન્ડિયા એક પણ મતદાતા મતાધિકારના ઉપયોગથી વંચિત ન રહે તે માટે પ્રતિબદ્ધ છે. ત્યારે આ નેમ અનુસાર વયોવૃદ્ધ એટલે કે ૮૫થી વધુ ઉંમરના અને દિવ્યાંગ મતદારોને ખાસ હોમ વોટિંગની સુવિધા આપવામાં આવે છે. જે અંતર્ગત જિલ્લાની ૫ વિધાનસભા મતવિસ્તારમાં વયોવૃદ્ધ અને દિવ્યાંગ મતદારોએ પોસ્ટલ બેલેટથી ઘરે બેઠા મતદાન કર્યું હતું.

જિલ્લામાં ટૂંક સમયમાં આ હોમ વોટીંગની પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવશે.


આ મતદાન પ્રક્રિયા માટે મતદાન અધિકારી, મદદનીશ મતદાન અધિકારી, માઈક્રો ઓબ્ઝર્વર અને સુરક્ષાકર્મી ટીમ દ્વારા કરવામાં આવે છે. આ મતદાનની પ્રક્રિયા પારદર્શી પૂર્ણ કરવા માટે વિડીયોગ્રાફી પણ કરવામાં આવે છે.

જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર શ્રી અનિલકુમાર રાણાવસિયાના માર્ગદર્શનમાં જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા વિવિધ ચૂંટણીલક્ષી કામગીરીની સાથે હોમ વોટીંગ સવલત અંતર્ગત વયોવૃદ્ધ અને દિવ્યાંગ મતદારોના મત લેવા માટે ઘરે ઘરે જઈ રહ્યું છે. આમ, પ્રત્યેક વોટ માટે ચૂંટણી પંચની પ્રતિબદ્ધતા છે. ૮૫-માણાવદર વિધાનસભા મતવિસ્તારમાંથી હોમ વોટીંગની સવલતનો લાભ મેળવવા માટે નિયત નમુના ફોર્મ -૧૨ડી વયોવૃદ્ધ અને દિવ્યાંગ મતદાનરોની ૧૦૪, તેવી જ રીતે ૮૬- જૂનાગઢમાં ૨૨૨, ૮૭- વિસાવદરમાં ૧૯૪, ૮૮ કેશોદમાં ૧૧૧ અને ૮૯- માંગરોળમાં ૧૯૪ અરજીઓ મળી હતી. ટૂંક સમયમાં આ હોમ વોટીંગ ની પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવશે.

### અવસાન નોંધ

વેરાવળ : સ્વ.જેન્તીલાલ મંગલજી ચંદેના પત્ની મુક્તાબેન (ઉ.વ.૯૦) તે, ધીરુભાઈ, સ્વ.કિશોરભાઈ, મુકેશભાઈ (બાવ), રમેશભાઈ (અતુલભાઈ), રંજનબેન વિનોદભાઈ નાગ્રેચા (જૂનાગઢ), નીતાબેન જગદીશભાઈ ફોફંડી ( વેરાવળ) ના માતુશ્રી તથા પુનિતભાઈ (મસ્કત), અમિત (લાલો), સાગર, નીલના દાદીમાં તથા વશરામભાઈ ધરમશીભાઈ પોપટ ( લુશાળા વાળા)ની પુત્રીનું તા.૨૭ ને શનિવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદગતનું ઉઠમણું અને પીયર પક્ષની સાદડી તા.૨૯ ને સોમવારે સાંજે ૪ થી ૫ વાગ્યે લોહાણા મહાજન વંડી, સટ્ટાબજાર વેરાવળ ખાતે રાખેલ છે.

### જમાનો કેવો સારો આવ્યો છે, સાહેબો ઘરે બેઠા મત લેવા આવે છે
# હોમ વોટીંગની ચૂંટણી પંચની સુવિધાને સરાહના કરતા વયોવૃદ્ધ મતદારો



જૂનાગઢ તા.૨૯

ચૂંટણી પંચ દ્વારા વયોવૃદ્ધ એટલે કે, ૮૫ વર્ષથી વધુ ઉંમરના અને દિવ્યાંગ મતદારોને ઘર બેઠા મતદાન કરવાની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે, ત્યારે આજે જૂનાગઢના ટીંબાવાડી વિસ્તારમાં રહેતા ૯૭ વર્ષના નંદુબેન નંદવાણીએ ઘર બેઠા મતદાન કરવાની આ સવલતનો લાભ મેળવ્યો હતો. તેમણે આ હોમ વોટીંગની સવલતને સરાહના કરતાં કહ્યું કે, જમાનો કેવો સારો આવ્યો છે, સાહેબો ઘરે બેઠા મત લેવા માટે આવે છે, ઉંમરની અવસ્થાના કારણે ચલાઈ તેમ નથી. ત્યારે આ સુવિધાના લીધે ઘરે બેઠા મતદાન કરી શકીએ છીએ અને મતદાન મથક સુધી જવું પડતું નથી. તેવા જ એક ૯૫ વર્ષના મતદાતા રંભાબેન ભલાણી જણાવે છે કે, ઉંમરના આ પડાવે ચાલવું મુશ્કેલ છે. ત્યારે ઘર બેઠા મત આપવાની ખૂબ સારી સગવડ છે. તેમણે લોકશાહીના આ મહાપર્વમાં અન્ય મતદારોને પણ જરૂર મતદાન કરવા માટે અપીલ કરી હતી.

# જૂનાગઢમાં મોબાઈલ ફ્લેશલાઈટ ચાલુ રાખી અચૂક મતદાન કરવા માટે સંકલ્પબદ્ધ થતા મતદારો



જૂનાગઢ તા.૨૯

જૂનાગઢમાં બાયપાસ રોડ પર આવેલ ડી માર્ટ મોલ ખાતે મોબાઈલ ફ્લેશલાઈટ ચાલુ રાખી તા.૭મી મે એ અચૂક મતદાન કરવા માટે લોકો સંકલ્પ બદ્ધ થયા હતા.

જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર શ્રી અનિલ કુમાર રાણાવસિયાના માર્ગદર્શનમાં મતદાન જાગૃતિ અર્થે જિલ્લાભરમાં રચનાત્મક કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે. જેમાં મતદારો સહભાગી બની અચૂક અવશ્ય મતદાન કરવા માટે પ્રતિજ્ઞા કરી રહ્યા છે.

જૂનાગઢના ડી માર્ટ મોલ ખાતે પણ એક મતદાન જાગૃતિ અર્થે આગવો કાર્યક્રમ યોજવામાં આવ્યો. જેમાં ખરીદી કરવા આવતા લોકો પણ મતદાન જાગૃતિના કાર્યક્રમમાં સહભાગી બન્યા હતા. અહીં લોકોએ મોબાઈલ ફ્લેશ લાઈટ ચાલુ રાખી લોકશાહીના મહાપર્વમાં અવશ્ય મતદાન કરવાની સાથે અન્ય મતદારોને પણ મતદાન કરવા માટે પ્રોત્સાહિત કરવા માટે સંકલ્પ લીધો હતો. ઉપરાંત લોકોને ચૂંટણી તંત્ર દ્વારા મતદાન જાગૃતિ અર્થેની પત્રિકાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે શ્રી વિરલ જોશી અને મહાનગરપાલિકાની ટીમે જહેમત ઉઠાવી હતી.

# ખંભાળિયા નગરપાલિકા દ્વારા કરાતા (કથિત બિનજરૂરી) ખર્ચાના હિસાબો રજૂ કરવા માંગ

## આવક અને ખર્ચાની વિગતનો હિસાબ આપો: સફાઈ કામદાર મહામંડળ


જામ ખંભાળિયા, તા.૨૭

ખંભાળિયા નગરપાલિકા દ્વારા તાજેતરમાં મહેકમ ખર્ચમાં વધારો થવાના કારણે પાલીકાના કર્મચારીઓને મળવા પાત્ર સાતમા પગાર પંચનો વધારો પરત ખેંચવા સત્તાવાહકો દ્વારા કરવામાં આવેલા હુકમ બાદ ગુજરાત સફાઈ કામદાર મહામંડળ દ્વારા ચોક્કસ અધિનિયમ હેઠળ નગરપાલિકાના ખર્ચના હિસાબો આમ જનતાની જાણકારી અર્થે પ્રસિદ્ધ કરવા માટેની માંગ કરવામાં આવી છે. ખંભાળિયા નગરપાલિકા દ્વારા કરવામાં આવેલા વિવિધ પ્રકારના ખર્ચાઓના કારણે નગરપાલિકાનું મહેકમ ખર્ચ વધી ગયું હોવાનું જણાવી અને ચીફ ઓફિસર દ્વારા પાલિકાના કર્મચારીઓને સાતમા વેતન પંચ મુજબના પગારો પરત ખેંચવા અંગેનો દફતરી હુકમ કરાયો હતો. જેની સામે ગુજરાત સફાઈ કામદાર મહા મંડળના નેજા હેઠળ કર્મચારીઓએ હાઈકોર્ટમાં જઈ અને આ હુકમ સામે મનાઈ હુકમ મેળવ્યો હતો અને આ જ્યુડીશીયલ મેટર હાલ ગુજરાત હાઈકોર્ટમાં ચાલી રહી છે. આ વચ્ચે ગુજરાત સફાઈ કામદાર મહામંડળના પ્રદેશ મહામંત્રી રમેશ વાઘેલાએ નગરપાલિકાના ચીફ ઓફિસરને એક લેખિત પત્ર પાઠવી અને ખંભાળિયા નગરપાલિકાના વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન ત્રિમાસિક તથા વાર્ષિક આવક અને ખર્ચના હિસાબો ગુજરાત નગરપાલિકા અધિનિયમની ચોક્કસ કલમની જોગવાઈ હેઠળ નગરજનોની જાણકારી અર્થે પ્રસિદ્ધ કરવાની માંગ કરી છે. નગરપાલિકામાં મહેકમ ખર્ચ વધવાના કારણો જાણવાનો નગરપાલિકાના કર્મચારીઓને પણ બંધારણીય અધિકાર છે તેમ જણાવી અને ઉપરોક્ત હિસાબો ત્વરિત પ્રસિદ્ધ કરવામાં આવે અને તે અંગેની જાણ મહા મંડળને કરવા પણ વધુમાં જણાવાયું છે.

# માણાવદરમાં પૂ.નેહાલગીરીબાપુના હસ્તે દ્વારકાધીશ કોમ્પ્યુટર સેલ્સ સર્વિસનું ઉદઘાટન કરાયું

## આઈટી ક્ષેત્રે બીનહરીફ કામગીરી કરતા વૈભવ છત્રાળાની યશ કલગી

(પ્રતિનિધિ દ્વારા)



માણાવદર, તા.૨૯

માણાવદરમાં છેલ્લા ઘણા સમયથી આઈટી ક્ષેત્રે નામ ધરાવતા વૈભવ છત્રાળાએ કોમ્પ્યુટર અને લેપટોપ ક્ષેત્રે ઉંડુ જ્ઞાન ધરાવે છે તેઓના નવા દ્વારકાધીશ કોમ્પ્યુટર સેલ્સ એન્ડ સર્વિસનું સુપ્રસિધ્ધ મહંતશ્રી પૂ.નેહાલગીરીબાપુના હસ્તે ભવ્ય ઉદઘાટન કર્યું હતું.

વૈભવ છત્રાળા છેલ્લા ઘણા સમયથી આઈટી ક્ષેત્રે બીનહરીફ કામગીરી કરી છે. આ યશકલગીમાં વધુ એક શોપન સર કર્યું છે. આ પ્રસંગે પૂ.નેહાલગીરીબાપુએ આર્શીવચન પાઠવ્યા હતા. હવે માણાવદર તાલુકા જ નહીં બાંટવા, કુતિયાણા, ઘેડ સહીતના લોકોને આઈટી ક્ષેત્રે કોમ્પ્યુટર, લેપટોપની સર્વિસ અને સેલ્સની સુવિધા માધવ આર્કેડ પોસ્ટ ઓફીસ પાસે મળશે. આ પ્રસંગે અનેક લોકો ઉપસ્થિત રહ્યા હતા.

# દિલ્હીના સીએમ અને મંત્રીઓ પાસે ૩૦૦૦થી વધુ ફાઈલો પેન્ડિંગ

## ત્રણ હજારથી વધુ ફાઈલો વિવિધ મંત્રીઓ તેમજ મુખ્યમંત્રી પાસે ઘણા વર્ષોથી પડતર છે



નવી દિલ્હી, તા.૨૯

ભારતીય જનતા પાર્ટી ના દિલ્હી યુનિટે અરવિંદ કેજરીવાલ સરકાર પર આરોપ લગાવ્યો છે કે કેજરીવાલ સરકાર પાસે ત્રણ હજારથી વધુ ફાઈલો પેન્ડિંગ છે. સરકારની ટીકા કરતા ભાજપે આક્ષેપ કર્યો હતો કે તે 'શાસન અંગે ચિંતિત નથી' કારણ કે મહત્વના કામોને લગતી ત્રણ હજારથી વધુ ફાઈલો વિવિધ મંત્રીઓ તેમજ મુખ્યમંત્રી પાસે ઘણા વર્ષોથી પડતર છે. આપએ આ આરોપને ખોટો ગણાવ્યો છે.ન્યૂઝ એજન્સી અનુસાર, બીજેપીના દિલ્હી યુનિટના અધ્યક્ષ વીરેન્દ્ર સચદેવાએ કહ્યું, 'કેજરીવાલ સરકાર વહીવટ અને શાસન માટે નથી પરંતુ પ્રચાર અને ભ્રષ્ટાચાર માટે છે અને તેના વિવિધ વિભાગોમાં પેન્ડિંગ ૩,૦૬૦ ફાઈલોથી આ સ્પષ્ટ છે. આ ઉપરાંત મહત્વના કામોને લગતી ૪૨૦ ફાઈલો મુખ્યમંત્રીના કક્ષાએ પેન્ડીંગ છે.કથિત સત્તાવાર દસ્તાવેજોની નકલો બતાવતા સચદેવાએ દાવો કર્યો હતો કે મુખ્યમંત્રીના સ્તરે પેન્ડિંગ ફાઈલ 'ગરીબ સંજીવની આયુષ્માન યોજના' હતી, જેમાં દિલ્હી લોકાયુક્તની સત્તામાં વધારો, દિલ્હીની જળ નીતિની ફાઈલ સાત વર્ષથી પેન્ડિંગ, અનધિકૃત કોલોનીઓના વિકાસ અને યમુનાની સફાઈ એસટીપીના બાંધકામ સાથે સંબંધિત છે.તેમણે આરોપ લગાવ્યો, 'પેન્ડિંગ ફાઈલ દર્શાવે છે કે આ સરકારને કામની ચિંતા ઓછી છે અને પ્રચાર અને ભ્રષ્ટાચારમાં વધુ રસ છે. તેમ છતાં તેઓ દિલ્હીની સેવા કરવાનો દાવો કરે છે.આપના દિલ્હી યુનિટ સેક્રેટરી રીના ગુપ્તાએ એક નિવેદનમાં વળતો પ્રહાર કરતા કહ્યું કે ભાજપે 'પાયાવિહોણા જૂઠાણાંનો આશરો લીધો' અને તેની પ્રેસ કોન્ફરન્સમાં દર્શાવવામાં આવેલા દસ્તાવેજો 'કડક' હતા. તેમણે આરોપ લગાવ્યો, 'ભાજપે જે પણ નકલી દસ્તાવેજો રજૂ કર્યા છે તે તેમના બનાવટી જૂઠાણા છે. શરમજનક રીતે ભાજપે ફાઈલો રજૂ કરીને દિલ્હીની જનતાને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કર્યો છે જેમાં કામ પૂર્ણ થઈ ગયું છે.બીજેપીના દિલ્હી યુનિટના સચિવ હરીશ ખુરાનાએ આરોપ લગાવ્યો કે આપ સરકારની સાથે શાસક પક્ષના નેતાઓ પણ આરોપ લગાવી રહ્યા છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને દિલ્હીના લેફટનન્ટ ગવર્નર તેમને કામ કરવા દેતા નથી. પરંતુ તે ઘણા વર્ષો સુધી મહત્વની ફાઈલો દબાવી રાખતો હતો. તેમણે દાવો કર્યો હતો કે દિલ્હીમાં સ્પોર્ટ્સ યુનિવર્સિટીની સ્થાપના માટે જમીન સંપાદન સંબંધિત ફાઈલ ફેબ્રુઆરી ૨૦૧૬થી પેન્ડિંગ છે.

# સંખેડામાં ડાકણનો આરોપ મુકનારાનો પર્દાફાશ, વૃદ્ધાને ડાકણનો આરોપ મુકનારાએ માંફી માંગી કરાયો

## વૃદ્ધા, મહિલા નિર્દોષ સાબિત ભોઇ પરિવારના ૪ ઈસમોને કાયદાનું ભાન થયું





અમદાવાદ, તા.૨૯

અમદાવાદ સંખેડા ભોઈવાળામાં રહેતા વૃધ્ધા મહિલા ઉપર, ધુણીને ડાકણનો આરોપ મુકનારાનો ભારત જન વિજ્ઞાન જાથા ની ટીમે પોલિસ સ્ટેશનની મદદથી સફળ પર્દાફાશ કર્યો હતો મફતભાઈ ખોડાભાઈ પરિવાર ના ચાર સદસ્યો એ માફી માંગી લેવાથી મામલો થાળે પડ્યો હતો લોકો ના ટોળે ટોળા ઉમટી પડ્યા હતા ડાકણ શબ્દ પ્રોયોગ કરનારા પરિવારે માફી પત્ર સાથે કબૂલાતનામું આપી દીધું હતું. બનાવની વિગત પ્રમાણે રાજકોટ કર્યાલયે પીનલ નવીનભાઈ ભોઈ એ રૂબરૂ આવી આપવીતી માં જણાવ્યું કે મારી માતા મમતાબેન દાદીમાં સવિતાબેન ને અમારા કુટુંબી જનની પુત્રવધુ યોગીની એ ધુણી ને ડાકણ છે તેવું જાહેર કરતા અમારે જીવવું દુસ્કર બની ગયું છે. દાદી માં વારમંવાર મોત માંગી લેવા ઉપચારણો કરે છે અમો નિર્દોષ છીએ અમોને ખબર નથી છતાં છેલ્લા ત્રણ ચાર વર્ષ થી માનસિક પરેશાન છિયે પ્રસંગો એ જવું મુશ્કેલ બની ગયું છે માતા વારમંવાર આપઘાત નો વિચાર કરે છે. ઘરમાં અજુગતું બને તે પહેલા વિજ્ઞાન જાથા ખોટો આરોપ મુકનારાઓ ને ખુલ્લા કરે તેવી રજુઆત કરવામાં આવી હતી પીનલભાઈ એ આરોપ મુકનારામાં મફતભાઈ ખોડાભાઈ ભોઇ, ભગવતીબેન ભોઈ, વિજયભાઈ ભોઈ, ધુણતી યોગીનીબેન ના નામો આપ્યા હતા. ભવિષ્યમાં બીજો પરિવાર હેરાન ન થાય તેવી જાથા પાસે રજુઆત કરી હતી ધુણતી યોગીની માથાભારે બહુ છે પરિવારજનોને હેરાન કરે છે ખોટા નામો આપીને નિર્દોશ ને હેરાન કરવાનું કામ કરે છે. વિજ્ઞાન જાથાએ ખરાઈ કરવા ભાનુબેન ગોહિલ, અંકલેશ ગોહિલ, ને રૂબરૂ મોકલતા સઘળી હકીકત સાચી નિકળી હતી. જાથાએ છોટા ઉદયપુર જિલ્લા પોલીસવડા, ઉચ અધિકારીઓને પત્ર પાઠવી પોલીસ બંદોબસ્ત ની માંગણી કરતાં સંખેડા પોલીસ સ્ટાફ ફાળવી દિધો હતો. જાથાના જયંત પંડ્યાના વડપણ હેઠળ સાહિલ રાજદેવ, પ્રકાશ મનસુખભાઈ, અંકલેશ ગોહિલ, ભાનુબેન ગોહિલ, સ્થાનિક કાર્યકરો સંખેડા પોહચી ગયા, ત્યાં નવીનભાઈ ખોડાભાઈ ભોઈ, મમતાબેન, રોહિણીબેન, આદર્શભાઈ, ખોડાભાઈ દલપતભાઈ, ધનુંબેન ખોડાભાઈ, વૃદ્ધા સવિતાબેન મળ્યા હતા. જરૂરી આધાર પુરાવા મેળવ્યા હતા. સંખેડા પોલીસ સ્ટેશન માંથી હેડ કોન્સ્ટેબલ ધર્મેન્દ્રભાઈ, કરમતભાઈ, હેડ કોન્સ્ટેબલ રાજેશભાઈ અબાલાલભાઈ, પોલીસ કોન્સ્ટેબલ મહેશભાઈ બાબુભાઈ, પોલીસ કોન્સટેબલ કોમલબેન રણવીરસિંહ, હેડ કોન્સ્ટેબલ રાયસંગભાઈ સહિત સ્ટાફ ભોઈવાળામાં પહોંચીગયો. ડાકણનો આરોપ મૂકનાર પરિવારના ચારેય સદસ્યોને રૂબરૂ મળી. પરિસ્થિતિથી વાકેફ કર્યા લોકોના ટોળેટોળાં ઉમટી પડ્યા. મફતભાઈ, વિજયભાઈ, ભગવતીબેન, ધુણતી યોગિની પરિસ્થિતિ પામિજતા ભૂલ કબૂલી માફી માંગવા લાગ્યા. ડાકણ શબ્દ બદલ વારંવાર જાથાના ખુંટનીએ પડી ગયા. વૃદ્ધા, મહિલાની માંફી માગી લીધી, માંફી પત્ર-કબુલાતનામાં માં સહી કરી દીધી હતી, ધુણતી યોગીની વારમાં વાર રડતી હતી, જાથા એ સાંત્વના આપી હતી, મફતભાઈઓના ભાઈઓએ એકવાર માંફી આપવા રજુ આત કરી હતી, ભવિષ્યમાં મફતભાઈ પરિવાર કદી ડાકણ શબ્દ બોલશે નહી તેવી ખાત્રી આપી હતી, જાથાના એડવોકેટ ચેરમેન જયંત પંડ્યાએ ડાકણ શબ્દ બોલવો એ કાનુની ગુનો બને છે. મહિલા ઉપર ખોટો આરોપ મૂકવો કાનુની ગુનો બને છે. તેની સમજ આપી હતી, ચારેય આરોપ મુકનારાને કાયદાનું ભાન જાથા એ કરાવ્યું હતુ પોલીસે સુલેહ શાંતિના પગલા ભરવાની કાયેવાહી કરી, જાથાએ જિલ્લા પોલીસવડા, આઈ.જી.પી.નો આભાર માન્યો હતો. જિલ્લા એલ.આઈ.બી, જિલ્લા કટ્રોલ, સંખેડા પોલીસ સ્ટાફે મદદ કરી હતી, આસપાસ વિસ્તારમાં જાથાની ખબર પડતા દોરા-ધાગા કરનારામાં સોંપો પડી ગયો હતો, રાજ્યમાં ખોટો આરોપ મુકનારા સામે જાથા કાનુની કાર્યવાહી કરશે તેવી જાહેરાત કરી હતી, સંખેડા પોલીસને વિશેષ અભિનંદન પાઠવ્યા હતા.

# પાકિસ્તાનની સરકારને ભારતનું ઉદાહરણ કેમ આપવામાં આવ્યુ

## ભારત સાથે સંબંધો બગાડીને પાકિસ્તાને ખોટનો સોદો કર્યો છે અને ત્યાંના લોકો આ વાત સારી રીતે સમજે છે

લાહોર, તા.૨૯

પાકિસ્તાનના ઉદ્યોગપતિઓ બાદ હવે ત્યાંના રાજકીય વિશ્લેષકોએ શહેબાઝ શરીફ સરકારને ભારત સાથે સંબંધો સુધારવાની માંગ કરી છે. વિશ્લેષકોનું કહેવું છે કે દેશમાં આર્થિક સ્થિરતા લાવવા માટે ઉદ્યોગપતિઓની વાતોને અનુસરીને ભારત સાથે વાતચીત શરૂ કરવી પડશે. તેમણે કહ્યું કે ભારતીય ઉદ્યોગપતિઓ વડાપ્રધાન મોદીથી ખુશ છે, તેથી જ તેઓ ત્રીજી વખત પીએમ બનવા જઈ રહ્યા છે.પાકિસ્તાની ચેનલ એક્સપ્રેસ ન્યૂઝ ઉપર 'એક્સપર્ટ્સ' ટોક શોમાં બોલતા પાકિસ્તાની અખબાર 'ધ એક્સપ્રેસ ટ્રિબ્યુન'ના મુખ્ય સંપાદક નાવેદ હુસૈને કહ્યું કે આર્થિક સ્થિરતા માટે રાજકીય સ્થિરતા ખૂબ જ મહત્વપૂર્ણ છે. તેમણે શાહબાઝ શરીફ સરકારને દેશમાં રાજકીય સ્થિરતા જાળવવા માટે અદિયાલા જેલમાં બંધ ઈમરાન ખાન સાથે વાત કરવાની સલાહ આપી હતી.

ડેઈલી એક્સપ્રેસ'ના ગ્રુપ એડિટર અયાઝ ખાને પાકિસ્તાનના મોટા ઉદ્યોગપતિ આરિફ હબીબે વડાપ્રધાન શાહબાઝ શરીફને આપેલા સૂચનોને સમર્થન આપ્યું હતું. વિદેશ મંત્રી ઈશાક ડારના નિવેદનને ટાંકીને તેમણે કહ્યું કે સરકાર ભારત સાથે વાતચીત કરવા ઈચ્છુક છે અને શાહબાઝ શરીફ આ સંબંધમાં સહયોગી દેશો સાથે વાત કરી રહ્યા છે.થોડા દિવસો પહેલા પાકિસ્તાનના વિદેશ મંત્રી ડારે કહ્યું હતું કે તેઓ ભારત સાથે વેપાર સંબંધો પુનઃસ્થાપિત કરવા માટે સંબંધિત પક્ષો સાથે વાત કરી રહ્યા છે.

દેશની અર્થવ્યવસ્થામાં વેપારી સમુદાયના યોગદાનનો ઉલ્લેખ કરતા અયાઝ ખાને કહ્યું, 'કોઈપણ દેશ માટે બિઝનેસ સમુદાય ખૂબ જ મહત્વપૂર્ણ છે. મને યાદ છે કે જ્યારે નરેન્દ્ર મોદી પહેલીવાર ચૂંટાયા હતા, ત્યારે એવું કહેવામાં આવ્યું હતું કે ત્યાંનો વેપારી સમુદાય તેમને લાવ્યો હતો, બીજી વખત પણ અને ત્રીજી વખત પણ, નરેન્દ્ર મોદી વડા પ્રધાન બને તેવી પૂરેપૂરી શક્યતા છે કારણ કે ભારતનો વેપારી સમુદાય તેમનાથી ખુશ છે.

આ અઠવાડિયે, પાકિસ્તાની PMએ દેશના મોટા ઉદ્યોગપતિઓ સાથે બેઠક યોજી હતી જેમાં તેમને તીક્ષ્ણ પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા. તેમને દેશની સ્થિતિ સુધારવા માટે બે જગ્યાએ હાથ મિલાવવાનું કહેવામાં આવ્યું હતું. એક હાથ - જેલમાં બંધ ઈમરાન ખાન અને બીજો હાથ ભારત.આરિફ હબીબ ગ્રૂપના વડા આરિફ હબીબે પીએમ સાથેની મુલાકાત દરમિયાન કહ્યું, 'સત્તામાં આવ્યા પછી તમે કેટલાક લોકો સાથે હાથ મિલાવ્યા છે, જેના સારા પરિણામો આવ્યા છે. અમે ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સાથેના સોદામાં સારી પ્રગતિ કરી છે. હું તમને કેટલાક વધુ લોકો સાથે હાથ મિલાવવાનું સૂચન કરું છું. સૌપ્રથમ, ભારત સાથે વેપાર શરૂ કરો જેનાથી આપણા અર્થતંત્રને ઘણો ફાયદો થશે.

અદિયાલા જેલમાં રહેતા વ્યકિત (ઈમરાન ખાન) સાથે બીજો હાથ મિલાવો. મને ખાતરી છે કે તમે આ કરી શકશો.ઉદ્યોગપતિઓની વાત સાંભળ્યા બાદ શાહબાઝ શરીફે ભારત સાથેના વેપાર અને ઈમરાન ખાન સાથે હાથ મિલાવવાના સંબંધમાં કોઈ સીધો જવાબ આપ્યો ન હતો, પરંતુ એટલું જ કહ્યું હતું કે તેઓ સૂચનોનો અમલ કરશે.શાહબાઝ શરીફની આ રણનીતિ ઉપર અયાઝ ખાન કહે છે કે શાહબાઝ શરીફ સમજદાર વ્યકિત છે અને રાજદ્વારી રીતે જવાબ આપવાનું જાણે છે. તેમણે કહ્યું, 'તે ઉદ્યોગપતિઓના પ્રશ્નોના સીધા જવાબો પણ આપી શક્યા નથી. શેહબાઝ શરીફ ખૂબ જ હોશિયાર છે.

### આગામી ફિલ્મ માટે તેમણે રૂ.૨૮૦ કરોડની ફી નક્કી કરી છે

# એશિયાના સૌથી મોંઘા સ્ટારના લિસ્ટમાં નંબર ૧ ઉપર છે રજનીકાંત

## હિન્દી અને તમિલ-તેલુગુ સહિત અનેક ભામાં ફિલ્મો કરનારા રજનીકાંતની કરિયર ચાર દાયકા કરતાં વધારે જૂની છે



મુંબઈ, તા.૨૯

વિશાળ ફેન બેઝ અને સંખ્યાબંધ હિટ ફિલ્મોનો રેકોર્ડ ધરાવતા સુપરસ્ટાર પણ કરિયરના બે-ત્રણ દાયકા પછી રિટાયર થવાનું વિચારે છે. એક્ટિંગમાં પગ રાખ્યો હોય, પરંતુ સપોર્ટિંગ રોલ પૂરતી જ તેમની નોંધ લેવાતી હોય તેવા કિસ્સા અનેક છે.

નિવૃત્તિની વયમાં પહોંચ્યા પછી પણ શાહરૂખ-સલમાન કે યશ-પ્રભાસ જેવા સ્ટાર કરતાં વધુ ફી મેળવનાર એક માત્ર સુપરસ્ટાર રજનીકાંત છે. હિન્દી અને તમિલ-તેલુગુ સહિત અનેક ભામાં ફિલ્મો કરનારા રજનીકાંતની કરિયર ચાર દાયકા કરતાં વધારે જૂની છે. ઓડિયન્સમાં પેઢીઓ બદલાઈ છે, પરંતુ રજનીકાંતનો જાદુ અકબંધ છે. આ લોકપ્રિયતાના કારણે માત્ર ભારત નહીં, પરંતુ એશિયાના સૌથી મોંઘા સ્ટારની યાદીમાં રજનીકાંત નંબર વન છે. ૭૩ વર્ષના રજનીકાંત આજના સમયમાં સૌથી મોંઘા એક્ટર બનવા જઈ રહ્યા છે. રિપોર્ટ્સ મુજબ, આગામી ફિલ્મ માટે તેમણે રૂ.૨૮૦ કરોડની ફી નક્કી કરી છે. રજનીકાંતને આ ફી મળી જાય તો તેઓ સમગ્ર એશિયામાં સૌથી મોંઘા એક્ટર બનશે. પાન ઈન્ડિયા ફિલ્મોના આ દોરમાં પ્રભાસ, યશ, અલ્લુ અર્જુન, શાહરૂખ અને સલમાન જેવા સ્ટાર્સની બોલબાલા છે. જો કે રજનીકાંતને જે ફી મળવાની છે, તેની સરખામણીએ આ સ્ટાર્સની માર્કેટ વેલ્યુ ઘણી ઓછી કહી શકાય. આગામી ફિલ્મ અંગે કે રજનીકાંતની ફી અંગે ઓફિશિયલ કન્મફર્મેશન આવ્યું નથી. તાજેતરમાં રજનીકાંતે લોકેશ કનગરાજ સાથે 'કુલી'નું શૂટિંગ શરૂ કર્યું છે. અગાઉ થલાઈવર ૧૭૧ તરીકે ઓળખાતી ફિલ્મનું ટાઈટલ 'કુલી' નક્કી થવાની સાથે ટીઝર પણ શેર કરવામાં આવ્યું છે. ફિલ્મના ટીઝરમાં રજનીકાંતે સોનાની ઘડિયાળોની ચેઈન બનાવી ગુંડાઓને ફટકાર્યા છે. 'કુલી'માં રજનીકાંતની સાથે પૃથ્વીરાજ સુકુમારન, રણવીર સિંહ અને પાર્વતી થિરુવોથુ મહત્ત્વના રોલમાં છે. વિજય સેતુપતિ પણ ફિલ્મમાં જોવા મળે તેવી શક્યતા છે. કેમિયો માટે શાહરૂખ ખાન સાથે વાતચીત ચાલી રહી હોવાનું કહેવાય છે. રજનીકાંત હાલ 'વેટ્ટયાન'માં કામ કરી રહ્યા છે. આ ફિલ્મમાં અમિતાભ બચ્ચન, ફહાદ ફાસિલ, રાણા દુગ્ગુબાટી, મંજૂ વારિયર, રિતિકા સિંહ, દુશારા વિજયન કિશોર અને રોહિણી જેવા સ્ટાર્સ પણ છે. રજનીકાંતે જે ફિલ્મ માટે રૂ.૨૬૦થી ૨૮૦ કરોડની ફી નક્કી કરી છે, તે ફિલ્મ અંગે ખાસ વિગતો જાણવા મળી નથી. જેના કારણે આ ફિલ્મ 'થલાઈવર ૧૭૧' એટલે કે 'કુલી' છે કે પછી આગામી સમયમાં સસ્પેન્સ પરથી પડદો ઊંચકાશે.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# લોકસભા ચૂંટણીમાં પણ વંશવાદની અસર

ભારતીય રાજકારણમાં વંશવાદ નવો મુદ્દો નથી, પરંતુ તેનું વધતા જવું મોટા ખતરા તરફ ઈશારો છે. રાજકીય પક્ષો એકબીજા પર પરિવારનો આરોપ લગાવે છે, પરંતુ સત્ય એ છે કે કોઈ કોઈથી પાછળ નથી. પહેલા વડાપ્રધાન જવાહરલાલ નેહરુના કાર્યકાળમાં તેમનાં પુત્રી ઈન્દિરા ગાંધીને આગળ વધારવાની સાથે જ પરિવારવાદનો સવાલ પેદા થયો હતો. ઈન્દિરા વડાંપ્રધાન બન્યા બાદ જે રીતે પહેલાં સંજય અને પછી રાજીવ ગાંધીને આગળ વધારવામાં આવ્યા, ત્યારબાદ તો વંશવાદનો આરોપ કોંગ્રેસ પર સ્થાયી રૂપે લાગુ પડી ગયો. વિટંબણા એ છે કે સૌથી જૂની પાર્ટી કોંગ્રેસને વંશવાદમાં કશી ખરાબી નથી દેખાતી. આશ્ચર્ય નહીં કે કોંગ્રેસ પરિવારોનો સમૂહ વધારે દેખાય છે. સૌથી મોટા લોકતંત્રની વિચિત્રતા જુઓ કે જે પક્ષ અને નેતા વંશવાદ માટે ક્યારેક કોંગ્રેસને કોસતા હતા, તેઓ પોતાની વંશવેલ વધારવામાં કોંગ્રેસ કરતાં ય આગળ નીકળી ગયા. પ્રાદેશિક પક્ષો તો પરિવાર કેન્દ્રિત જ છે, બાકીનાની હાલત પણ અલગ નથી. દેશ માટે નિર્ણાયક ગણાઈ રહેલી ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં પણ વંશવાદ સર્વત્ર છે.

વિકૃતિઓ માટે હંમેશાં ઉત્તર ભારતને જવાબદાર માની લેવામાં આવે છે, પરંતુ ભ્રષ્ટાચારની જેમ જ વંશવાદમાં પણ આખું ભારત એક છે. ઉત્તર પ્રદેશમાં સ્વ.મુલાયમ સિંહ યાદવના પુત્ર અખિલેશ અને પુત્રવધૂ ડિંપલ ઉપરાંત ભાઈ-ભત્રીજાઓ સહિત કેટલાય અન્ય સ્વજન ચૂંટણી મેદાનમાં છે. આકાશ આનંદ બસપા સુપ્રીમો માયાવતીના વારસ ભત્રીજો હોવાને નાતે જ છે. એનડીએમાં સામેલ સંજય નિષાદ અને ઓમપ્રકાશ રાજભરને પોતાના ભાગે આવેલી એક-એક સીટ પર પણ પોતાના પુત્રો કરતાં બહેતર ઉમેદવાર ન મળ્યા. ભાજપી ઉમેદવાર રાજવીર સિંહ પૂર્વ મુખ્યમંત્રી કલ્યાણ સિંહના પુત્ર છે. રક્ષા મંત્રી રાજનાથ સિંહના પુત્ર પંકજ વિધાનસભા ચૂંટણી લડતા રહ્યા છે. બિહારમાં તો લાલુ યાદવના ચૂંટણી લડનારા પરિજનોની વધતી યાદીએ ઈન્ડી ગઠબંધન પર જ સવાલિયા નિશાન લગાવી દીધું છે. ચિરાગ પાસવાનની ઓળખ રામવિલાસ પાસવાનના પુત્ર હોવાની પણ છે. આ કેવો સામાજિક ન્યાય છે, જે પરિવારથી આગળ જોઈ જ નથી શકતો?

રાજસ્થાનમાં પણ વંશવાદે કોઈ કસર નથી છોડી. ભાજપ એક પરિવારમાં એક ટિકિટના તર્કના સહારે પોતાના પરિવારવાદનો બચાવ કરે છે, પરંતુ ધારાસભ્ય વિશ્વનાથ સિંહનાં પત્નીને રાજસમંદથી લોકસભા ટિકિટ આપવામાં આવી છે. જયપુર શહેરમાં ભંવરલાલ શર્માના નિધન બાદ પુત્રી ઉમેદવાર છે. ક્યારેક ત્રીજી ધારાની રાજનીતિના મોટા ચહેરા રહેલા નાથુરામ મિર્ધાની પૌત્રી જ્યોતિ મિર્ધા ભાજપની ટિકિટ પર નાગોરથી ચૂંટણી મેદાનમાં છે તો પૂર્વ મુખ્યમંત્રી વસુંધરા રાજેના પુત્ર દુષ્યંત સિંહ ઝાલાવાડથી ફરીથી ચૂંટણી લડી રહ્યા છે. કોંગ્રેસના કદાવર નેતા રહેલા શીશરામ ઓલાના પુત્ર બૃજેન્દ્ર ઝુંઝુનૂથી ચૂંટણી લડી રહ્યા છે તો પૂર્વ મુખ્યમંત્રી અશોક ગેહલોતના પુત્ર વૈભવ જાલોર-સિરોહીથી મેદાનમાં છે. ઝાલાવાડ-બારા સીટ પર પૂર્વ મંત્રી પ્રમોદ જૈનની પત્ની ઉર્મિલા ઉમેદવાર છે. મધ્ય પ્રદેશમાં પૂર્વ કોંગ્રેસી મુખ્યમંત્રી કમલ નાથના પુત્ર નકુલ નાથ ફરીથી છિંદવાડાથી ચૂંટણી મેદાનમાં છે, તો સીધીથી પૂર્વ મંત્રી ઈન્દ્રજીત પટેલના પુત્ર કમલેશ્વર ચૂંટણી લડી રહ્યા છે. ધારાસભ્ય અભય મિશ્રાની પત્ની નીલમ રીવાથી ઉમેદવાર છે. હિમાચલ પ્રદેશના મંડીમાં કોંગ્રેસે પ્રદેશ અધ્યક્ષ પ્રતિભા સિંહના પુત્ર વિક્રમાદિત્યને ઉતાર્યા છે. હમીરપુરથી ભાજપ ઉમેદવાર અનુરાગ ઠાકુર પૂર્વ મુખ્યમંત્રી પ્રેમકુમાર ધૂમલના પુત્ર છે તો ચંડીગઢથી ઉમેદવાર સંજય ટંડન પણ પંજાબના પૂર્વ મુખ્યમંત્રી બલરામજી દાસ ટંડનના પુત્ર છે. દિલ્હીમાં બાંસુરી સ્વરાજને સુષ્મા સ્વરાજની પુત્રી હોવાના નાતે જ ભાજપની ટિકિટ મળી છે. હરિયાણામાં રતનલાલ કટારિયાના નિધન બાદ તેમની પત્ની બંતોને અંબાલાથી ટિકિટ આપવામાં આવી.

બંગાળમાં મુખ્યમંત્રી મમતા બેનર્જીના ઉત્તરાધિકારી મનાતા તેમના ભત્રીજા અભિષેક ડાયમંડ હાર્બરથી ચૂંટણી લડી રહ્યા છે તો સુવેન્દુ અધિકારીના ભાઈ સૌમેન્દુ અધિકારી કાંથીથી ભાજપના ઉમેદવાર છે. મહારાષ્ટ્રમાં ખુદ વંશવાદના સહારે આગળ આવેલા ઉપ મુખ્યમંત્રી અજિત પવાર હવે પત્ની સુનેત્રાને પણ ચૂંટણી લડાવવા જઈ રહ્યા છે, તો મુખ્યમંત્રી એકનાથ શિંદેનો પુત્ર પણ ફરીથી ચૂંટણી લડી રહ્યો છે. ભાજપી ઉમેદવારોમાં પિયુષ ગોયલ, રક્ષા ખડસે, પંકજા મુંડે, સુજય વિખે પાટિલ સહિત અનેક નામો પરિવારવાદની જ દેણ છે.

કર્ણાટકમાં કોંગ્રેસે કમ સે કમ નવ મંત્રીઓ સહિત ડઝનભર નેતાઓના સંબંધીઓને ટિકિટ આપી છે, જેને મુખ્યમંત્રી સિદ્ધારમૈયા જનતાની માંગ ગણાવી રહ્યા છે! મલ્લિકાર્જુન ખડગે પોતાના પુત્ર પ્રિયાંક કર્ણાટકમાં મંત્રી હોવા છતાં જમાઈ રાધાકૃષ્ણને ગુલબર્ગાથી ચૂંટણી લડાવવાનો મોહ છોડી ન શક્યા. ઉપ મુખ્યમંત્રી ડીકે શિવકુમારના ભાઈ સુરેશ બેંગલુરુ ગ્રામીણથી ચૂંટણી મેદાનમાં છે. ભાજપના વરિષ્ઠ નેતા કેએસ ઈશ્વરપ્પાએ પોતાના પુત્રને ટિકિટ નહિ મળતાં પૂર્વ મુખ્યમંત્રી બીએસ યેદિયુરપ્પાના પુત્ર બીવાય રાઘવેન્દ્ર વિરુદ્ધ અપક્ષ ચૂંટણી લડવાનું એલાન કરી દીધું છે. યેદિયુરપ્પાના બીજા પુત્ર બીવાય વિજયેન્દ્ર ધારાસભ્યની સાથે સાથે કર્ણાટક ભાજપના અધ્યક્ષ પણ છે. લોકસભા ચૂંટણી લડી રહેલા પૂર્વ મુખ્યમંત્રી બસવરાજ બોમ્મઈ પણ પૂર્વ મુખ્યમંત્રી એસઆર બોમ્મઈના પુત્ર છે. પૂર્વ વડાપ્રધાન એચડી દેવગૌડાના પુત્ર પૂર્વ મુખ્યમંત્રી ચડી કુમારસ્વામી અને પૌત્ર પ્રાજવલ રેવન્ના પોતાની પાર્ટી જેડી(એસ)ના ઉમેદવાર છે, તો બેંગલુરુ ગ્રામીણ સીટ પર દેવગૌડાના જમાઈ સીએન મંજૂનાથ ભાજપના. આ યાદી લાંબી છે.

વંશવાદના પોષક દલીલ કરે છે કે આખરે તો જનતા જ ચૂંટે છે, પરંતુ તેઓ એ નથી જણાવતા કે દાયકાઓ સુધી કામ કરનારા કાર્યકર્તાઓને પદ અને ટિકિટની બાજી નેતાના પરિજનો કેમ મારી જાય છે? આ અધ્યયન વંશવાદને બેનકાબ કરનારું છે કે ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં ૩૦ ટકા સદસ્યો રાજકીય પરિવારોના હતા. પક્ષો એ રાજ્યોની દૃષ્ટિએ પણ વધુ ફરક નથી દેખાતો. જેમ કે કોંગ્રેસે ૩૧ ટકા ટિકિટ વંશવાદને કારણે આપી તો ભાજપમાં આ ટકાવારી ૨૧ રહી. મહિલા સશક્તિકરણના નામે પણ રાજકીય પરિવારોની મહિલાઓ જ લાભાર્થી બની રહી છે. સપા, ટીડીપી, દ્રમુક અને બીઆરએસ જેવા પક્ષોમાં તો સો ટકા એવું જ થાય છે.

### શક્તિસિંહના નિવેદન બાદ પાટીલનો પલટવાર

# કોંગ્રેસ દ્વારા અસમંજસની સ્થિતિ ઉભી કરવામાં આવી રહી છે

## રાજા મહારાજાઓને પણ કોંગ્રેસના સાશનમાં જે અનુભવ થયા છે એનાથી એ લોકો કોંગ્રેસથી દૂર પણ થયા છે :પાટીલ



અમદાવાદ, તા.૨૯

રાહુલ ગાંધીના નિવેદન બાદ રાજકારણ ગરમાયું છે. રાજકીય પાર્ટીઓ એક બાદ એક એકબીજા પર પલટ વાર કરી રહ્યા છે. કોંગ્રેસ નેતા શક્તિસિંહ ગોહિલના નિવેદન બાદ ભાજપ અધ્યક્ષ સીઆર પાટીલે ફરી પલટવાર કર્યા છે. સીઆર પાટીલ નિવેદન આપ્યું છે કે ચૂંટણીના માહોલમાં કોંગ્રેસ દ્વારા અસમંજસની સ્થિતિ ઉભી કરવામાં આવી રહી છે. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ રાજા રજવાડા પર આપેલી ટીમ પર સી આર પાટીલે પ્રહાર કરતા ત્યારે રાહુલ ગાંધીના નિવેદનને લઈને બોલવાના બદલે શક્તિસિંહ ગોહિલે ભાજપ પર જ પલટ વાર કર્યો છે. દેશની સંસદમાં વડાપ્રધાન મોદીએ જ કહ્યું હતું કે રાજા મહારાજાઓ સાથે અંગ્રેજોની સાઠગાંઠ હતી.

લોકસભાની ચૂંટણીને હવે ગણતરીના દિવસો બાકી રહી ગયા છે ત્યારે દરેક પાર્ટીઓ પોતાના ઉમેદવારને જીતાવવા માટે મેદાને ઉતરી ગયા છે. સભામાં એકબીજા પર ટિપ્પણીઓ પણ કરી રહ્યા છે. ત્યારે હાલમાં જ ચૂંટણી સભાને સંબોધતા રાહુલ ગાંધી દ્વારા કહેવામાં આવ્યું હતું કે, રાજા મહારાજાઓ મન ફાવે તે રીતે ગરીબોની અને શોષિતોની જમીનો લઈ લેતા હતા અમે એ બંધ કર્યું છે. આ પ્રકારની કરેલી ટિપ્પણીને લઈને હવે કોંગ્રેસને ઘેરવાના પ્રયાસો ભાજપ દ્વારા શરૂ કરી દેવામાં આવ્યા છે. ભાજપના નેતાઓ દ્વારા પલટવાર કરવાનું શરૂ કરાયું છે. પાટીલે કહ્યું હતું કે, કોંગ્રેસની મથરાવટી મેલી છે. રાજા મહારાજાઓને પણ આટલા વર્ષોના કોંગ્રેસના શાસનમાં જે અનુભવ થયા છે. એનાથી એ લોકો કોંગ્રેસથી દૂર પણ થયા છે.

સી આર પાટીલે વધુ પ્રહાર કરતાં જણાવ્યું છે કે કે રાજા મહારાજાઓને પણ કોંગ્રેસના સાશનમાં જે અનુભવ થયા છે. એનાથી એ લોકો કોંગ્રેસથી દૂર પણ થયા છે.અને આજે આ સિવાયના નિવેદના હતા કે એક એક વ્યક્તિ નો સર્વે કરીશું જે પૈસા આવશે અમે લોકોમાં વહેચી દઈશું. કોઈ વ્યક્તિ પોતે મહેનત કરે બચત કરે અને એ બચત બિન અધિકૃત લોકોને આપી દેવાની વાત કરો.મુસ્લિમ લોકો અને ઘુસપેટિયા ને આપી દેવાની વાત કરો. એ સાખી લેવામાં આવશે નહીં.રાજા મહારાજા માટે પણ રાહુલે કહ્યું છે કે જમીન લઈ લે છે એમાં કોંગ્રેસ સ્પષ્ટ કહી રહ્યા છે.એમાં કોંગ્રેસ જમીન હડપવાનું કામ વર્ષો થી કરી રહ્યું છે. રાહુલ ગાંધીએ કહ્યું કે જે કોઈ વ્યક્તિ અવસાન પામે તો તેની સંપત્તિ લઈ અન્યને વહેંચી દેવામાં આવશે. આ દેશમાં સૌથી પહેલો અધિકાર લઘુમતી કોમનો છે. પ્રધાનમંત્રીનું કહેવું છે કે દેશની સંપત્તિ પર સૌથી પહેલો અધિકાર ગરીબોનો છે.

સી આર પાટીલને પલટ વાર કરતાં શક્તિસિંહ ગોહિલનું નિવેદન સામે આવ્યું છે.ભાજપ દ્વારા બહેનો દિકરીઓનું અપમાન કરાયું છે ક્ષત્રિયોની માત્ર એક માગણી હતી પણ અહંકાર પૂર્વક ભાજપના પ્રદેશ પ્રમુખે આ માગણી ન સ્વીકારી ક્ષત્રિયોનું અપમાન ભાજપે કર્યું છે.

ભાજપે અમારા સમાજને તોડવાનો પ્રયાસ કર્યો છે.શક્તિસિંહ ગોહિલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વીડિયો સાથે ગંભીર આક્ષોપે કર્યા છે.રાહુલ ગાંધીના નિવેદનને લઈને બોલવાના બદલે શક્તિસિંહ ગોહિલે ભાજપ પર જ પલટ વાર કર્યો છે.

દેશની સંસદમાં વડાપ્રધાન મોદીએ જ કહ્યું હતું કે રાજા મહારાજાઓ સાથે અંગ્રેજોની સાઠગાંઠ હતી.દેશના મહારાજાઓએ આઝાદી પછી પોતાના રાજ્યો વલ્લભભાઈ પટેલ સામે સમર્પિત કર્યા છે.સૌથી પહેલા કૃષ્ણકુમારસિંહજી મહારાજે પોતાનું રાજ્ય સૌથી પહેલા આપ્યું હતું.ત્યારબાદ કોંગ્રેસે તેમનું સન્માન કરીને મદ્રાસના ગવર્નર બનાવ્યા હતા.હવે જ્યારે ભાજપ વિરુદ્ધ આક્રોશ ફૂટ્યો છે ત્યારે ભાજપ જૂઠાણા ન ચલાવે છે.

### પદ્મિનીબા વાળાએ નિવેદન આપ્યું

# રાહુલ ગાંધીએ સમગ્ર ક્ષત્રિય સમાજની માફી માંગવી જોઈએ

## રાહુલ ગાંધીએ તેમના શબ્દો પાછા ખેંચવા જોઈએ

રાજકોટ, તા.૨૯

જેમ-જેમ લોકસભાની ચૂંટણી નજીક આવી રહી છે તેમ તેમ રાજકીય માહોલ ગરમાઈ રહ્યો છે. પહેલા ભાજપના નેતા અને હવે કોંગ્રેસના દિગ્ગજ નેતા રાહુલ ગાંધી દ્વારા રાજા-રજવાડા અંગે આપેલા નિવેદન અંગે મહિલા ક્ષત્રિય અગ્રણી પદ્મિનીબા વાળાએ નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે, રાહુલ ગાંધીએ માફી માંગવી જોઈએ. સાથે જ ક્ષત્રિય સમાજના જ કેટલાક આગેવાનોને જયચંદ ગણાવ્યા હતા. લોકસભાની ચૂંટણીનો માહોલ બરાબર જામ્યો છે. ભાજપ ક્ષત્રિયોના આક્રોશનો ભોગ બની રહ્યું છે ત્યારે જ કોંગ્રેસના દિગ્ગજ નેતા રાહુલ ગાંધી દ્વારા રાજા-રજવાડા અંગે આપેલા નિવેદન અંગે રાજકોટ ક્ષત્રિય સમાજના મહિલા અગ્રણી પદ્મિનીબાએ રાહુલ ગાંધી સામે આક્રોશ સાથે નિવેદન આપ્યું હતું.

પદ્મિનીબાએ કહ્યું હતું કે, રાહુલ ગાંધીએ તેમના શબ્દો પાછા ખેંચવા જોઈએ. રાહુલ ગાંધીએ સમગ્ર ક્ષત્રિય સમાજની માફી માંગવી જોઈએ. સાથે કહ્યું હતું કે, કોઈપણ વ્યક્તિ ક્ષત્રિય સમાજ વિશે બોલી જાય છે, તે ક્ષત્રિય સમાજને સમજે છે શું? તેઓ આ મામલે આગામી સમયમાં વિરોધ કરશે. પદ્મિનીબાએ કહ્યું હતું કે, કોઈ જ પક્ષપાત ન હોવો જોઈએ. ભાજપ હોય કે કોંગ્રેસ જે પણ સત્ય સમાજ વિશે બોલે છે તેમનો વિરોધ કરવો જોઈએ.

સાથે જ તેમણે ક્ષત્રિય સમાજના જ કેટલાક આગેવાનો ઉપર આકરા પ્રહારો કર્યા હતા. પદ્મિનીબાએ નામ લીધા વગર ક્ષત્રિય સમાજના અમુક અગ્રણીઓને જયચંદ ગણાવ્યા હતા. તેઓ તો આક્રોશ સાથે ત્યાં સુધી બોલી ગયા કે આવા જયચંદને કારણે ક્ષત્રિય સમાજ ૨૦ વરસ પાછળ જતો રહ્યો. અમે આ લડત જીતશું જ પરંતુ અમુક જયચંદોના કારણે સમાજને નુકસાન જઈ રહ્યું છે. હવે આ જયચંદ કોણ? પદ્મિનીબાએ કોના પર આક્ષેપ કરી રહ્યા છે, તે પણ એક સવાલ છે.

# રાજકોટમાં રૂપાલાની સભા રદ્દ તો ભાવનગર-જામનગરમાં વિરોધ

રાજકોટ, તા.૨૯

પરશોત્તમ રૂપાલાના નિવેદનને લઈ ક્ષત્રિય સમાજમાં આક્રોશ યથાવત છે. છેલ્લા ત્રણ ચાર દિવસથી જામનગર, ભાવનગર, રાજકોટમાં ક્ષત્રિય સમાજના આગેવાનોએ વિરોધ નોંધાવ્યો છે. ભાવનગર શહેરમાં ભાજપના ઉમેદવાર નીમુબેન બાંભણિયાના ચાલુ કાર્યક્રમ દરમિયાન સ્ટેજ પાસે પહોંચીને ક્ષત્રિય સમાજના આગેવાનોએ સૂત્રોચાર કર્યા હતા. જો કે એક સાથે મોટી સંખ્યામાં ક્ષત્રિય સમાજના યુવાનો ભાજપના ચાલું કાર્યક્રમમાં અચાનક પહોંચી જતા કાર્યક્રમ થોડીવાર માટે સ્થગિત થયો હતો.આ કાર્યક્રમમાં શહેર ભાજપ પ્રમુખ અભયભાઈ ચૌહાણ અને ભાજપના ઉમેદવાર નીમુબેન બાંભણિયા સહીતના નેતાઓ હાજર હતાં. જો કે કાર્યક્રમ સ્થળેથી પોલીસે વિરોધ કરી રહેલા ક્ષત્રિય સમાજના યુવાનોને બહાર લઈ જવામાં આવ્યાં હતાં. તો આ,તરફ છેલ્લા બે દિવસથી ભાવનગરમાં ક્ષત્રિયો વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. ભાજપ વિરૂદ્ધ ભાવનગરમાં શુક્રવારે અને શનિવારે વિરોધ પ્રદર્શન થયું છે. પૂનમ માડમના પ્રચાર કાર્યક્રમનો વિરોધ કરવામાં આવી રહ્યો છે. તો રાજકોટમાં પણ વિરોધના કારણે રૂપાલાનો ગઈકાલે કાર્યક્રમ રદ કરવો પડ્યો હતો. રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરશોત્તમ રૂપાલાએ ક્ષત્રિય સમાજ સામે અભદ્ર ટિપ્પણી કરી હતી તેથી ક્ષત્રિય સમાજના લોકોમાં રોષ ફેલાયો હતો અને ક્ષત્રિયસમાજના લોકોએ રૂપાલાની ટિકિટ રદ કરવા માંગણી કરી હતી પરંતુ ભાજપે રૂપાલાની ટિકિટ રદ કરી નથી જેના પગલે હવે ક્ષત્રિય સમાજના લોકોએ ભાજપનો વિરોધ શરૂ કર્યો છે. આ દરમિયાન નર્મદાના ક્ષત્રિય સમાજના ભાજપના આગેવાનોએ રાજીનામાં ધરી દેતા હડકંપ મચ્યો છે. ગોપાલપુરા ગામ ખાતે રાજપૂત સમાજ દ્વારા ભાજપ વિરૂધ્ધ પ્રચાર અંગે મિટિંગ યોજવામાં આવી હતી.

# પાદરા ગામે ક્ષત્રિયોએ ભાજપ ઉમેદવારને પ્રચાર માટે ગામમાં આવતા અટકાવ્યા

પાદરા, તા.૨૯

વડોદરા પાદરાના જસપુર ગામે પરશોત્તમ રુપાલાના નિવેદનનો ભારે વિરોધ થઈ રહ્યો છે ત્યારે વિરોધ વચ્ચે ઉમેદવાર જશું રાઠવાના પ્રચાર માટે ગયેલા ભાજપ કાર્યકરોને ક્ષત્રિયોએ ગામમા જ આવવા ન દીધા. અહીં ક્ષત્રિયોએ કાળા વાવટા ફરકાવી વિરોધ કર્યો અને ગામમા પ્રવેશ ના આપવા દીધો. ઉમેદવાર અને કાર્યકરોને ગામમા આવતા રોકવા ક્ષત્રિયોએ ભારે હોબાળો મચાવ્યો હતો. આ દરમિયાન સ્ન્છ ચૈતન્ય સિંહ ઝાલાએ ક્ષત્રિયોને સમજાવવા અનેક પ્રયાસ કર્યો છત્તા ક્ષત્રિયો એકના બે ન થયા જે બાદ પોલીસે ઘટના સ્થળે પહોચી મામલો શાંત પાડ્યો હતો. વડોદરાના પાદરા ગામે પરશોત્તમ રૂપાલાના નિવેદનનો ઉગ્ર વિરોધ ચાલી રહ્યો છે. પાદરાના જાસપુર ગામે ક્ષત્રિય યુવકોએ ભાજપના કાર્યકરોને પ્રચાર માટે ગામમા આવતા પહેલા ગામ બહાર રોકી લીધા હતા અને કાળા વાવટા ફરકાવી અને હાય હાયના નારા લગાવી ગામમાં પ્રવેશ કરવા દીધો ન હતો. ઉમેદવાર જશુ રાઠવાના પ્રચાર માટે ભાજપ નેતાઓ ગામમાં ગયા હતા. આ દરમિયાન ભારે હંગામો મચી ગયો હતો. ક્ષત્રિય યુવકોએ ભાજપ ઉમેદવારને પ્રચાર માટે ગામમાં ન આવવા દીધા . જે બાદ સ્ન્છ ચૈતન્યસિંહ ઝાલાએ ક્ષત્રિય યુવકોને સમજાવવાનો પ્રયાસ કર્યો હતો અને તે બાદ પાદરા પોલીસ ઘટના સ્થળે પહોંચી મામલો શાંત પાડયો હતો.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

કોયલ જ વસંતના ગુણોને જાણે છે, કાગડો નહીં.

- અજ્ઞાત

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૬, પા.આદર-૧૩૯૩, મુ. શવ્વાલ-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૦, ચૈત્ર વદ-૫, તા.૨૯ એપ્રિલ ૨૦૨૪, સોમવાર, પારસી તા.૧૮, મુસ્લિમ તા.૧૯, પૂર્વાષાઢા નક્ષત્ર, સિધ્ધિ યોગ, ગર કરણ, સૂ.ઉ.૬:૨૦, સૂ.અ.૭:૧૬


આજનો દિવસ અશુભ છે

આજે જન્મેલા બાળકની રાશી ધન (ભ ધ ફ ઢ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ


## સાપ્તાહિક રાશી ભવિષ્ય

## તા. ૨૯-૦૪-૨૦૨૪ થી ૦૫-૦૫-૨૦૨૪ સુધીનું આપનું સાપ્તાહિક રાશિ ભવિષ્ય




**મેષ : અ.લ.ઈ. સ્વામિ - મંગળ**

આ સપ્તાહ દરમિયાન મળેલી તકને ઝડપી લેજો. માનસિક ચિંતા હળવી બને. અંગત સમસ્યા હલ કરી શકશો. નાણાંકીય રીતે થોડી મુશ્કેલી સર્જાય. ખોટા રોકાણો ન કરવા હિતાવહ. જમીન-મકાનની ખરીદી થઈ શકે. કાર્યસફળતા માટે કૌટુંબિકકલહ અને વિસંવાદીતતાના પ્રસંગો ટાળજો. કુનેહથી કામ લેવું હિતાવહ. આરોગ્ય જાળવવું.




**વૃષભ : બ.વ.ઉ. સ્વામિ - શુક્ર**

આ સપ્તાહ દરમિયાન આપને કારણવિનાની બેચેની અને અશાંતિમાંથી દિવસો પસાર કરવા પડે. ઉશ્કેરાટ અને આવેશાત્મક વલણ છોડજો. ધીરજ રાખી શાંતિથી કામ લેવું. ધંધાકીય ક્ષેત્રે પ્રતિકૂળતા જણાય. આવક કરતા ખર્ચ વધી ન જાય તેની તકેદારી રાખવી. નોકરીયાત વર્ગને પણ શાંતિથી રૂટીન કાર્ય કરવું. જોખમો ન લેવા હિતાવહ. દામ્પત્ય જીવનમાં મતભેદો રહ્યા કરે. આરોગ્ય જાળવવું હિતાવહ.




**મિથુન : ક.છ.ઘ. સ્વામિ - બુધ**

આ સમય દરમિયાન માનસિક તંગદિલી અનુભવાય. નાના-મોટા અંતરાયો અને સંઘર્ષોનો સામનો કરવો પડે. ધીરજ રાખવી, સ્વસ્થતા ટકાવી રાખવી. ધંધા-વ્યવસાયના કાર્યમાં વધુ પરિશ્રમે સફળતા મળે. નાણાંકીય તંગદિલી અનુભવાય. ખર્ચ પર કાબુ રાખવો. સંતાનો અંગેની ચિંતા સતાવે.




**કર્ક : ડ.હ. સ્વામિ - ચંદ્ર**

આ સપ્તાહ દરમિયાન આપની આશા અને ઉમંગ વધે. સારી તકો મળે. તક ઝડપી લેવાથી ફાયદો થાય. નોકરીયાતને તેમના પ્રયત્નોનું ફળ મળે. ઉપરી અધિકારી વર્ગથી લાભ થાય. ધંધા-વ્યવસાય અંગેના વિકાસ માટે શુભ સમય. દામ્પત્યજીવનનું વાતાવરણ આનંદમય રહે. સ્નેહિ-સ્વજનોથી લાભ થાય. મહત્વની મુલાકાત ફળદાયી બને.




**સિંહ : મ.ટ. સ્વામિ - સૂર્ય**

આ સપ્તાહ તમને મિશ્રફળદાયી રહે.મૂડિ રોકાણ કરવામાં સાવધાન રહેજો. ખોટા સાહસ ન કરવા હિતાવહ. ખર્ચા વધે, ધંધા-રોજગાર તેમજ નોકરીમાં આ સમય મિશ્રફળ આપનારું રહે. કોર્ટ-કચેરીને લગતી બાબતોના પ્રશ્નો ઉકેલાય. મકાન-વાહન અંગે સમય હજુ પ્રતિકૂળ છે. વધુ પ્રયત્નો કરવાથી કામ પાર પડે. દામ્પત્ય જીવનમાં સર્જાયેલા મતભેદો દૂર થાય.




**કન્યા : પ.ઠ.ણ. સ્વામિ - બુધ**

આ સમય દરમિયાન આપને મનની મુંઝવણ દૂર થાય માટે તમારે પ્રયત્નો વધારવા જરૂરી. નાની-મોટી અડચણો પાર કરી શકશો. આર્થિક મુશ્કેલીઓનો ઉકેલ મળે. લાભની તક ઝડપી લેવી. આવક વધે, જમીન-મકાન-વાહન વગેરેની ખરીદી માટે સાનુકૂળ સમય છે. ધંધા-વ્યવસાયમાં આગળ વધી શકાય. સ્નેહિ-સ્વજનથી મિલન-મુલાકાત થાય.




**તુલા : ર.ત. સ્વામિ - શુક્ર**

આ સપ્તાહ દરમિયાન તમારા અંગત પ્રશ્નોનો ઉકેલ મળે. કૌટુંબિક સમસ્યાઓ હલ થાય. ભાઈ-ભાડું અને સગા-સંબંધિઓની મદદ મળે. ધંધા-વ્યવસાય માટે આ સમય સાનુકૂળ રહે તેમજ નોકરીયાત વર્ગ માટે બઢતીના યોગ છે. આકસ્મિક પ્રવાસ-યાત્રા થાય. ગૃહજીવનમાં તકેદારી રાખવી હિતાવહ. પ્રિયજનની તબિયત બગડતા ચિંતા રહે. વડીલોનો સાથ-સહકાર મળે.




**વૃશ્ચિક : ન.ય. સ્વામિ - મંગળ**

આ સપ્તાહ દરમિયાન માનસિક અસ્વસ્થતા અને તંગદિલી રહે. તમારા ધાર્યા કાર્યમાં સફળતા ન મળે. ધીરજ રાખવી હિતાવહ. વેપાર-ધંધાના ક્ષેત્રે પરિસ્થિતિ યથાવત રહે. જેથી ખર્ચ પર કાબુ રાખવો હિતાવહ. વિરોધીઓથી સાવધ રહેવું, કુટુંબ માટે ભોગ આપવો પડે. તેમજ ભાતૃવર્ગથી મતભેદ રહે. પત્નીનો સહકાર મળે. સંતાનથી લાભ થાય. ધીમે-ધીમે પરિસ્થિતિ સુધરે.




**ધન : ભ.ધ.ફ.ઢ. સ્વામિ - ગુરૂ**

આ સમય દરમિયાન અવિચારી કે ઉતાવળીયા નિર્ણયો ન લેવા હિતાવહ. નાણાંકીય મુશ્કેલીઓનો ઉકેલમળે. વ્યવસાયમાં સાનુકૂળતા રહે. અંતરાયો દૂર થાય. મિત્રો, સ્નેહિજનો સાથેનો વિવાદ ટાળવો. દામ્પત્ય જીવનમાં ગેર સમજો ન વધે તેની તકેદારી રાખવી. શારરીક તંદુરસ્તી જાળવવી તેમજ વડીલોની તબિયત સંભાળવી જરૂરી બને.




**મકર : ખ.જ. સ્વામિ - શની**

આ સપ્તાહ દરમિયાન તમારા વણ ઉકેલ્યા પ્રશ્નોનો ઉકેલ મળે. નવિન તકો પ્રાપ્ત થાય. વેપાર-ધંધા ક્ષેત્રે વિકાસ થાય. નાણાંકીય સારોએવો લાભ મળે સાથે-સાથે ખર્ચનો પ્રશ્ન બને. નોકરીયાત વર્ગ માટે સારો સમય છે. ગૃહજીવન આનંદદાયી રહે.



**કુંભ : ગ.શ.ષ.સ. સ્વામિ -શની**

આ સમય દરમિયાન અગત્યના કામકાજો કરવામાં વિલંબ થાય. માનસિક ચંતિ રહે સાથે-સાથે તેનો ઉકેલ પણ મળે. સ્નેહિથી મિલન-મુલાકાત થાય. આપની જરૂરીયાત મુજબ પૂરતા નાણા માટે સાનુકૂળ સમય કોર્ટ-કચેરીના કાર્યોનું પરીણામ તમારી ફેવરમાં આવે, પ્રવાસ-પર્યટન થાય.



**મીન : દ.ચ.ઝ.થ. સ્વામિ - ગુરૂ**

આ સપ્તાહ દરમિયાન માનસિક અસ્વસ્થતા અથવા તો કારણ વિનાની અશાંતિનો અનુભવ થાય તેથી મનને શાંત રાખવા પ્રયત્નો કરવા. ખોટા વિચારો ન કરવા હિતાવહ. નાણાંકીય સ્થિતિ મધ્યમ રહે. ધંધા-વ્યાપાર ક્ષેત્રે આગળ વધવાની તક મળે. આકસ્મિક લાભ થાય. નોકરીયાત વર્ગની સ્થિતિ યથાવત રહે. જીવનસાથીનો સહકાર મળે.

# બોર્નવિટાની જેમ પીણાંમાં ખાંડના ઉચ્ચસ્તર પછી હોર્લિક્સ પણ હવે 'હેલ્થ ડ્રિંક' નથી રહ્યું

## હિન્દુસ્તાન યુનિલિવરે તેની બ્રાન્ડ હોર્લિક્સમાંથી 'હેલ્થ'નું લેબલ કાઢી નાખીને તેને બદલે 'ફંક્શનલ ન્યુટ્રિશનલ ડ્રિંક્સ' રાખ્યું છે

નવી દિલ્હી, તા.૨૯

હિન્દુસ્તાન યુનિલિવર લિમિટેડ (HUL) જે તેની હેઠળ હોર્લિક્સ અને બૂસ્ટ જેવી બહુવિધ બ્રાન્ડ ધરાવે છે, તેણે તેની 'હેલ્થ ડ્રિંક્સ' કેટેગરીનું પુનઃ બ્રાન્ડિંગ કર્યું છે. કંપનીએ તેની 'હેલ્થ ફૂડ ડ્રિંક્સ' કેટેગરીનું નામ બદલીને 'ફંક્શનલ ન્યુટ્રિશનલ ડ્રિંક્સ' (FND) રાખ્યું અને હોર્લિક્સ પરથી 'હેલ્થ' લેબલ કાઢી નાખ્યું. વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રીએ ઈ-કોમર્સ પ્લેટફોર્મને 'હેલ્થ ડ્રિંક્સ' કેટેગરીમાંથી પીણાં અને પીણાં દૂર કરવા કહ્યું તે પછી આ પગલું ભરવામાં આવ્યું છે. ૨૪ એપ્રિલના રોજ એક પ્રેસ કોન્ફરન્સ દરમ્યાન HULના ચીફ ફાયનાન્સિયલ ઓફિસર રિતેશ તિવારીએ આ જાહેરાત કરીને ભારપૂર્વક જણાવ્યું હતું કે, આ ફેરફાર શ્રેણીનું વધુ સચોટ અને પારદર્શક વર્ણન પ્રદાન કરશે.

**'ફંક્શનલ ન્યુટ્રિશનલ ડ્રિંક'નો અર્થ શું છે ? :-**

HUL મુજબ, 'ફંક્શનલ ન્યુટ્રિશનલ ડ્રિંક્સ' શ્રેણી સમુદાયની પ્રોટીન અને સૂક્ષ્મ પોષકતત્ત્વોની ઉણપની જરૂરિયાતો પૂરી કરે છે. FNDને કોઈપણ બિન-આલ્કોહોલિક પીણા તરીકે વ્યાખ્યાયિત કરી શકાય છે જે છોડ, પ્રાણી, દરિયાઈ અથવા સુક્ષ્મસજીવોના સ્ત્રોતમાંથી કોઈપણ બાયોએક્ટિવ ઘટકનો સમાવેશ કરવાને કારણે વધારાના સ્વાસ્થ્ય લાભો પ્રદાન કરે છે. ઈન્સ્ટિટ્યૂટ ફોર ઈન્ટિગ્રેટિવ ન્યુટ્રિશન અનુસાર, કાર્યાત્મક પોષણ એ આહાર પ્રત્યેનો સર્વગ્રાહી અભિગમ છે. તે વ્યક્તિની જીવનશૈલીના પરિબળોને ધ્યાનમાં લે છે જે તેની



ખોરાકની પસંદગીને અસર કરી શકે છે. આ નિયમનકારી ક્રેકડાઉન ફૂડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ ૨૦૦૬ હેઠળ 'હેલ્થ ડ્રિંક્સ'ની સ્પષ્ટ વ્યાખ્યાની ગેરહાજરીથી આવે છે. બોર્નવિટા અને હોર્લિક્સ જેવા પીણાંમાં ખાંડના ઉચ્ચ સ્તર અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવ્યા બાદ આ વિકાસ કરવામાં આવ્યો હતો. આ ત્યારે થયું જયારે કેડબરીની બોર્નવિટા, હોર્લિક્સ જેવા દેશમાં અન્ય એક લોકપ્રિય માલ્ટેડ પીણું, તેના ઉચ્ચ ખાંડની સામગ્રી માટે સ્કેનર હેઠળ આવ્યું, જેને ફૂડ ફાર્મર નામના સોશિયલ મીડિયા પ્રભાવક દ્વારા પ્રકાશિત કરવામાં આવ્યું. બાદમાં નેશનલ કમિશન ફોર પ્રોટેક્શન ઓફ ચાઈલ્ડ રાઈટ્સ (NCPCR)એ ફૂડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (FSSAI)ને તપાસ મોકલી, જેના પરિણામે ઈકોમર્સ કંપનીઓને કેન્દ્રનો આદેશ આપવામાં આવ્યો હતો.

# UCC આદિવાસીઓમાં માત્ર 'જાગૃતિ' કેળવશે, રીત-રિવાજોને અસર નહીં કરે

નવી દિલ્હી, તા.૨૯

કૃષિ અને આદિજાતિ બાબતોના કેન્દ્રીય પ્રધાન અર્જુન મુંડાએ ધ પ્રિન્ટ સાથેની એક વિશિષ્ટ મુલાકાતમાં જણાવ્યું હતું કે, યુનિફોર્મ સિવિલ કોડનો અમલ પણ આદિવાસીઓના અધિકારો અને રિવાજોનું ઉલ્લંઘન કરી શકતો નથી. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટએ કરેલી ઝારખંડના પૂર્વ મુખ્યપ્રધાન હેમંત સોરેનની ધરપકડ ઉપર મુંડાએ સ્પષ્ટ કર્યું કે વિપક્ષ તેમની સંથાલ આદિવાસી ઓળખનો ઉપયોગ ભ્રષ્ટાચારના આરોપોને ફારેગ કરવા માટે કરી શકશે નહીં. ત્રણ વખત ઝારખંડના મુખ્યમંત્રી રહી ચૂકેલા મુંડાને કહ્યું કે, 'લોકોએ સોરેનને સત્તાનો દુરૂપયોગ કરવા માટે નહીં, પરંતુ લોક-કલ્યાણ માટે કરવા માટે ચૂંટ્યા છે. જમીનના દુરૂપયોગના કેટલાય મામલા સામે આવ્યા છે. તેમણે કાયદાકીય રીતે લડવું જોઈએ. તે શા માટે તેને આદિવાસી ઓળખનો મુદ્દો બનાવી રહ્યા છે?' તેઓ ઝારખંડની ખુંટી લોકસભા બેઠક ઉપર ફરીથી ચૂંટણી લડવા માટે મેદાનમાં છે, ત્યારે ભાજપના નેતા મુંડાનું બેવડુ મંત્રીપદ, તેમને ખેડૂતો માટે લઘુત્તમ ટેકાના ભાવ (એમએસપી)થી લઈને સમાન નાગરિક સંહિતા (UCC)ની આદિવાસી સમુદાયો ઉપર સંભવિત અસર સુધીના અનેક ગરમ મુદ્દાઓના કેન્દ્રમાં મૂકે છે. પ્રચારની મધ્યમાં ધ પ્રિન્ટ સાથેની તેમની વાતચીતમાં તેમણે રાષ્ટ્રીય ચર્ચાઓ, તેમજ સોરેનની ધરપકડનો મુદ્દો, કોંગ્રેસ નેતાઓનો ભાજપમાં પ્રવેશ અને પક્ષના બંધારણ બદલવાની યોજના અંગેની ચર્ચાઓ ઉપર પોતાનો અભિપ્રાય આપ્યો હતો.

**UCC અને બંધારણ ઉપર વિપક્ષો ભ્રમ પેદા કરે છે :-**

ભાજપના ઢંઢેરામાં મહિલાઓના અધિકારોના રક્ષણ માટે એક સમાન નાગરિક સંહિતા ઘડવાના તેના સ્ટેન્ડને પુનરાવર્તિત કરવા સાથે, આદિવાસી સમુદાયોમાં આશંકા છે કે, તેમની પરંપરાગત પ્રથાઓ સાથે ચેડાં થઈ શકે છે. ઉત્તરાખંડ સરકારે આ વર્ષની શરૂઆતમાં જ્યારે યુસીસી કાયદો પસાર કર્યો ત્યારે અનુસૂચિત જનજાતિને તેના કાર્યક્ષેત્રમાંથી બાકાત કરી હતી, તેથી આ ચિંતા હજુ યથાવત્ છે. મુંડાએ કહ્યું કે, 'વિપક્ષ આ મુદ્દે ભ્રમ પેદા કરવા માંગે છે. જ્યારે કેન્દ્ર સરકાર દેશમાં સમાન નાગરિક સંહિતા લાવશે ત્યારે આદિવાસીઓના પરંપરાગત કાયદામાં કોઈ ફેરફાર થશે નહીં.' મુંડાના મતે UCC આદિવાસીઓમાં 'જાગૃતિ અને શિક્ષણ' લાવશે. તેમણે કહ્યું, 'આ લગ્નની ઉંમર વિશે જાગૃતિ લાવવાનો મુદ્દો છે. પહેલાના સમયમાં બાળ લગ્નની પ્રથા હતી. કોઈપણ આદિવાસી તેના બાળકોની લગ્નની ઉંમર વિશે અસંમત ન હોઈ શકે. તમે યુસીસીને કેવી રીતે મહત્ત્વપૂર્ણ તરીકે જુઓ છો ? આપણે આપણા રાષ્ટ્રવાદ, આપણી સંસ્કૃતિ અને ચારિત્ર્ય ઉપર આધારિત રિવાજોને મહત્ત્વ આપવું જોઈએ, જે પહેલાથી જ સુરક્ષિત છે. કોઈ રૂઢિગત વ્યવસ્થામાં ફેરફાર કરવાની જરૂર નથી. રૂઢિગત કાયદાનું કોઈપણ પ્રકારનું ઉલ્લંઘન કાર્યસૂચિ ઉપર નથી.' વિપક્ષના આરોપો ઉપર કે ભાજપનું ૪૦૦ બેઠકો મેળવવાનું લક્ષ્ય ભારતના બંધારણને બદલવાનું છે, કેન્દ્રીય મંત્રીએ ફરીથી ઈન્ડિયા બ્લોક પર 'ભ્રમણા પેદા કરવા' અને સમાજને વિભાજીત કરવાનો આરોપ લગાવ્યો હતો. તેમણે કહ્યું, વિપક્ષનો ઉદેશ્ય સમાજને વિભાજીત કરવાનો છે. બંધારણ બદલી શકાતું નથી. વિપક્ષો આવા મુદ્દા ઉઠાવી રહ્યા છે કારણ કે, તેઓ મોદી સરકાર દ્વારા કરવામાં આવેલા વિકાસના મુખ્ય મુદ્દા વિશે વાત કરવા માંગતા નથી. કોંગ્રેસ ક્યારેય પછાત સમુદાયોના મુદ્દાઓ પ્રત્યે સંવેદનશીલ નથી. હવે તેઓ તેઓ મત મેળવવા માટે સમાજને વિભાજિત કરવા માંગે છે.

# આગામી ૨૪ કલાકમાં રાજ્યના કેટલાક સ્થળોએ કમોસમી વરસાદની આગાહી

અમદાવાદ, તા.૨૯

સમગ્ર રાજ્યમાં કાળઝાળ ગરમી વચ્ચે કેટલાક સ્થળોએ હવામાનમાં પલટો આવ્યો હતો. જેને લઈ રાજ્યના દક્ષિણ ગુજરાત, મધ્ય ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં સામાન્ય વરસાદ વરસ્યો હતો. ત્યારે હવામાન વિભાગે વરસાદની આગાહી કરી છે. હવામાન વિભાગે ૨૪ કલાકમાં રાજ્યના અનેક જિલ્લાઓમાં વરસાદ થવાની આગાહી વ્યક્ત કરી છે. ગુજરાતમાં સાયક્લોનિક સર્ક્યુલેશન સક્રિય થયુ છે. આ સાથે ભેજનું પ્રમાણ વધતા રાજ્યના અનેક વિસ્તારોમાં ગાજવીજ સાથે વરસાદ થવાની સંભાવનાઓ જાહેર કરવામાં આવી છે. જોકે, ૨૪ કલાક બાદ વાતાવરણ ફરીથી સુકૂં રહેવાનું અનુમાન પણ હવામાન વિભાગ દ્વારા કરવામાં આવ્યુ છે. રાજ્યમાં ગાજવીજ સાથે વરસાદની પણ આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગે જાહેર કરેલા મેપ પ્રમાણે, ૨૪ કલાકમાં બનાસકાંઠા, મહેસાણા, સાબરકાંઠા, અરવલ્લી, ખેડા, પંચમહાલ, દાહોદ, મહીસાગર, વડોદરા, છોટાઉદેપુર, નર્મદા, સુરત, ડાંગ, તાપી, નવસારી, વલસાડ, દમણ દાદરા નગર હવેલીમાં ગાજવીજ સાથે છૂટાછવાયો વરસાદ થવાની આગાહી છે. આ સાથે કચ્છ, જામનગર અને દ્વારકામાં સામાન્ય વરસાદની આગાહી કરવામાં આવી છે. તો બીજી તરફ હવામાન નિષ્ણાતના જણાવ્યા મુજબ આગાહીમાં જણાવ્યુ છે કે, ૨૯મી તારીખથી વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની શક્યતાઓ છે. અરબ અને બંગાળના સાગરનો ભેજ એકત્રિત થશે, દરમ્યાન ગરમીનું પ્રમાણ વધશે, જેમાં મધ્ય ગુજરાતના ભાગોમાં ૪૩થી ૪૪ ડિગ્રી મહત્તમ તાપમાન જાય તેવી સંભાવનાઓ વ્યકત કરાઈ છે.

# ધીમા પડેલા પૃથ્વીના પરિભ્રમણને લીધે દિવસો લાંબો થયા : વૈજ્ઞાનિકો

## ગતિની ઝડપનું રૂખ પલટાવાને કારણે ૨૦૨૩માં સરેરાશ દિવસ લંબાયો : રિપોર્ટ

(એજન્સી) તા.૨૯

સમય અને તારીખ વેબસાઈટ અનુસાર, અણુ ઘડિયાળોના તાજેતરના ડેટા દર્શાવે છે કે, પૃથ્વીની ધીમી પરિભ્રમણની ગતિને લીધે દિવસો લાંબા થઈ શકે છે. તેણે જણાવ્યું હતું કે, જૂન ૨૦૨૨માં, પૃથ્વી ઝડપી ચક્કર ફરી, જેના પરિણામે સૌથી ટુંકા દિવસો નોંધાયા છે. આગાહીઓ મુજબ, પૃથ્વીની ધીમી ગતિ ૨૦૨૫ સુધી ચાલશે, તેથી માર્ચ ૨૦૨૫માં દિવસની લંબાઈ સંભવિતપણે +૧.૬૩ મિલિસેકન્ડ વધી શકે છે. જે તેને માર્ચ ૨૦૧૯ પછી સૌથી લાંબી બનાવે છે. પૃથ્વીને તેની ધરી ઉપર સૂર્યના સંદર્ભમાં એકવારનું સંપૂર્ણ પરિભ્રમણ પૂર્ણ કરવામાં ૨૪ કલાક લાગે છે. જે ૮૬,૪૦૦ સેકન્ડ સમકક્ષ છે. એક દિવસની લંબાઈનો ડેટા ઈન્ટરનેશનલ અર્થ રોટેશન એન્ડ રેફરન્સ સિસ્ટમ સર્વિસ દ્વારા આપવામાં આવે છે. પૃથ્વીની પરિભ્રમણ ગતિમાં થતા ફેરફારો અંગેની આગાહીઓ, પૃથ્વીના મૂળ, મહાસાગરો, વાતાવરણ અને અન્ય પરિબળોની જટિલ ગતિને કારણે પડકારરૂપ છે.


# યુનિફોર્મ સિવિલ કોડનો અમલ એ વડાપ્રધાન મોદીની ગેરંટી છે : અમિત શાહ

(એજન્સી) તા.૨૯

કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે જણાવ્યું કે કેન્દ્રમાં ભાજપની આગેવાની હેઠળની સરકાર દેશમાં સમાન નાગરિક સંહિતા (યુસીસી) લાગુ કરશે કારણ કે તે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ગેરંટી છે અને કોંગ્રેસ ઉપર વ્યક્તિગત કાયદાઓની હિમાયત કરવાનો આરોપ મૂક્યો હતો. મધ્યપ્રદેશમાં ગુના લોકસભા સીટ હેઠળના કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી ઉપર નિશાન સાધતા શાહે જણાવ્યું કે 'રાહુલ બાબા, તમે તુષ્ટિકરણ માટે જે ઈચ્છો તે કરી શકો છો, જ્યાં સુધી ભાજપ છે ત્યાં સુધી અમે પર્સનલ લોને ચાલવા નહીં દઈએ અને મોદીજીની ગેરંટી છે કે અમે તે કરીશું.' આખા દેશમાં UCC લાગુ કરો જેમ અમે ઉત્તરાખંડમાં કર્યું છે. તેમણે જણાવ્યું કે, 'સરકારે દેશને આતંકવાદ અને નકસલવાદથી મુક્ત કર્યો છે અને મધ્યપ્રદેશને પણ તેમાંથી મુક્ત કર્યું છે.

# ફીઝિયોથેરાપીની અનોખી દુનિયામાં કરીએ ડોકિયું, શું તે બેસ્ટ કરિયર ઓપ્શાન તરીકે અપનાવી શકાય કે નહી ? જાણો એ ટુ ઝેડ

**ફીઝિયોથેરાપીસ્ટ પોતાની અનુકૂળતા મુજબ કામના કલાકો નક્કી કરી શકે છે. જો વ્યવસાય શરૂ કરે તો દર્દીના હોમ વિઝીટ અથવા તો પોતાનું ક્લિનીક શરૂ કર્યું હોય તો કામના કલાકો નક્કી કરીને દર્દીઓ સારવાર આપી શકે છે. આથી દિવસમાં કેટલા કલાક કામ કરવું તે ફીઝિયોથેરાપીસ્ટ પોતે પોતાની અનુકુળતા મુજબ નક્કી કરી શકે છે. આથી કામ અને સામાજિક જીવનની સમતુલા જાળવી શકાય છે. ફીઝિયોથેરાપી એ એક ઈન- ડિમાન્ડ કારકિર્દી છે કારણ કે આજકાલ બાળકોથી લઈને વૃદ્ધો સુધીનાને હાડકા, સાંધા અને અન્ય બીજી શારીરિક હલનચલનને લઈને તકલીફો હોય છે. ઉંમર થાય ત્યાર પછી હાડકાઓ અને સ્નાયુઓ ઘસાઈ ગયા હોય ત્યારે તેઓને રાહત આપવા માટે ફીઝિયોથેરાપીસ્ટ કસરત કરાવે છે અને યુવાનોને ભાગદોડ ભરી જીંદગીમાં કોઈ હાડકા, કરોડરજ્જુ અને સ્નાયુઓની તકલીફ થાય ત્યારે અને બાળકોને સતત અભ્યાસ અને રમત-ગમત દરમ્યાન કોઈ તકલીફ થાય ત્યારે દવાઓ કરતા કસરતો વધુ કામમાં આવે છે**



કેમ છો મિત્રો, તાજેતરમાં ક્રિકેટર રૂષભ પંતે ફીઝિયોથેરાપીની મદદથી કેવી રીતે શારીરિક મર્યાદાઓથી બહાર આવ્યો તે બાબતની ભારે ચર્ચા થઈ હતી. પરંતુ આજકાલ મેડિકલ પ્રોફેશનમાં જેમ ડેન્ટલ કોલેજોની સંખ્યામાં અને તેના કારણે વિદ્યાર્થીઓમાં વધારો થયો છે તેવી જ રીતે ફીઝિયોથેરાપી પણ એક પેરામેડિકલ કરિયર તરીકે ઉજ્જવળ કારકિર્દી તરીકે જોવામાં આવે છે. આજકાલ ઝડપી જીંદગી અને શારીરિક કસરતના અભાવે હાડકા અને સાંધાઓને લગતી જે તકલીફો થાય છે તેમાં રાહત મેળવવા માટે ફીઝિયોથેરાપી એક અકસીર ઈલાજ તરીકે જોવામાં આવે છે. તો ચાલો આજે કરીયે ફિઝીયોથેરાપીની દુનિયામાં ડોકિયું.

**શું છે ફીઝિયોથેરાપી ?**

જો એકદમ સાદી ભાષામાં કહીએ તો શારીરિક ઈજા કે વૃદ્ધાવસ્થાની તકલીફોને લઈને શરીરની મુવમેન્ટને નોર્મલ બનાવવા માટે જે કસરતો કરાવવામાં આવે તેને ફીઝિયોથેરાપી કહેવામાં આવે છે. દર વર્ષે ૮ સપ્ટેમ્બરને વિશ્વ ફીઝિયોથેરાપી દિવસ તરીકે વિશ્વભરમાં ઉજવવામાં આવે છે. ફીઝિયોથેરાપી વિશ્વના સાંપ્રત પ્રવાહો, તેના લેટેસ્ટ લાભો વિશે માહિતી ફેલાવવા અને સમુદાયને મજબૂત બનાવવા માટે ફીઝિયોથેરાપીસ્ટો દ્વારા તેની ઉજવણી કરવામાં આવે છે. શરીરના સ્નાયુઓને મજબૂત બનાવીને શરીરને મજબૂતી પ્રદાન કરવા માટે હલનચલન એક નોર્મલ વ્યક્તિની જેમ પાછું લાવવા માટે આયોજનપૂર્વક શરીરના વિવિધ ભાગોની કસરત માન્ય ફીઝિયોથેરાપીસ્ટ દ્વારા કરાવવામાં આવે છે. વિશ્વ ફીઝિયોથેરાપી દિવસની ઉજવણીની શરૂઆત ૧૯૫૧માં થઈ હતી અને વર્ષ ૧૯૯૬માં વર્લ્ડ કન્ફેડેરેશન ઓફ ફિઝીકલ થેરાપીની સ્થાપના થઈ હતી કે જે હવે ત્યારબાદ દર વર્ષે ૮ સપ્ટેમ્બરને વિશ્વ ફીઝિયોથેરાપી દિવસ મનાવવાની શરૂઆત કરવામાં આવી હતી. આ દિવસે ફીઝિયોથેરાપીસ્ટો દ્વારા દર્દીઓને એક આરોગ્યપ્રદ જીવન પ્રણાલિની ભેટ આપવા માટે તેઓનો આભાર માનીને એક વિશેષ સન્માન આપવામાં આવે છે. વર્ષ ૨૦૨૩માં ફીઝિયોથેરાપી દિવસની થીમ **'Prevention and Management of Osteoarthritis'** હતી અને વર્ષ ૨૦૨૨માં પણ આ જ થીમ હતી અને તેને વર્ષ ૨૦૨૩માં પણ ચાલુ રાખવામાં આવી હતી.

ફીઝિયોથેરાપીસ્ટ એ તબીબી વ્યાવસાય છે જે દવાઓના ઉપયોગ, હલનચલન, રમતગમતની મસાજ, ઉપચારાત્મક પ્રક્રિયાઓ અને નિયમિત કસરત દ્વારા બીમારી, અકસ્માત અને વૃદ્ધત્વને કારણે થતી શારીરિક બિમારીઓવાળા દર્દીઓની સારવાર કરે છે. ડબ્લ્યુએચઓ દ્વારા હાથ ધરવામાં આવેલા સર્વેક્ષણ અહેવાલ મુજબ, ભારતમાં દર ૧૦,૦૦૦ રહેવાસીઓ માટે ૧ ફીઝિયોથેરાપીસ્ટ છે. તેથી, ભારતની વસ્તીને જોતાં, ભારતમાં અંદાજે ૧.૪ લાખ ફીઝિયોથેરાપીસ્ટ છે. ફીઝિયોથેરાપીસ્ટ બનવા માટે જરૂરી મૂળભૂત પાત્રતા માપદંડ એ છે કે ઉમેદવારોએ તેમની ૧૦+૨ બોર્ડની પરીક્ષા માન્ય બોર્ડમાંથી ઓછામાં ઓછા ૫૦% અને તેથી વધુના કુલ સ્કોર સાથે પૂર્ણ કરવી આવશ્યક છે. ફીઝિયોથેરાપીસ્ટ બનવા માટે તેમની પાસે ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર અને જીવવિજ્ઞાનના ફરજિયાત વિષયોનો અભ્યાસ કર્યો હોવો આવશ્યક છે.

ફીઝિયોથેરાપીસ્ટ બનવાની ઈચ્છા ધરાવતા ઉમેદવારોએ પછી ભારતની ટોચની ફીઝિયોથેરાપી કોલેજોમાંથી અંડરગ્રેજ્યુએટ અથવા અનુસ્નાતક ફીઝિયોથેરાપી અભ્યાસક્રમોકરવાની તકો છે. કેટલાક ટોચના અભ્યાસક્રમોમાં બેચલર ઓફ ફીઝિયોથેરાપી, ફીઝિયોથેરાપીમાં માસ્ટર્સ વગેરે છે. ઉમેદવારો ફીઝિયોથેરાપીમાં વિવિધ પ્રમાણપત્ર અથવા ડિપ્લોમા અભ્યાસક્રમો પણ કરી શકે છે. તમામ ફીઝિયોથેરાપી અભ્યાસક્રમોમાં પ્રવેશ NEET PG, CET અને BCECE જેવી પ્રવેશ પરીક્ષાઓના આધારે કરવામાં આવે છે. હવે મળતા એક અહેવાલ પ્રમાણે અન્ડરગ્રેજ્યુએટ ફીઝિયોથેરાપી કોર્ષમાં પ્રવેશ મેળવવા માટે નીટની જરૂર નહોતી પરંતુ હવે નીટ આપવાની રહેશે. શૈક્ષણિક લાયકાત ઉપરાંત, ફીઝિયોથેરાપીસ્ટ બનવા માટે જરૂરી કેટલીક અન્ય પૂર્વજરૂરીયાતો એ છે કે ઉમેદવારોની ઉંમર ૧૭ વર્ષથી ઓછી ન હોવી જોઈએ. તેમની પાસે ચોક્કસ કૌશલ્યો પણ હોવા જોઈએ જે તેમને વૈશ્વિક સ્તરે તેમની કારકિર્દીને વિકસાવવામાં કરવામાં મદદ કરશે, જેમ કે શારીરિક સહનશક્તિ, સારવારનું આયોજન, સક્ષમ અને દર્દીઓને સહયોગી બનવા જેવી બાબતોનો સમાવેશ થાય છે. ફીઝિયોથેરાપીસ્ટનો સરેરાશ વાર્ષિક પગાર રૂા.૩ લાખ કે તેથી વધુ હોય છે. ફીઝિયોથેરાપીસ્ટનો અવકાશ ઘણો વિશાળ છે કારણ કે તેઓ સ્પોર્ટ્સ ફીઝિયો રિહેબિલિટર્સ, ઓસ્ટિયોપેથ,ફીઝિયોથેરાપીસ્ટ, રિસર્ચર્સ, ડિફેન્સ મેડિકલ એસ્ટાબ્લિશમેન્ટ્સ વગેરે જેવી વિવિધ પ્રોફાઈલમાં કાર્યરત છે. ફિટનેસ સેન્ટર્સ, એનજીઓ, હોસ્પિટલો જેવા અનેક ક્ષેત્રો છે જ્યાં તેઓ નોકરી કરી શકે છે અથવા સેવાઓ આપી શકે છે.

**કયા કયા પ્રકારના ફીઝિયોથેરાપીસ્ટ્સ બની શકાય**

**રમતગમત ફીઝિયોથેરાપીસ્ટ** - એક સ્પોર્ટ્સ ફીઝિયોથેરાપીસ્ટ રમત-સંબંધિત ઈજાઓની સારવાર માટે અને ખેલાડી તેમની શારીરિક પ્રવૃત્તિના સ્તરને જાળવી શકે અને પહોંચી વળે તેની ખાતરી કરવા માટે કામગીરી કરે છે.

**ન્યૂરો ફીઝિયોથેરાપીસ્ટ્સ** - મગજ, કરોડરજ્જુ અને જ્ઞાનતંતુઓને અસર કરી શકે તેવી ન્યુરોલોજીકલ તકલીફ હોય તેવી શારીરિક સ્થિતિના મૂલ્યાંકન અને સારવાર કરવાની કામગીરી કરે છે.

**ઓર્થોપેડિક ફીઝિયોથેરાપીસ્ટ** - હાડકાઓ અને સ્નાયુઓની સાથે સંબંધિત સમસ્યાઓ જેવી કે હાડકાં, સાંધા, અસ્થિબંધન (લિગામેન્ટસ), સ્નાયુઓ વગેરેની સારવારમાં નિષ્ણાત હોય છે.

**કાર્ડિયો-રેસ્પિરેટરી ફીઝિયોથેરાપીસ્ટ** - ફેફસાં અને શ્વસનતંત્રને લગતી બીમારીને અટકાવવા અને તેમાં સુધારો લાવવા માટે કામગીરી કરે છે.

**પેડિયાટ્રિક ફીઝિયોથેરાપીસ્ટ** - બાળકો સાથે તેમની કાર્યાત્મક મુશ્કેલીઓને ઓળખવા અને કસરતો અને પ્રવૃત્તિઓ દ્વારા તેમની સારવાર કરવા માટે કામ કરે છે જે તેમને તેમની ગતિશીલતાને ફરીથી પ્રાપ્ત કરવામાં મદદ કરે છે.

**ફિઝીયોથેરાપીસ્ટ બનવાના ફાયદા** - ફીઝિયોથેરાપીસ્ટ બનવું અને હેલ્થકેર સેક્ટરમાં કામ કરવું એ ખૂબ જ પ્રતિષ્ઠિત કારકિર્દી છે. તે નોકરી અને વ્યવસાયમાં પુષ્કળ તકો અને સારૂ કામ કર્યાનો સંતોષ આપે છે. આ ઉપરાંત તેના અન્ય ઘણા લાભો છે. તેમાં નીચેની બાબતોનો સમાવેશ થાય છે.

**આકર્ષક પગાર**- ફીઝિયોથેરાપીસ્ટ પ્રેક્ટિશનરોને ખૂબ જ આકર્ષક પગાર આપી શકે છે. કાં તો હોસ્પિટલમાં કામ કરીને અથવા પોતાની પ્રેક્ટિસ કરીને તેઓ આરામદાયક જીવન અને કમાણી કરી શકે છે. બેચલર ડિગ્રી કર્યા પછી પ્રારંભીક પગાર વાર્ષિક રૂા.૨થી ૩ લાખ હોય છે અને ત્યારબાદ અનુભવે મળે તે મુજબ તેમાં ગ્રોથ થાય છે. જ્યારે સારો અનુભવ થઈ જાય તે પછી વ્યવસાય શરૂ કરીને પોતાની પ્રેક્ટીસ દ્વારા એક ડોક્ટરની જેમ સારી એવી આવક કેળવી શકાય છે. હાલમા એક પેશન્ટ વિઝીટના એક કલાકના રૂા.૫૦૦થી રૂા.૧૦૦૦ સુધીનો ભાવ ચાલે છે. એટલે દિવસમાં અનેક પેશન્ટની હોમ વિઝીટ કરીને કમાણી કરતા હોય છે. પોતાના કિલીનીકમાં સારવાર માટે પણ ફી મળે છે.

**કામના કલાકો** - ફીઝિયોથેરાપીસ્ટ પોતાની અનુકુળતા મુજબ કામના કલાકો નક્કી કરી શકે છે. જો વ્યવસાય શરૂ કરી તો દર્દીના હોમ વિઝીટ અથવા તો પોતાનું ક્લિનીક શરૂ કર્યું હોય તો કામના કલાકો નક્કી કરીને દર્દીઓ સારવાર આપી શકે છે. આથી દિવસમાં કેટલા કલાક કામ કરવું તે ફીઝિયોથેરાપીસ્ટ પોતે પોતાની અનુકુળતા મુજબ નક્કી કરી શકે છે. આથી કામ અને સામાજિક જીવનની સમતુલા જાળવી શકાય છે.

**સ્થિર કારકિર્દી** - ફીઝિયોથેરાપી એ એક ઈન-ડિમાન્ડ કારકિર્દી છે કારણ કે આજકાલ બાળકોથી લઈને વૃધ્ધો સુધીનાને હાડકા, સાંધા અને અન્ય બીજી શારીરિક હલનચલનને લઈને તકલીફો હોય છે. ઉંમર થાય ત્યાર પાછી હાડકાઓ અને સ્નાયુઓ ઘસાઈ ગયા હોય ત્યારે તેઓને રાહત આપવા માટે ફીઝિયોથેરાપીસ્ટ કસરત કરાવે છે અને યુવાનોને ભાગદોડ ભરી જીંદગીમાં કોઈ હાડકા, કરોડરજ્જુ અને સ્નાયુઓની તકલીફ થાય ત્યારે અને બાળકોને સતત અભ્યાસ અને રમત-ગમત દરમ્યાન કોઈ તકલીફ થાય ત્યારે દવાઓ કરતા કસરતો વધુ કામમાં આવે છે.

**ફીઝિયોથેરાપીનો કોર્ષ કયા કયા છે**

જો તમે ફીઝિયોથેરાપીસ્ટની કારકિર્દી બનાવવા માગતા હોવ તો બેચલર, માસ્ટર અને ડિપ્લોમાની ડિગ્રી કરી શકો છો. ઉપર જણાવ્યું તેમ ધોરણ-૧૨ સાયન્સ બાદ એડમિશન કમિટી દ્વારા પ્રવેશ મળતો હોય છે. લોકોની સેવાની સાથે કમાણી કરવાની આ એક ઉત્તમ કારકિર્દી છે.

# ઉનાળાની ગરમીનું વેકેશનમાં ગુજરાતીઓનું પહેલી પસંદ લક્ષદ્વીપનો પ્રવાસ

## દેશભરમાંથી લક્ષદ્વીપ પહોંચનારા પ્રવાસીઓનો ધસારો જબરદસ્ત જોવા મળ્યો




નવીદિલ્હી,તા.૨૯

ઉનાળાની ગરમીનું વેકેશન પડવા સાથે જ હવે ગુજરાતીઓ દેશ અને વિદેશના પર્યટન સ્થળો પર જવા માટે નિકળી જતા હોય છે. રજાઓ ગાળવા માટે ગુજરાતીઓ સુંદર સ્થળો પર મોટી સંખ્યામાં પહોંચતા હોય છે. આ વખતે દેશના ટાપુઓ પર પહોંચનારાઓની સંખ્યામાં વધારો જોવા મળી રહ્યો છે. ખાસ કરીને લક્ષદ્વીપનો પ્રવાસ ખેડનારા પ્રવાસીઓની સંખ્યા વધારે જોવા મળી છે. ગુજરાત જ નહીં પરંતુ દેશભરમાંથી લક્ષદ્વીપ પહોંચનારા પ્રવાસીઓનો ધસારો જબરદસ્ત જોવા મળી રહ્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જાન્યુઆરીમાં લક્ષદ્વીપ પ્રવાસ કર્યા બાદ માલદીવના નેતાઓના પેટમાં તેલ રેડાયું હતું. પીએમ મોદીએ લક્ષદ્વીપની સુંદર તસ્વીરો શેર કરી હતી. એ સાથે જ માલદીવના નેતાઓએ પીએમ મોદી, ભારત અને લક્ષદ્વીપને લઈ વિરોધમાં બોલવું શરુ કર્યુ હતું. જેને લઈ ભારતીય સ્ટાર્સ, ક્રિકેટર્સથી લઈ અનેક જાણીતી હસ્તીઓએ લક્ષદ્વીપ અને ભારતીય ટાપુઓને પ્રાધાન્ય આપવાની વાત શરુ કરી હતી. લક્ષદ્વીપની સુંદરતા અને તેના વિકાસને લઈ ચર્ચા ચોતરફ છેડાઈ ગઈ હતી. જે ચર્ચા દેશ જ નહીં વિદેશમાં પણ ખૂબ થવા લાગી હતી.

ગત જાન્યુઆરી માસની શરુઆતે જ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લક્ષદ્વીપની મુલાકાત લીધી હતી. એ બાદ તુરત જ ભારતીય લોકોએ પ્રવાસ સ્થળ તરીકે લક્ષદ્વીપને વખાણવાનું શરુ કર્યુ હતુ. માલદીવના નેતાઓએ લક્ષદ્વીપ સામે સવાલો ખડા કરતા જ દેશમાં બોયકોટ માલદીવ અભિયાન શરુ થયુ હતુ.તો બીજી તરફ ભારતીયોએ લક્ષદ્વીપ ફરવા જવા માટેના આયોજન શરુ કર્યાનું સોશિયલ મીડિયા પર જણાવવું શરુ કર્યુ હતુ. અદ્ભૂત કુદરતી સૌંદર્યથી ભરપુર લક્ષદ્વીપની સુંદરતાની તસ્વીરો અને વીડિયો ઈન્ટરનેટ પર શોધવાનો વધી ગયો હતો. આ સાથે જ દેશભરમાંથી પ્રવાસીઓનું આકર્ષણ લક્ષદ્વીપ તરફ વધ્યુ હતુ. વર્ષની શરુઆતના જ મહિનાઓમાં ફલાઈટોમાં ટિકિટ બુકિંગ ફુલ થઈ ગઈ હતી. આમ ઉનાળા સુધીના બુકિંગ થઈ જતા લોકોમાં લક્ષદ્વીપનું આકર્ષણ કેટલું વધ્યુ છે એ નક્કી થઈ ગયુ હતુ.

દેશના અનેક હિસ્સાઓમાંથી લક્ષદ્વીપ તરફ પ્રવાસીઓ છેલ્લા ચાર મહિનાથી મોટી સંખ્યામાં વધી રહ્યા છે. જેમાં ગુજરાતી પ્રવાસીઓની સંખ્યામાં પણ મોટો વધારો થયો છે. લક્ષદ્વીપ માટે ટુરિસ્ટ એજન્સીઓમાં પણ ઈક્વાયરીઓ વધી છે. ગુજરાતમાં નાની અને મોટી ટૂરિસ્ટ એજન્સીઓમાં લક્ષદ્વીપને લઈ ઈક્વાયરી ઉનાળા વેકેશનને લઈ થઈ રહી છે. જે વર્ષ ૨૦૨૩ ના પ્રમાણમાં અનેકગણી વધારે છે. રાજ્યમાંથી સહેલાણીઓ માટે અત્યાર સુધી દરિયા કિનારાના સ્થળો પર રજાઓ ગાળવા ગોવા અને અંદમાન નિકોબાર ટાપુઓ તરફ આકર્ષણ હતુ. જ્યારે હવે લક્ષદ્વીપની સુંદર તસ્વીરો અને તેના અંગેની જાણકારીઓ વધવા લાગતા જ હવે સહેલાણીઓ લક્ષદ્વીપના પેકેજ અંગેની જાણકારી મેળવવા લાગ્યા છે. આમ ઉનાળા વેકેશનમાં હવે ગુજરાતી સહેલાણીઓ મોટી સંખ્યામાં લક્ષદ્વીપના અલગ અલગ બીચ પર હરતાં ફરતાં જોવા મળી શકે છે. વર્ષ ૨૦૨૪ની શરુઆતે જ વડાપ્રધાન નરેન્દ્ર મોદી લક્ષદ્વીપની મુલાકાતે પહોંચ્યા હતા. જ્યાં વડાપ્રધાને રાત્રી રોકાણ કર્યુ હતુ અને સુંદર બીચ પરની તેઓની તસ્વીરો ખૂબ જ વાયરલ થઈ હતી. જે તસ્વીરો લોકોને ખૂબ પસંદ આવી હતી. જોકે માલદીવના કેટલાક નેતાઓને પીએમ મોદીની લક્ષદ્વીપ મુલાકાતથી પેટમાં તેલ રેડાયું હતું. માલદીવને લક્ષદ્વીપના વિકાસને લઈ ટુરિઝમ ક્ષેત્રની સ્પર્ધામાં ખતમ થઈ જવાનો ડર લાગવા લાગ્યો હતો. માલદીવના નેતાઓએ ભારત વિરોધી માનસીકતા દર્શાવતા તેનો ભારતીય સ્ટાર્સ, ક્રિકેટર્સ અને જાણીતી હસ્તીઓ સહિત યુવાનોએ સોશિયલ મીડિયામાં લક્ષદ્વીપની ચર્ચા શરુ કરી હતી. પીએમ મોદી અને ભારત માટે વિરોધી માનસીકતા માલદીવ તરફ સામે આવતા હજારો ભારતીયોએ માલદીવના બુકિંગ કેન્સલ કરાવી દીધા હતા. તો ભારતીય પ્રવાસીઓએ લક્ષદ્વીપના બુકિંગ ફુલ કરી દીધા હતા. માલદીવના નેતાઓએ સર્જેલા વિવાદ બાદ આમ લક્ષદ્વીપ દેશ વિદેશમાં ચર્ચામાં આવ્યુ અને લોકોમાં ભારતીય ટાપુ માટે આકર્ષણમાં વધારો નોંધાયો હતો. સુંદર દ્વીપ સમૂહ પર પર્યટનને લગતી સુવિધાઓને વધારવા માટે યુદ્ધના ધોરણે કાર્યહાથ ધરવામાં આવ્યુ છે. અહીં પ્રવાસન માટે વિકાસની ગતિ બુલેટ ઝડપે દોડી રહી છે. અનેક એવા નિર્ણયો લેવામાં આવ્યા છે, જે પર્યટકોના માટે ખુબ જ મહત્વના છે. જેમકે અહીં દારુની છૂટછાટ આપવામાં આવી છે, તો દરિયાઈ અને હવાઈ મુસાફરીની દિશામાં પણ મહત્વના કાર્ય હાથ ધરવામાં આવ્યા છે. આ સુંદર દ્વીપ કેન્દ્રશાસીત પ્રદેશ છે અને પ્રશાસક તરીકે પ્રફુલ પટેલ છે. પ્રશાસક પ્રફુલ પટેલ મૂળ ગુજરાતી છે અને તેઓ હિંમતનગરના રહેવાસી છે. પ્રફુલ પટેલ ગુજરાતના પૂર્વ ગૃહરાજ્ય પ્રધાન રહી ચૂક્યા છે. જયારે હિંમતનગરથી તેઓ ધારાસભ્ય હતા. એક જ ટર્મ ધારાસભ્ય રહેતા તેઓએ હિંમતનગરની કાયાપલટ કરી દીધી હતી. જેને લઈ તેઓ ગુજરાતમાં ચર્ચામાં રહ્યા હતા. ત્યાર બાદ તેઓને દીવ દમણ અને લક્ષદ્વીપના પ્રશાસક તરીકે જવાબદારી સોંપવામાં આવી છે. તેઓએ દીવ અને દમણ તેમજ સેલવાસની કાયાપલટ કરી છે. હવે તેઓ લક્ષદ્વીપના આંતરરાષ્ટ્રીય સ્તરના ટૂરિઝમ સ્થળ તરીકે ડેવલપ કરી રહ્યા છે. તેઓએ ગત ઉત્તરાયણ વખતે જ પતંગ ચગાવતા જ કહ્યુ હતુ કે, લક્ષદ્વીપના વિકાસનો પતંગ આભને આંબશે. ગુજરાતથી લક્ષદ્વીપ જવા માટે હવાઈમાર્ગે કેરળના કોચી થઈ કોચીથી હવાઈ અને દરિયાઈ બંનેમાંથી અનુકૂળ માર્ગે લક્ષદ્વીપ પહોંચી શકાય છે. કોચી સિવાય અન્ય કોઈ પણ એરપોર્ટથી સીધી ફ્લાઈટ નથી. જે લક્ષદ્વીપના અગાત્તી ટાપુ પર પહોંચાડે છે. જ્યાંથી બોટ મારફતે અન્ય ટાપુ પર પહોંચી શકાય છે. જોકે લક્ષદ્વીપ સીધું જ પહોંચી શકાતુ નથી. ત્યાં જવા પહેલા લક્ષદ્વીપ પ્રશાસનની પૂર્વ મંજૂરી લેવી ફરજીયાત છે. પરવાનગી મળ્યા બાદ જ લક્ષદ્વીપ પહોંચી શકાય છે. લક્ષદ્વીપમાં એક થી બીજા ટાપુ વચ્ચે સ્પીડ બોટ અને ક્રૂઝ સેવા પણ ચાલે છે. જે પ્રવાસના આનંદને અનેક ગણો વધારી મુકે છે. કવારાત્તી, બંગારામ અને મીનીકોય જેવા ટાપુઓ પર ક્રૂઝથી પહોંચવા સાથે અદ્‌ભભૂત માણી શકાય છે. લક્ષદ્વીપ કોચીથી ૪૪૦ કિલોમીટર દૂર આવેલ છે. બ્લૂ દરિયાઈ પાણીની નીચેનું જીવન જોવા માટે પર્યટકો રોમાંચક એક્ટિવિટી કરી શકે છે. સ્નોર્કલિંગ, સ્કૂબા ડાઈવિંગ અને અંડર સી વોકિંગ જેવા એડવેંચર કરી શકાય છે. અહીં કિટ્સર્ફિંગ, કેનોઈંગ, કાયાકિંગ, જેટ સ્કીઈંગ અને પેરાસેલિંગની મજા માણી શકાય છે. ટાપુના પ્રાકૃતિક સૌંદર્યનો આનંદ પણ તમે અહીં માણી શકો છો. અગાત્તી અને બંગારામ આઈલેંડ લક્ષદ્વીપમાં ડોલ્ફિનને જોવા માટે એકદમ શ્રેષ્ઠ સ્થળ છે.અહીંની મોજ માણવા માટે એક સપ્તાહ એટલે પૂરતો સમય છે. વધારે રોકાઈને વધુ આનંદ લઈ શકાય છે પંરતુ એ તમારા ખીસ્સા પર આધાર છે. જોકે સપ્તાહ રજાઓ ગાળવા માટે પૂરતો સમય માની શકાય. અહીં ફરવાનાં ખર્ચ પર પણ એક નજર કરીએ તો, જો તમારે ૪ દિવસ અને ૩ રાત માટે આયોજન કરવા માટે લક્ષદ્વીપ ટૂર પેકેજ આશરે ૨૩,૦૦૦ રૂપિયા (વ્યક્તિદીઠ) થી શરૂ થાય છે. આ પેકેજની શરુઆત લક્ષદ્વીપ પહોંચ્યા પછી થાય છે. તમારા સ્થળથી લક્ષદ્વીપ પહોંચવા અને ત્યાંથી પરત ફરવા માટે ટિકિટની વ્યવસ્થા તમારે અલગથી કરવી પડશે. જો તમે બજેટમાં કાપ મુકવા ઈચ્છતા હોય તો કોચીથી જહાજ દ્વારા પહોંચવું જોઈએ. કોચીથી લક્ષદ્વીપ સુધીની ૧૪-૧૮ કલાકની જહાજની મુસાફરીમાં ૨૨૦૦ થી ૫૦૦૦ રૂપિયાનો પ્રવાસનો ખર્ચ થાય છે. ફ્લાઈટનાં દર ૫૫૦૦ રૂપિયાથી શરૂ થાય છે.

# પરીક્ષામાં વિદ્યાર્થીઓએ ઉત્તરવહીમાં 'જય શ્રી રામ' લખ્યુ, ૫૬ ટકાથી પાસ, શિક્ષકો ઉપર કાર્યવાહી




ઉત્તર પ્રદેશ,તા.૨૯

બે શિક્ષકોનું આશ્ચર્યજનક પરાક્રમ સામે આવ્યું છે. ફાર્મસીની પરીક્ષામાં પ્રશ્નોના જવાબ આપવાને બદલે જવાબ પત્રકમાં 'જય શ્રી રામ' અને ક્રિકેટ ખેલાડીઓના નામ લખવા બદલ ચાર વિદ્યાર્થીઓ ૫૬ ટકા માર્ક્સ આપીને પાસ થયા હતા. જો કે આ પ્રકારનું કૃત્ય કરનાર બે આરોપી શિક્ષકો ડો.વિનય વર્મા અને ડો.આશુતોષ ગુપ્તા સામે કાર્યવાહી થશે. આ ઘટના ઉત્તર પ્રદેશના જૌનપુરમાં આવેલી પૂર્વાંચલ યુનિવર્સિટી છે. વીર બહાદુર સિંહ પૂર્વાંચલ યુનિવર્સિટીમાં આયોજિત ડી-ફાર્માના પ્રથમ અને બીજા સેમેસ્ટરના વિદ્યાર્થીઓને ઉત્તરવહીમાં પ્રશ્નોના જવાબને બદલે જય શ્રી રામ અને ક્રિકેટરોના નામ લખવા બદલ પાસ કરવામાં આવ્યા હતા. આ મામલે યુનિવર્સિટીના ભૂતપૂર્વ વિદ્યાર્થી દિવ્યાંશુએ માહિતી અધિકાર હેઠળ માહિતી માગી હતી. ભૂતપૂર્વ વિદ્યાર્થી દિવ્યાંશુએ ૩ ઓગસ્ટ, ૨૦૨૩ના રોજ ડી-ફાર્મા પ્રથમ સેમેસ્ટરના ૧૮ વિદ્યાર્થીઓના રોલ નંબર આપ્યા હતા અને તેમની ઉત્તરવહીઓનું પુનઃમૂલ્યાંકનની માંગણી કરી હતી. આ પછી, યુનિવર્સિટીને ૫૮ જવાબ પત્રકોની નકલો પ્રદાન કરવા માટે કહેવામાં આવ્યું હતું પરંતુ માત્ર ૪૨ ઉત્તર પત્રકોની નકલો પ્રદાન કરવામાં આવી હતી. માહિતી અધિકાર અધિનિયમ હેઠળ માંગવામાં આવેલી માહિતીના જવાબમાં વિદ્યાર્થીને ઉત્તરવહીની નકલો આપવામાં આવી હતી. બાર કોડ નંબર ૪૧૪૯૧૧૩ની કોપીમાં વિદ્યાર્થીએ 'જય શ્રી રામ પાસ હો જાયેં' લખ્યું હતું આ ઉપરાંત વિરાટ કોહલી, રોહિત શર્મા, હાર્દિક પંડ્યા વગેરેના નામ પણ લખ્યા હતા. આ વિદ્યાર્થીને યુનિવર્સિટીના શિક્ષકોએ ઉત્તરવહીમાં પ્રશ્નોના જવાબો લખવાને બદલે જય શ્રી રામ અને ક્રિકેટ ખેલાડીઓના નામ લખવા બદલ ૭૫માંથી ૪૨ ગુણ એટલે કે ૫૬ ટકા માર્કસ આપીને પાસ કરી દીધો હતો. સમાન કેસ બાર કોડ ૪૧૪૯૧૫૪, ૪૧૪૯૧૫૮, ૪૧૪૯૨૧૭ની નકલોમાં પણ જોવા મળ્યો હતો. આ વિદ્યાર્થીઓ પણ પાસ થયા હતા. ભૂતપૂર્વ વિદ્યાર્થી દિવ્યાંશુએ એફિડેવિટ સાથે રાજભવનમાં ફરિયાદ કરી હતી. ફરિયાદ પત્રમાં આક્ષેપ કરવામાં આવ્યો છે કે પૈસા લઈને વિદ્યાર્થીઓને આપી દેવામાં આવ્યા હતા. ફરિયાદની નોંધ લેતા રાજભવને ૨૧ ડિસેમ્બર ૨૦૨૩ના રોજ તપાસ અને કાર્યવાહીનો આદેશ આપ્યો હતો. રાજભવનના આદેશ પર યુનિવર્સિટીએ ફરિયાદની તપાસ માટે તપાસ સમિતિની રચના કરી હતી. તપાસમાં જે બહાર આવ્યું તેનાથી સૌને આશ્ચર્ય થયું. રાજભવનને મોકલવામાં આવેલી આન્સરશીટમાં ૮૦માંથી ૫૦માં વધુ માર્ક્સ આપવામાં આવ્યા હતા. જ્યારે ઉત્તરવહીઓનું પુનઃમૂલ્યાંકન કરવામાં આવ્યું, ત્યારે બાહ્ય પરીક્ષકો દ્વારા શૂન્ય માર્કસ આપવામાં આવ્યા હતા. આ સ્થિતિમાં પૂર્વ વિદ્યાર્થીની ફરિયાદ સાચી હોવાનું જાણવા મળ્યું હતું. પૂર્વાંચલ યુનિવર્સિટીના ફાર્મસી વિભાગના પ્રોફેસર ડૉ. વિનય વર્માનો વિદ્યાર્થીઓ પાસેથી પૈસા માંગવાનો વીડિયો વાયરલ થયો હતો, જે બાદ કાર્યવાહીની ચર્ચા થઈ હતી. પરંતુ માત્ર કાગળ પર કામ કરીને પૈસા પૂરા પાડવામાં આવ્યા હોવાનો આરોપ છે. આટલું બધું હોવા છતાં યુનિવર્સિટી પ્રશાસન દ્વારા ડો. વિનય વર્માને અનેક વહીવટી કામોમાં નોડલ ઓફિસર બનાવવામાં આવ્યા હતા. આ મામલામાં પૂર્વાંચલ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર પ્રોફેસર ડૉ.વંદના સિંહે જણાવ્યું કે, ફાર્મસી વિભાગના બે શિક્ષકો ખોટા મૂલ્યાંકનમાં દોષિત ઠર્યા છે. પ્રક્રિયા કરવામાં આવશે.

### શાળા ફી લેવા દબાણ કરે તો DEOને ફરિયાદ કરવા સૂચન

# ખાનગી શાળાઓએ FRCનો ચાર્ટ બોર્ડ ઉપર મૂકવો પડશે

## ડીઈઓએ એકસાથે આખા વર્ષની સ્કૂલ ફી ઉઘરાવતી સ્કૂલો સામે ફરિયાદ કરવાનું પણ સૂચન કર્યુ છે




અમદાવાદ, તા.૨૯


અમદાવાદ શહેરમાં ડીઈઓ (ડિસ્ટ્રિક્ટ એજ્યુકેશન ઓફિસર)એ લાલ આંખ કરી છે. ડીઈઓને ફરિયાદ મળી છે કે અમુક સ્વનિર્ભર શાળાઓ એફઆરસીએ નક્કી કરેલી ફીનો ચાર્ટ નોટિસ બોર્ડ પર લગાવતા ન હોવાની ફરિયાદ ઉઠી છે. આ રીતે સ્વનિર્ભર શાળાઓ મનમાની કરી રહી હોવાની વાત પણ ઉઠી છે.

અમદાવાદ શહેરના ડીઈઓએ શહેરની તમામ સ્વનિર્ભર શાળાને પત્ર લખ્યો છે. એફઆરસીએ નક્કી કરેલી ફીનો ચાર્ટ નોટિસ બોર્ડ પર લગાવવા આદેશ આપ્યો છે. આના પગલે અમદાવાદના ડીઈઓએ શહેરની તમામ સ્વનિર્ભર શાળાઓને પત્ર લખ્યો છે. આ પત્રમાં એફઆરસીએ નક્કી કરેલી ફીનો ચાર્ટ નોટિસ બોર્ડ પર લગાવવા આદેશ આપ્યો છે. તેની સાથે જ ડીઈઓએ એકસાથે આખા વર્ષની સ્કૂલ ફી ઉઘરાવતી સ્કૂલો સામે ફરિયાદ કરવાનું પણ સૂચન કર્યુ છે. એફઆરસીના પગલે જે શાળા ફી ચાર્ટ નોટિસબોર્ડ પર નહીં રાખે તેની સામે કાર્યવાહી કરવામાં આવશે. અહીં ડીઈઓને ફરિયાદ મળી છે કે કેટલીક શાળાઓ વિદ્યાર્થીના માબાપને વાર્ષિક ફી ભરવા માટે દબાણ કરે છે જેને લઈને ડીઈઓએ ફરિયાદ કરવા સૂચન કર્યુ છે. આ આદેશનું પાલન નહીં કરનારા શાળા વિરુદ્ધ DEO કાર્યવાહી કરશે. આ સાથે જ અમુક શાળાઓ વાલીઓ પાસેથી આખા વર્ષની ફીની ઉઘરાણી કરતી હોવાની પણ ડીઈઓને ફરિયાદ મળી છે. જેથી ડીઈઓએ આખા વર્ષની ફી એક સાથે ન લેવા આદેશ આપ્યો છે. સાથે જ અમદાવાદ DEOએ આખા વર્ષની ફી ઉઘરાવનારી સ્કૂલની ફરિયાદ કરવા સૂચન કર્યું છે. અનેકવાર એવું બનતું હોય છે કે ખાસ કરીને સીબીએસઈમાં કારણ કે આ શાળાઓમાં નવું શૈક્ષણિક વર્ષ એપ્રિલ મહિનાથી શરૂ થઈ જાય છે પછી વેકેશન પડે છે અને પછી પાછું શૈક્ષણિક કાર્ય શરૂ થાય છે. ત્યારે એવામાં જો વિદ્યાર્થીએ કોઈ કારણસર શાળા બદલવાનો વારો આવે તો શાળા દ્વારા વિદ્યાર્થીને પહેલા ક્વાર્ટર એટલે કે ૩ મહિનાની ફી ભરવા માટે દબાણ કરવામાં આવે છે પરંતુ અમદાવાદ ડીઈઓના જણાવ્યાં મુજબ કોઈ પણ શાળા આ પ્રકારનું દબાણ કરી શકશે નહીં. જો એપ્રિલના પહેલા અઠવાડિયામાં વિદ્યાર્થી શાળા બદલે તો તેને નવા સત્રની ફી માટે સ્કૂલ દ્વારા દબાણ ન કરી શકાય. આમ છતાં જો કોઈ શાળા આવી સ્થિતિમાં વિદ્યાર્થીને ફી ભરવા માટે દબાણ કરતી જણાશે તો શાળા સામે કાર્યવાહી કરાશે.

અમદાવાદ ડીઈઓએ આકરી ચેતવણી આપતા કહ્યું છે કે જે તે શાળાઓ રેગ્યુલેશન એક્ટનું પાલન નહીં કરે અને નવું શૈક્ષણિક સત્ર શરૂ થાય તે પહેલા જ શાળાઓ ફી ઉઘરાવતી જણાશે કે ફી કમિટી દ્વારા નિર્ધારિત ફી કરતા વધુ ફી લેશે તો જે તે શાળાની માન્યતા રદ કરવા સુધીની કાર્યવાહી થશે.

# વાઈરલ વિડીયોમાં, વ્યક્તિને ખોદકામ કરતા ઈંડા આકારનો પદાર્થ મળતા કિસ્મત ચમકી ગઈ





નવીદિલ્હી,,તા.૨૯

કેટલાક મહેનત કરીને પૈસો કમાય છે. તો કેટલાકને વારસામાં લાખો અને અબજો રૂપિયાની સંપત્તિ મળી જતી હોય છે. પરંતુ કેટલાક એવા હોય છે કે જેમનું નસીબ એટલું બળવાન હોય છે કે તેમને ખજાનો મળી જતો હોય છે. આમાંના કેટલાક ખજાનાની કિંમત લાખોમાં અંદાજવામાં આવી છે જ્યારે કેટલાક ખજાનાની કિંમત અબજોમાં પણ થતી હોય છે. આવો જ એક વીડિયો બહુ જ વાયરલ થઈ રહ્યો છે, જેમાં એક વ્યક્તિને છુપાયેલો ખજાનો જોવા મળે છે. વીડિયોમાં જોઈ શકાય છે કે એક વ્યક્તિ પહાડ ખોદી રહ્યો છે. તે જ સમયે, એક ઈંડા આકારનો પદાર્થ તેના હાથમાં આવે છે. એવું લાગે છે કે તે એક સામાન્ય પથ્થર છે, પણ તે વ્યક્તિ તેને તોડવાનો પ્રયાસ કરે છે. છીણી અને હથોડી વડે તેને તોડતાં જ તેનું નસીબ ચમકી જાય છે. અંદર કિંમતી આભૂષણો અને ઝવેરાત મળે છે, જેમાં સોનાની ચેન, સિક્કા અને બીજી ઘણી વસ્તુઓનો સમાવેશ થાય છે. જોકે આ વીડિયો ક્યાંનો છે તે અંગેની માહિતી ઉપલબ્ધ નથી.

આ વીડિયોને ઈન્સ્ટાગ્રામ પર@treasure_sniiper નામના એકાઉન્ટ પરથી અપલોડ કરવામાં આવ્યો છે. પરંતુ મોટાભાગના લોકો આ ખજાનાને નકલી ગણાવી રહ્યા છે, જ્યારે કેટલાક લોકો તેને સાચી માની રહ્યા છે. કોમેન્ટ કરતી વખતે એક યુઝરે લખ્યુંછે કે વીડિયો બનાવવાના અડધો કલાક પહેલા તેને છુપાવવામાં આવ્યો હોઈ શકે છે. તો અન્ય એક યુઝરે લખ્યું છે કે અંદરથી સાપ બહાર આવશે તો શું થશે? અન્ય યુઝરે લખ્યું છે કે હું ભગવાનની કસમ ખાઉં છું, તમે જ્યાં ઈચ્છો ત્યાં ખજાનો શોધી શકો છો, પરંતુ કૃપા કરીને ખજાના માટે કોઈ કબરને નષ્ટ કરશો નહીં. શું તમે ઈચ્છો છો કે કોઈ તમારા સંબંધીઓની કબર પર આવે અને તેને ખોદી નાખે? અન્ય એક યુઝરે લખ્યું છે કે એક દિવસ તમને ખજાનો ચોક્કસ મળી જશે. તો યાસર નામના વ્યક્તિએ લખ્યું છે કે ફિલ્મના શૂટિંગ પહેલા તેને આટલી સ્ટાઈલિશ અને સુંદર બનાવનાર વ્યક્તિને સલામ છે. એક વ્યક્તિએ લખ્યું છે કે દોસ્ત, જો બધું આટલું સરળ હોત તો અત્યાર સુધીમાં તુર્કીમાં દરેક વ્યક્તિ સૌથી અમીર બની ગયો હોત.

# ખેડૂતોએ આગામી ખરીફ પાકોના વાવેતર સમયે બિયારણની ખરીદી વખતે કાળજી રાખવી



ગાંધીનગર, તા. ૨૯

રાજયના તમામ ખેડૂતોને આગમી ખરીફ ઋતુમાં વાવેતર માટે બિયારણ ખરીદી કરતી વખતે રાખવાની થતી કાળજી અંગે ખેતી નિયામક ગુજરાત રાજ્ય ગાંધીનગર દ્વારા કેટલીક જરૂરી બાબતો માટે સજાગ રહેવા ધ્યાન દોરવામાં આવ્યુ છે.

જે અંતર્ગત ખેડૂત મિત્રોને બિયારણની ખરીદી માત્ર અધિકૃત લાઈસન્સ/ પરવાનો ધરાવતી સહકારી મંડળીઓ, સરકારી સંસ્થાઓ અથવા ખાનગી વિક્રેતાઓ પાસેથી જ કરવાનો આગ્રહ રાખવા જણાવવામાં આવ્યુ છે કે, છેતરપિંડીથી બચી શકાય તે માટે કોઈપણ સંજોગોમાં પરવાનો ધરાવતા ન હોય તેવા વ્યક્તિઓ ,પેઢીઓ કે ફેરિયાઓ પાસેથી ક્યારેય પણ બિયારણની ખરીદી કરવી નહીં.

ઉપરાંત બિયારણની ખરીદી સમયે વેપારી પાસેથી તેનું લાઈસન્સ નંબર, પુરુ નામ, સરનામું અને જે બિયારણ ખરીદેલ હોય તેનું નામ, લોટ નંબર ,ઉત્પાદક અને મુદત પૂરી થયાની વિગત દર્શાવતું બિલ સહી સાથે અવશ્ય લેવાનો આગ્રહ રાખો. બિયારણની થેલી શીલ બંધ છે કે કેમ, તેમજ મુદત પૂરી થઈ ગઈ હોય તે બાબતે ખાસ ચકાસણી કરવી અને કોઈ પણ સંજોગોમાં મુદત પૂરી થયેલ હોય તેવા બિયારણની ખરીદી કરવી નહીં. ખાસ કરીને કપાસ પાકના બિયારણની થેલી અથવા પેકેટ કે જેના પર ઉત્પાદનનું નામ સરનામું અને બિયારણના ધારાધોરણ દર્શાવેલ ન હોય તેવા ૪જી અને ૫જી જેવા જુદા જુદા નામે વેચાતા અમાન્ય બિયારણની કોઈપણ સંજોગોમાં ખરીદી કરવી નહીં. આ પ્રકારના બિયારણ વેચાતા હોવાનું જો ધ્યાને આવે તો તાત્કાલિક સંબંધિત એગ્રીકલ્ચર ઈન્સ્પેકટર અથવા જિલ્લા નાયબ ખેતી નિયામકશ્રી (વિસ્તરણ)ને તુરંત જાણકારી કરવી. વાવણી બાદ ખરીદેલ બિયારણ નું પેકેટ થેલી તેમજ તેનું બિલ પણ સાચવી રાખવું જરૂરી હોવાનું નાયબ ખેતી નિયામકશ્રી, ગાંધીનગરની અખબારી યાદીમાં જણાવાયું છે.

# દુબઈમાં ત્રિ-દિવસીય હનુમાન ચરિત્ર કથા : હરિપ્રકાશદાસજી સ્વામીની કથાનો ત્રીજો દિવસ










(પ્રતિનિધી દ્વારા)
સાળંગપુર તા.૨૯

દુબઈની ધરતી પર સાળંગપુર વાળા હરિપ્રકાશદાસજી સ્વામીની શ્રીહનુમાન ચરિત્ર કથાના છેલ્લો દિવસે હરિપ્રકાશદાસજી સ્વામીએ સત્કર્મ, સંપત્તિ અને ભરોશાની વાત કરી હતી. ભરોશો કરો તો પૂરો હોવો જોઈએ તેમા પોલ ન ચાલે. પછુ હનુમાન તમારું કામ કરે જ.

હરિપ્રકાશદાસજી સ્વામીએ કથાની શરૂઆતમાં કહ્યું કે મનુષ્ય જન્મ તો દરેકને મળે છે પરંતુ તેમા ભાગ્યશાળી કોન છે? એ છે જે મના આવા સાધુ મળે છે. માણસ શરીરમાં બેઠેલી આત્મા જે બોલતી હોય, જે જુએ છે, જે ખાય છે, જે સાંભળે છે, જે ચાલે છે, જે આત્માનો શુકીત ઉદય થાય છે ત્યારે આપણને એક મનુષ્ય જન્મ મળે છે. તુલસીદાસ લખે છે કે બડે ભાગ માનુષ તન પાવા, સુર દુર્લભ સદ્ ગ્રન્થન્હિ ગાવા, જન્મ તો ઘણા લોકોને મળે છે. પરંતુ તેમા ભાગ્યવાન કોણ છે. જેમને આવા સાધુ મળે છે. જેમને ભગવાન અને ભક્તનો યોગ મળે છે તે ભાગ્યવાન છે. ભગવાનની કૃપા વગર સાધુ ક્યારેય મળતા નથી.

દુનિયા પૈસા કમાઈ છે અને અહીં ખર્ચે છે. તમે આ ઘરતી પર આવીને પુષ્ય કમાવ છો. જીવનનો મર્મ છે જીવનની જે સફળતા છે એ માત્ર દોડા કરવામાં કે સંપત્તિ કમાઈને મોટું નામ કરવામાં નથી. ઈશ્વરનું નામ લેવામાં મોટાઈ છે. નામ મોટું કરવામાં નથી. લોકો સંપત્તિની તો બહુ કમાય છે પરંતુ ઉપયોગ નથી કરી શકતા. આખી જિંદગી મજૂરી કરીને મરી જાય, વિશ્વની કંઈ ખબર ન હોય. ગામમાં જેને બસમાં બેસવાની ખબર ન પડે તેઓ પ્લેનમાં બેસી દુબઈ આવે. કોઈ દિવસ જિલ્લો ક્રોસ ન કર્યો હોય તે દેશ ક્રોસ કરી જાય, આતો મારો હનુમાન આગળ છે એટલે કંઈ ન થયું અને બધુ પાર પડ્યું. જ્યાં હનુમાન આગળ હોય ત્યાં કંઈ ચિંતા ન હોય. ઘણા લોકો મે બધુ કર્યું તેવું બહુ કહેતા ફરતા હોય છે. ભગવાન કૃષ્ણએ ગીતામાં કહ્યું કે અર્જૂન વ્યક્તિ ખાધા પછી તેને પચાવવાની હેસિયત નથી ધરાવતો તેને પચાવવાનું કામ હું કરું છું. તે વાવી શકે છે પરંતુ ઉગાડવાનું કામ હું કરું છું. તે સંભાળી શકે છે પરંતુ તેમા દાણા બનાવવાનું કામ મારું છે. આપણે તો માત્ર નિમિત છીએ. આપણે જે સાળંગપુર જે જોઈ રહ્યા છીએ તે લીટી હનુમાન તાણી છે. આપણે ભાગ્યશાળી છીએ કે આપણે માત્ર નિમિત છીએ. જે બાળક તમારી ઘરે આવ્યું છે તે તો એમનું છે તમે માત્ર નિમિત બન્યા છો.

મારું જીવન કેવું હોવું જોઈએ? જીવન બધા પાસે એક સમાન છે. પરંતુ જ્યારે પાણી આકાશમાંથી પડે છે ત્યારે તેને વરસાદ કહે છે. પરંતુ આકાશ તરફ ઉઠે છે તો તેને વરાળ કહે છે. જો જામીને પડે તો કરા કહેવાય છે. પડીને જામે તો બરફ કહેવાય છે. સાપના મોઢામાં જાય તો ઝેર, શેરડીના પાકમાં જાય તો અમૃત એજ પાણી ફૂલમાં જાય તો અત્તર બની જાય છે. એજ પાણી શરૂરમાંથી નિકળે તો પરસેવો બની જાય છે. એજ પાણી ઠાકોરના ચરણોમાંથી નિકળે તો ચરણામૃત બની જાય છે. ફૂલને ખબર નથી હોતી કે હું ખીલીશ તો ખરું પરંતુ હું કોઈની મઝારમાં જઈશ, મંદિરમાં જઈ, કોઈની સ્મશાનયાત્રામાં જઈશે. આ જીવન પણ એવું જ છે. જો તેને વહેતુ રાખો તો તેને હજારો લોકો ઉપયોગ કરશે અને બંધિયાર રાખશો તો ગંધાઈ જશે.

જેના જીવનમાં શ્રદ્ધા છે, વિશ્વાસ છે, ભાવ અને પ્રેમ હોય તે સુખી હોય છે. દુખમાં સુખનો અહેસાસ કરજો, ફુલોની જેમ મસ્તક નિચા કરી જોજો મટી જશે જીવનની બધી ફરિયાદો એકવાર દિલથી કોઈને સાચો પ્રેમ કરી જોજો. ફરીયાદ બહુ કરીએ છીએ. જીવતા છીએ એટલ બધુ આવે છે. પરંતુ મરીએ તો સળગવાનો અહેસાસ પણ નથી થતો. જ્યાં સુધી જીવતા રહીએ છીએ ત્યા સુધી ઉચા નીચું રહેવાનું જો સીધું થઈ જાય તો ગુજરી જવાઈ. ભવાનને પણ મુશ્કેલી પડી હતી. પરંતુ એક હનુમાન હતા જેમને કોઈ મુશ્કેલી આવી ન હતી. જેના માથા પર હનુમાનનો હાથ હોય તેને બધા વંદન કરે છે.


પુણ્યનું કામ કરી લેવું તેમા કોઈનો ભાગ નહીં પડે. ભગવાને સંપત્તિ આપી તો પુણ્ય કમાઈ લેવું. દુનિયાની બેન્ક ગમે ત્યારે ઉઠી જાય, ભગવાનની એકમાત્ર એવી બેન્ક છે ક્યારેય ઉઠે નહીં. એકવાર જમા કરેલું ક્યારેય તમારું જાય નહીં. નરસિંહ મહેતાનું દરેક કામ કર્યું. સુવાના સાધનો ખરીદી શકાય પણ ઉંઘ ખરીદી ન શકાય તે ઉપરવાળો આપે પછી ઉંઘાય.

સુગ્રીવ તો ડરપોક હતો પરંતુ તેને હનુમાન ઉપર પૂરો ભરોશો હતો. ભગવાનના ભરોશામાં પોલ ન હોવી જોઈએ, ભરોશો પૂરો હોવો જોઈએ. તમે હનુમાન પર ભરોશો રાખજો, હનુમાન ચાલીસાના પાઠ કરજો, તમે ચિંતન કરજો હનુમાન તમારી ચિંતા જરૂર કરશે. મર્યા પછી બધાને લાકડામાંજ બળવાનું છે, રાખમાં ક્યારેય સુગંધ આવતી નથી. તેમા ગમે તેવું અત્તર છાટો તો પણ સુગંધ આવતું નથી. સત્કર્મ કરો તો તમારા શ્વાસે શ્વાસે સુગંધ આવ છે. હનુમાનની કરેલી સેવા નિષ્ફળ જતી નથી.

# VNSGU સુરત કક્ષાએથી લેવાયેલી સેમ-૪ની પરીક્ષામાં અંકલેશ્વર શહેરની એક માત્ર સ્વામિનારાયણસ્વરૂપ બી.એડ. કોલેજનું શાનદાર ૧૦૦% પરિણામ

**યુનિવર્સિટીની પરીક્ષામાં બી.એડ્. કોલેજની તાલીમાર્થીનીઓએ મેદાન માર્યું : ભારતનું ભાવિ જેના આદર્શ નેતૃત્વ હેઠળ તૈયાર થવાનું છે તેવા રાષ્ટ્રહિત ભાવિ શિક્ષકોનું ઘડતર કોલેજ દ્વારા થઈ રહ્યું છે**







(પ્રતિનિધિ દ્વારા)
અંકલેશ્વર તા.૨૯

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત સંલગ્ન સ્વામી નારાયણસ્વરૂપ બી.એડ્. કોલેજ, સેમેસ્ટર-૪નું ઝળહળતું ૧૦૦% પરિણામ આવતા ગુરૂકુલ સંસ્થાના વડા સ્વામી કૃષ્ણસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ તથા ટ્રસ્ટી કિશોરભાઈ પાનસુરીયાએ ભાવિ શિક્ષકોને અઢળક શુભેચ્છાઓ સાથે આશીર્વાદ પાઠવ્યા હતા. યુનિવર્સિટી કક્ષાએથી લેવાયેલી પરીક્ષામાં બધા જ તાલીમાર્થીઓ ફર્સ્ટ ડિસ્ટીંક્શન સાથે ઉત્તીર્ણ થયા હતા. જેમાં પ્રથમ ક્રમાંકે ૯૬.૧૦% સાથે રાવલ કોમલબેન, દ્વિતીય ક્રમાંકે ૯૪.૩૦% સાથે સોલંકી તેજસ્વી કુમારી તેમજ તૃતીય ક્રમાકે ૯૪.૧૦% સાથે ક્રિષ્નન અક્ષિથા ઉતીર્ણ થયા હતા. સાથે સાથે કોલેજનું ગૌરવ વધાર્યું હતું. કોલેજના ઈન્ચાર્જ આચાર્યા દીપાબેન ભટ્ટ સહિત અધ્યાપકોએ તાલીમાર્થીઓને સચોટ અને સંપૂર્ણ માર્ગદર્શન આપ્યું હતું.

# ભરૂચ ખાતે બાઈક ચોરી પ્રકરણમાં ખંભાળિયાનો શખ્સ ઝડપાયોઃ અન્ય ચોરીની પણ કબુલાત કરી



(પ્રતિનિધી દ્વારા)
જામ ખંભાળિયા, તા.૨૯

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં લોકસભાની ચૂંટણીને અનુલક્ષીને એલસીબી પોલીસ દ્વારા હાથ ધારવામાં આવેલા પેટ્રોલિંગ દરમિયાન એલ.સી.બી.ના એ.એસ.આઈ. સજુભા જાડેજા, અજીતભાઈ બારોટ તથા જેસલસિંહ જાડેજા અને ડાડુભાઈ જોગલને મળેલી ચોક્કસ બાતમીના આધારે ખંભાળિયા નજીક આવેલા વાડીનાર વિસ્તારમાંથી પસાર થતા ફિરોજ અનવર સુંભણીયા નામના ૩૦ વર્ષના મુસ્લિમ વાઘેર શખ્સને પોલીસે ઝડપી લઈ અને પૂછપરછ કરતા ઉપરોક્ત શખ્સ દ્વારા ભરૂચના જી.આઈ.ડી.સી. વિસ્તારમાંથી થોડા સમય પૂર્વે રૂ. ૧૫,૦૦૦ ની કિંમતનું કાળા કલરનું હીરો સ્પ્લેન્ડર મોટરસાયકલ ચોરી કર્યાની કબુલાત આપી હતી.

આથી પોલીસે એક મોબાઈલ ફોન સહિત કુલ રૂપિયા ૨૦,૦૦૦ ના મુદ્દામાલ સાથે આરોપી ફિરોજ સુંભણીયાની અટકાયત કરી અને આ શખ્સનો કબજો ઝઘડિયા પોલીસને સોંપવાની કાર્યવાહી કરી હતી.

એલ.સી.બી. પી.આઈ. કે.કે. ગોહિલના વડપણ હેઠળ પોલીસ દ્વારા તેની આગવી ઢબે પૂછપરછ કરવામાં આવતા તેણે આશરે બે વર્ષ પૂર્વે જામનગર જિલ્લાના મોટી ખાવડી નજીક આવેલા રિલાયન્સ મોલ નજીકની એક દુકાનમાં રાખેલા ચાર નંગ મોબાઈલ ફોનની તેમજ મેઘપર ગામેથી એક દુકાનમાંથી રૂપિયા ૧૫ હજારની રોકડ રકમની તથા રિલાયન્સ કંપનીના ગેઈટ પાસેથી એક-એક મહિનાના અંતરે બે મોટરસાયકલ ચોરી કર્યાની પણ કબુલાત આપી હતી.

આ સમગ્ર કાર્યવાહી એલ.સી.બી.ના પી.આઈ. કે.કે. ગોહિલના માર્ગદર્શન હેઠળ પી.એસ.આઈ. બી.એમ. દેવમુરારી, એસ.વી. કાંબલીયા, વિપુલભાઈ ડાંગર, સજુભા જાડેજા, અજીતભાઈ બારોટ, ડાડુભાઈ જોગલ, જેસલસિંહ જાડેજા, ગોવિંદભાઈ કરમુર, સચિનભાઈ નકુમ તથા ક્રિપાલસિંહ ચૌહાણ દ્વારા કરવામાં આવી હતી.

# વિસાવદર આર્ય સમાજ દ્વારા આરોગ્ય લક્ષી કાર્ય પૂર્ણ

(વિનુ પુરોહિત દ્વારા)
વિસાવદર તા.૨૯

રાજકોટ રણછોડદાસ બાપુ આંખની હોસ્પિટલ ના સહકારથી યોજાતા નેત્ર યજ્ઞનું દીપ પ્રાગટ્ય કરતા નિશાબેન હર્ષદભાઈ રીબડીયાએ કહ્યું કે વર્તમાન સમયમાં આરોગ્યની સંભાળ રાખવી એ ઘણુજ જરૂરી છે કેમકે અત્યારે ખેત ઉત્પાદનમાં પ્રવેશ થયેલ નેચરલ પદ્ધતિનો અભાવ અને આધુનિક ખાનપાન ને કારણે નવા નવા રોગ ના ભોગ બનીએ છીએ ,આવા સમયે ગ્રામ્ય કક્ષાએ વિનામૂલ્યે સેવાકીય પ્રવૃત્તિ થાય છે તે ખરેખર પ્રશંસનીય કાર્ય છે તો તેનો લાભ લેવો જોઈએ , નેત્રયજ્ઞ કેમ્પના પ્રોજેક્ટ ડાયરેકટર બી.એસ.સી. માઈક્રોબાયોલોજી ઈન્ટરશીપ સોશિયલ વર્કના ભાગરૂપે કાર્યકરત્ત દેવેન પી. ડોબરીયા એ કહ્યું કે અત્યારે શિક્ષણની સાથે સાથે આરોગ્ય લક્ષી જાગૃતિ , પર્યાવરણ અને દૈનિક જીવન શૈલીમાં પરિવર્તન થકી જ આપણે સ્વસ્થ અને સુંદર જીવન જીવી શકીસુ તેમજ સફાઈ અભિયાન




અને વ્યસન મુકિત વિશે ઉપસ્થિત યુવાનો અને વૃદ્ધોને સમજણ આપેલ સાથે સાથે સફાઈ અભિયાન વિષે સમજુતી અને અમલીકરણ પણ કરાવેલ અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત નિરાલીબેન પટેલે કહ્યું કે સેવા કાર્ય કરતી સંસ્થા વિસાવદર આર્ય સમાજ દ્વારા જે રાજકોટ હોસ્પિટલના સહકારથી મોતિયાના ઓપરેશન થાય છે તે વર્તમાન સમયમાં જો પ્રાઈવેટ હોસ્પિટલમાં ઓપરેશન કરાવીએ તો સરેરાશ ૧૫ થી ૨૦ રૂપિયા નો ખર્ચ થાય તો આવા વિનામૂલ્યે યોજાતા કેમ્પનો લાભ લેવા લાભાર્થીઓને શીખ આપેલ હતી અને ધન્યવાદ સહ આભાર કહેલ આ કેમ્પમાં પી.ટી. વૈષ્ણવ, કિશોરભાઈ રીબડીયા, હંસરાજભાઈ રામાણી, વિરજીભાઈ સુરાણી, જીતુ પરી ભોલેનાથ, હાર્દિકભાઈ વિઠલાણી, નિવૃત ખેતીવાડી અધિકારી છગનભાઈ માલવિયા, વિજયભાઈ ભુવા તથા વિસાવદર આર્ય સમાજ માં સેવાકીય પ્રવૃત્તિમાં કાર્યરત કાર્યકરોએ જહેમત ઉઠાવેલ અને ૧૫૨ દર્દીઓની ઓપીડી થયેલ અને ૪૬ દર્દીઓને ફેકો મશીનથી ઓપરેશન માટે રવાના કરેલ હતા તેમજ ડોક્ટર આર આર વેકરીયા સાહેબે ઓપરેશન કરી અને પરત આવતા દર્દીઓને ફોલોપ માટે હંમેશા સેવારત્ રહે છે તેઓએ પણ ઓપરેશન કરાવેલ દર્દીઓને તપાસી જરૂરી માર્ગદર્શન આપે છે તેમની પણ સેવાકીય ભાવનાની નોંધ લેવામાં આવે છે સોશિયલ વર્ક ના ભાગરૂપે સોશિયલ વર્ક દેવેન પી. ડોબરીયા ની યાદી જણાવે છે.

# ઉનામાં ગળાફાંસો ખાઈ આપઘાત

(નવીન જોષી દ્વારા)
ઉના તા.૨૯

ઉનામાં વેરાવળ રોડ ઉપર આવેલ શિવજી પાર્ક સોસાયટી રહેતા વિકાસ ભારતી સુરેશ ભારતી ગૌસ્વામી ના પત્ની હેતલ બેન ઉંમર વરસ ૨૬એ કોઈ પણ અગમ્ય કારણોસર પોતાના સાસરે મકાન ના ઉપર ના રૂમ માં છત ઉપર ના પંખા સાથે દોરડું બાંધી ગાળીઓ બનાવી ગળાફાંસો ખાઈ જતાં આ અંગે તેમના પતિ આવિજતા તેમને ઉતારી હોસ્પિટલે સારવાર માટે ખસેડાયા હતા જ્યાં ડોકટરે તેમનું મૃત્યુ થયાનું જાહેર કરતા પી.એમ. માટે સરકારી હોસ્પિટલે લઈ જવા મા આવેલ હતા પોલીસ ને જાણ થતા પોલીસ તપાસ શરૂ કરી છે. જાણવા મળતી વિગત મુજબ હેતલ બેન વિકાસ ભારતી ગૌસ્વામી સયુંકત કુટુંબ પતિ, સાસુ, સસરા સાથે રહેતા હતા અને અઢી વરસ નો એક બાળક છે. બાળકે માતા ની છત્ર છાયા ગુમાવી છે પરિવાર માં ગમગીની છવાઈ ગઈ છે.

# દેલવાડા રોડ પરથી એલસીબીએ દારૂ ઝડપ્યો

(નવીન જોષી દ્વારા)
ઉના તા.૨૯

લોક સભાની ચૂંટણી શાંતિ પૂર્વક યોજાય તે માટે ગીર સોમનાથ જિલ્લા ની લોકલ ક્રાઈમ બ્રાન્ચ ના ઈન્ચાર્જ પીઆઇ જાડેજા પી એસ આઈ વોરા ના માર્ગ દર્શન હેઠળ એ.એસ.આઇ. સુભાષ ભાઈ ચાવડા, હેડ કોન્સ્ટેબલ પ્રવીણ ભાઈ મોરી, રાજુ ભાઈ ગઢીયા અને સ્ટાફ પેટ્રોલિંગ માં હતા ત્યારે દેલવાડા રોડ ઉપર દીવ તરફ થી આવતી મોટર કાર નંબર **GJ 15CA 0028** પુર ઝડપે આવતી હોય રોકવા કોશિષ કરતા કાર ચાલકે કાર ભગાડી મુકી હતી તેનો પીછો કરતા કાર ઉનન્ત નગર સોસાયટી મા નગર પાલિકા એ બનાવેલ




બગીચા પાસે બિન વારસી મળી આવેલ હતી તેની તપાસ કરતા કાર મા ડેકી અને સીટ નીચે અને પાછળ ની ટેલ લાઈટ ની અંદર છૂપાવી લઈ જવાતી ઈંગ્લિશ દારૂની બોટલો નંગ ૧૮૭ રૂપિયા ૨૬૬૦૦/ ની તેમજ મોટર કાર રૂપિયા ૨લાખ મળી કુલ રૂપિયા ૨૨૬૦૦૦ મુદામાલ સાથે નાસી ગયેલ ઊના ના નીચલા રહીમ નગર માં રહેતો શકીલ ઉર્ફે શકીલ બાપુ મહમદ સબિર બહરુની ની સામે ગુનો દાખલ ઊના પોલીસ સ્ટેશન મા નોંધાવેલ અને આરોપી ને પકડવા તજવીજ શરૂ કરી છે.

# ભાણવડના ગડુ ગામે બિનવારસુ ગૌમાતા પર અજાણ્યા નરાધમ દ્વારા તીક્ષ્ણ હથિયાર વડે હુમલો



(પ્રતિનિધી દ્વારા)
જામ ખંભાળિયા, તા.૨૯

ભાણવડ તાલુકાના ગડુ ગામના વાડી વિસ્તારમાં શુક્રવારે રાત્રે એક બિનવારસુ ગાય ચારો ખાવા માટે કોઈ વાડી ખેતરમાં ગઈ હોય, જેને લીધે કથિત રીતે આ વાડીના વિકૃત મગજના મનાતા આ વાડી માલિક દ્વારા આ ગાય પર કુહાડા જેવા તીક્ષ્ણ હથિયારથી પેટની નીચેના ભાગે ઘા ઝીંકીને ગંભીર ઈજા પહોંચાડી હોવાનો બનાવ પ્રકાશમાં આવ્યો છે.

ઈજાગ્રસ્ત બનેલી આ ગાય લોહી-લોહાણ અવસ્થામાં ગામ તરફ આવતા ગડુ ગામના ગ્રામજનો દ્વારા આ ગામના એનિમલ લવર્સ ગ્રુપને જાણ કરવામાં આવી હતી. જેથી જીવદયા પ્રેમી યુવાનો અને પૂનમબેન માડમ ટ્રસ્ટના વેટરનરી ડોકટર દ્વારા આ ઈજાગ્રસ્ત ગાયને અઢાર જેટલા ટાંકા લઈને જરૂરી સારવાર કરવામાં આવી હતી.

આ અબોલ જીવ પર આ પ્રકારનું કૃત્ય આચરનાર નરાધમ વ્યક્તિને બોધપાઠ મળે તેવી માંગ પણ ઉઠી છે. માનવતાને શર્મસાર કરતા આ બનાવથી પંથકનાં જીવદયા પ્રેમીઓમાં ભારે રોષ અને ફિટકારની લાગણી પ્રસરી ગઈ છે.

# ગીરગઢડા ગામેથી ગુમ થયેલ આધેડની લાશ મળી

(નવીન જોષી દ્વારા)
ઉના તા.૨૯

ગીરગઢડા ગામે દલિત વાસ માં રહેતા વાલજીભાઈ રામભાઈ રાઠોડ ઉંમર વરસ ૪૦ ગત તારીખ ૨૩/૪/૨૪ના ઘરે થી કોઈ ને કહ્યા વગર ઘરે થી નીકળી ગયા હતા અને આ અંગે ૨૪/૦૪ના ગીર ગઢડા પોલીસ સ્ટેશન મા ગુમ થયા ની જાહેરાત કરી હતી પોલીસ શોધતી હતી ત્યારે ગીર ગઢડા ઊના રોડ ઉપર આવેલ ગીર કેસરી હોટલ ની આગળ એક વોકળા મા બાવળ ની ઝાડી મા એક માનવ લાશ પડી હોવાની પોલીસ ને જાણ થતા પહોંચી ગઈ હતી બહાર કાઢી હોસ્પિટલે લાવતા વાલજી ભાઈ ના પરિવારે લાશ ઓળખી બતાવેલ હતી લાશ કોહવાઈ ગયેલી હતી તેથી અકસ્માતે મોત કે હત્યા તેની તપાસ માટે લાશ ને જામનગર મેડિકલ કોલેજ માં ફોરેન્સિક પીએમ કરવા માટે લઈ જવા મા આવેલ છે રિપોર્ટ આવે પછી સાચું કારણ જાણવા મળશે તેમ પોલીસ અધિકારી એ જણાવેલ છે. હાલ તપાસ શરૂ છે.

# ઇંગ્લિશ દારૂની હેરાફેરીના ગુનામાં સાત વર્ષથી નાસતા ફરતા પરપ્રાંતીય શખ્સને એલસીબી પોલીસે દબોચી લીધો

(પ્રતિનિધી દ્વારા)
જામ ખંભાળિયા, તા.૨૯

દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભાણવડ તથા કલ્યાણપુર પોલીસ મથકમાં વર્ષ ૨૦૧૮ તથા ૨૦૨૩ દરમિયાન વિદેશી દારૂની હેરાફેરી તથા સપ્લાયના ગુનામાં રાજસ્થાન રાજ્યના ઉદયપુર જિલ્લાના સરાળા તાલુકાના રહીશ એવા ઈશ્વરસિંહ પદમસિંહ દૌલતસિંહ સિસોદિયા નામના ૪૦ વર્ષના શખ્સ સામે ગુનાઓ નોંધાયા હતા. પરંતુ તે પોલીસને હાથ લાગ્યો ન હતો.

દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેયની સૂચના મુજબ એલ.સી.બી. વિભાગના પી.આઈ. કે.કે. ગોહિલ તથા તેમની ટીમ દ્વારા હાથ ધરવામાં આવેલી કામગીરી અંતર્ગત એલ.સી.બી.ના એ.એસ.આઈ. મશરીભાઈ ભારવાડીયા, ભરતભાઈ ચાવડા તથા પરેશભાઈ સાંજવાને પેટ્રોલિંગ દરમિયાન મળેલી બાતમીના આધારે આરોપી ઈશ્વર સિસોદિયાને પોલીસે ઝડપી લઈ અને આગળની કાર્યવાહી અર્થે તેનો કબજો ભાણવડ પોલીસને સોંપ્યો છે.



આ સમગ્ર કાર્યવાહી એલ.સી.બી.ના પી.આઈ. કે.કે. ગોહિલના માર્ગદર્શન હેઠળ પી.એસ.આઈ. બી.એમ. દેવમુરારી, એ.એલ. બારસિયા, એસ.એસ. ચૌહાણ, એસ.વી. કાંબલીયા તથા તેમની ટીમ દ્વારા કરવામાં આવી હતી.

# ગુરૂવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની જૂનાગઢમાં ચૂંટણી જાહેર સભા

## કૃષિ યુનિવર્સિટીના ગ્રાઉન્ડ ખાતે યોજાનાર સભા માટે તડામાર તૈયારી : ચૂંટણી સભાને લઈને પોલીસ તંત્ર દ્વારા ચુસ્ત બંદોબસ્ત











(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૯

ભારતના વડાપ્રધાન આગામી ગુરૂવાર તા.૨ મેના રોજ જૂનાગઢ આવી રહ્યા છે અને તેને લઈને તડામાર તૈયારીઓ હાથ ધરવામાં આવી રહી છે. લોકસભાની ચૂંટણી અંતર્ગત વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો જૂનાગઢ ખાતેનો કાર્યક્રમ યોજાનાર છે અને વડાપ્રધાન કૃષિ યુનિવર્સિટી ખાતે આયોજીત જાહેર સભાને સંબોધન કરનાર હોય અને તેને લઈને તડામાર તૈયારીઓ પુરજોશથી ચાલી રહી છે. લોકસભાની ચૂંટણી ૨૦૨૪ના વિવિધ તબક્કાની મતદાનની પ્રક્રિયા યોજાઈ રહી છે અને દેશભરમાં હાલ ચૂંટણી લક્ષી તૈયારીઓ હાથ ધરાઈ છે. ગુજરાતની લોકસભાની બેઠકો માટેનું મતદાન આગામી તા.૭ મેના રોજ થવાનું છે ત્યારે ચૂંટણીના પ્રચાર પડઘમ બંધ થાય તે પહેલા જ ગુજરાતના વિવિધ મથકો ઉપર બે દિવસ માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ચૂંટણી સભાનું આયોજન કરવામાં આવેલ છે અને જે અંતર્ગત આગામી તા.૨ મેના રોજ જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી ખાતે વડાપ્રધાનની ઉપસ્થિતિમાં એક ચૂંટણી સભા યોજવામાં આવનાર છે અને જે અંગેની તૈયારી હાથ ધરવામાં આવી છે. જૂનાગઢના આંગણે પધારનાર વડાપ્રધાન નરેન્દ્ર મોદી જૂનાગઢ, પોરબંદર, અમરેલી સહિતના મતક્ષેત્રોને આવરી લેતી સભા સંબોધન કરનાર છે. આ સભાને લઈને ભારતીય જનતા પાર્ટીના કાર્યકરોમાં ભારે ઉત્સાહ પ્રવર્તી રહ્યો છે અને વડાપ્રધાનના કાર્યક્રમ દરમ્યાન ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓ દ્વારા શાનદાર સ્વાગતથી લઈ જુદા-જુદા કાર્યક્રમો યોજાનાર છે. એટલું જ નહી હું છું મોદીનો પરિવારના ટિશર્ટ પણ ધારણ કરવામાં આવશે. અંદાજીત ૫૦ હજાર લોકો બેસી શકે તેવી જબરી વ્યવસ્થા કરવામાં આવી રહી છે. ભારતીય જનતા પાર્ટીનો એક એક કાર્યકર ભારે ઉત્સાહીત બનેલ છે અને ભાજપના કાર્યકર્તાઓ, વરિષ્ઠ પદાધિકારીઓની સતત બેઠક ચાલી રહી છે અને જૂનાગઢનો કાર્યક્રમ કેમ ભવ્ય રીતે બને તે માટે તૈયારીઓ ચાલી રહી છે તો બીજી તરફ જૂનાગઢ શહેરમાં વડાપ્રધાનની ચૂંટણી સભા યોજાનાર હોય અને તેને લઈને પોલીસ તંત્ર પણ સાબદુ બની ગયું છે અને લોખંડી બંદોબસ્ત માટેની વ્યવસ્થા કરવામાં આવી રહી છે. કૃષિ યુનિવર્સિટીના ગ્રાઉન્ડ ખાતે જે સ્થળે ચૂંટણી સભા યોજાવાની છે તે સ્થળની જીલ્લા પોલીસ વડા હર્ષદ મહેતા તેમજ ઉચ્ચ અધિકારીઓએ મુલાકાત લીધી હતી અને કાર્યક્રમના સ્થળે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સુરક્ષા માટેના પગલા તેમજ કાયદો અને વ્યવસ્થા તેમજ ટ્રાફિક નિયમન વ્યવસ્થિત જળવાઈ તે માટે સ્થળનું નિરીક્ષણ કરી અને જરૂરી સુચનો અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જૂનાગઢ શહેરમાં આગામી ગુરૂવારે ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી આવી રહ્યા હોય અને ચૂંટણી સભાને સંબોધીત કરનાર હોય તેને લઈને કાર્યકર્તાઓમાં અભુતપુર્વ ઉત્સાહની હેલી જોવા મળે છે.

# લોકસભાની ચૂંટણીને લઈ જૂનાગઢ જીલ્લા પોલીસ તંત્ર સાબદુ : બીએસએફના જવાનોનું આગમન









(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૯

આગામી તા.૭ મેના રોજ લોકસભાની ચૂંટણી તેમજ વિધાનસભાની પેટા ચૂંટણી યોજાનાર હોય તેને લઈને જૂનાગઢ જીલ્લા પોલીસ તંત્ર દ્વારા તકેદારીના પગલા લેવામાં આવી રહ્યા છે અને તંત્ર સાબદુ બની ગયું છે અને ચુસ્તબંદોબસ્ત માટેની ગોઠવણી કરવામાં આવી રહી છે. દરમ્યાન ગઈકાલે બીએસએફના જવાનોનું આગમન થતા તેનું પોલીસ તંત્ર દ્વારા ઉષ્માભેર સ્વાગત કરવામાં આવ્યું હતું. આગામી તા.૭ મેના રોજ જૂનાગઢ લોકસભા તેમજ માણાવદર વિધાનસભાની પેટા ચૂંટણી માટે મતદાન યોજવામાં આવનાર છે. લોકશાહીનું આ પર્વ શાંતિપુર્ણ રીતે સંપન્ન થાય તે રીતે જૂનાગઢ શહેર અને જીલ્લામાં પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવી રહ્યો છે. લોકો નિર્ભતાથી અને શાંતિપુર્ણ રીતે મતદાન કરી શકે તે માટે જૂનાગઢ જીલ્લા પોલીસ વડા હર્ષદ મહેતાના માર્ગદર્શન હેઠળ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ માટેના અનેકવિધ પગલા લેવામાં આવી રહ્યા છે. અસામાજીક પ્રવૃતિ સાથે સંકળાયેલા ઈસમો વિરૂધ્ધ કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. એટલું જ નહી લોકોમાં ભય ફેલાવનારા કે સુલેહશાંતીનો ભંગ થાય તેવા પ્રયાસો કરનારા તત્વો સામે પણ ઘોષ બોલાવવામાં આવી રહી છે. ઉપરાંત ચૂંટણી પર્વને જૂનાગઢ શહેર તથા જીલ્લામાં પોલીસ તેમજ સહયોગી દળનો ચુસ્ત બંદબસ્ત ગોઠવવામાં આવશે. લોકસભાની ચૂંટણી અંતર્ગત બંદોબસ્ત માટે આવેલા બીએસએફના જવાનોનું જૂનાગઢ પોલીસ દ્વારા ગઈકાલે ઉષ્માભર્યુ સ્વાગત કરવામાં આવ્યું હતું.

# જૂનાગઢ જિલ્લામાં 'જાણો તમારૂ મતદાન મથક' કેમ્પેઈનમાં ૩૧ હજારથી વધુ મતદારો સહભાગી બન્યા

## મતદારોને મતદાન મથક પર અનુભવાતી મૂંઝવણો દૂર કરવા જરૂરી જાણકારી અપાઈ







જૂનાગઢ તા.૨૯

**Know Your Polling Station** કેમ્પેઈન અંતર્ગત જૂનાગઢ જિલ્લામાં ૧૩૩૫ મતદાન મથકો પર મતદારોને મૂંઝવતી બાબતે વિગતવાર જાણકારી આપવામાં આવી હતી. આ કેમ્પેઈનમાં ૩૧ હજારથી વધુ મતદારો સહભાગી બન્યા હતા. ઉપરાંત ચુનાવ કી પાઠશાળા માધ્યમથી મતદાન જાગૃતિ કરવામાં આવી હતી. ઘણી વખત મતદાન મથકનું સ્થળ ખબર ન હોવા ના કારણે અથવા તો મતદાન માટે જરૂરી ઓળખના પુરાવા અને એકથી વધુ પોલિંગ સ્ટેશન ધરાવતા પોલિંગ સ્ટેશન પર ક્યાં મતદાન મથકમાં મતદાન માટે જવાનું છે, તેની જાણકારીના અભાવે મતદારો મતદાન મથકે મૂંઝવણ અનુભવતા હોય છે. ત્યારે આ માટે ચૂંટણી પંચ દ્વારા હાથ ધરાયેલા **Know Your Polling Station** કેમ્પેઈનના માધ્યમથી આ પ્રકારની મતદારોની તમામ મૂંઝવણો બુથ લેવલ ઓફિસર, સહિતના કર્મચારીઓ દ્વારા દૂર કરવામાં આવી હતી. ઉપરાંત મતદારોને મતદાન મથક ખાતે પ્રાપ્ય સુવિધાઓ ની જાણકારી આપવામાં આવી હતી. સાથે જ મતદાન મથક પર જરૂરી નિદર્શન કરવામાં આવ્યું હતું.

જૂનાગઢ શહેરની ટીંબાવાડી પ્રાથમિક શાળામાં આવેલા મતદાન મથક પર પણ આ જ પ્રકારે **Know Your Polling Station** કેમ્પેઈન હાથ ધરાયું હતું. જુદા જુદા મતદાન મથકો અને મતદાન પ્રક્રિયા વિશે જાણકારી આપવામાં આવી હતી.

# કેશોદના સોંદરડા ગામ પાસે બે વ્યક્તિ પર હુમલો : પોલીસ ફરીયાદ

(કમલેશ જોષી દ્વારા)

કેશોદ તા.૨૯

કેશોદના સોંદરડા ગામ નજીક બાઈક લઈ પસાર થતાં ભંડૂરી ગામના યુવક અને તેના મોટા બાપુ ઉપર યુવકના બનેવી, તેના ભાઈ, સસરા, સહિત ૭ શખ્સોએ લોખંડના પાઈપ, લાકડાના ધોકા, છરી વડે હિંચકારો હુમલો કરી ગંભીર ઈજા પહોંચાડી હતી. ૧૦૮ મારફત બંનેને કેશોદ બાદ જુનાગઢ સારવાર માટે ખસેડવામાં આવતાં પોલીસે ૭ શખ્સો વિરૂધ્ધ ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે. આ અંગે હકિકત એવી છે કે ફરિયાદી રણવીરસિંહ નાગદાનભાઈ સીસોદિયા અને તેની બહેનના ગળોદર ગામે સામ સામે લગ્ન થયેલાં છે. બહેનને સાસરિયા પક્ષવાળા ત્રાસ આપતાં હોય છેલ્લાં ડોઢ મહિનાથી ભંડૂરી ગામે રિસામણે આવેલ હતાં જેને લેવા તેના સાસરિયા પક્ષવાળા ભંડૂરી આવ્યાં હતાં ત્યારે મોટા બાપુ લખમણભાઈ જીવાભાઈ સીસોદિયાને માર મારી ઈજા પહોંચાડી હતી. આથી લખમણભાઈ સારવાર ચાલું હોય ફરિયાદી રણવીરસિંહ તેના મોટા બાપુ કેશોદ ખાનગી હોસ્પિટલમાં સારવાર લઈ ભંડુરી પરત ફરી રહ્યાં હતાં ત્યારે સોંદરડા ગામથી થોડે દુર પહોંચતાં ૭ લોકોએ રસ્તાં ઉપર આડા ઉતરી તેમના ઉપર હુમલો કર્યો હતો. જેમાં સૌપ્રથમ બાઈક ચલાવનાર યુવક ઉપર તેના જ બનેવી જનકે માથાના ભાગથી નીચે લોખંડનો પાઈપ મારી યુવક અને તેના મોટા બાપુને નીચે પછાડી દીધા હતાં બાદ બહેનના સસરા વિક્રમભાઈ અને તેમાં પુત્ર કરણે છરી વડે હૂમલો કર્યો હતો. અન્ય ૪ લોકો જે યુવકના બનેવીના મામા અને તેના પુત્ર થતાં હોય તેઓએ યુવક અને તેના મોટા બાપુ ઉપર લાકડાના ધોકા વડે આડેધડ માર મારી હાથ, પેટ, પગના ભાગે ઈજા પહોંચાડી હતી. ઘટના સ્થળે લોકો એકઠા થતાં તમામ સાતેય હુમલાખોરો આજે તો તમે બચી ગયાં હવે સામે મળશો તો તમને જાનથી મારી નાખીશ તેવી ધમકી આપી ભુંડી ગાળો બોલી ભાગી છૂટયાં હતાં. કોઈએ ૧૦૮ ને ફોન કરી બંને સારવાર માટે કેશોદ સરકારી હોસ્પિટલે ખસેડયાં હતાં. પોલીસે ગળોદરના જનક વિક્રમભાઈ સિંધવ, વિક્રમભાઈ સોનિંગભાઈ સિંધવ, કરણ વિક્રમભાઈ સિંધવ, એકલેરાના મહિપત માણસુરભાઈ સીસોદિયા, સોમાત કાબાભાઈ સીસોદિયા, વનરાજ કાબાભાઈ સીસોદિયા તેમજ કેવદ્રા ગામના મેહુલ વિરૂદ્ધ ગુન્હો નોંધી તપાસ હાથ ધરી છે.

# માળીયાહાટીના તાલુકાના ભંડુરી નજીક હાઈવેની વચ્ચે વાહન રાખી બર્થડે ઉજવનાર ૬ શખ્સો સામે ગુનો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૯

માળીયાહાટીના તાલુકાના ભંડુરી નજીક હાઈવે ઉપર જાહેરમાં બર્થડેની ઉજવણી કરનાર શખ્સો વિરૂધ્ધ ગુનો દાખલ કરવામાં આવેલ છે. આ અંગે પોલીસે આપેલી વિગત અનુસાર, તાજેતરમાં સોશ્યલ મિડીયા ઉપર ભંડુરી નજીક હાઈવેની વચ્ચે કાર તથા બાઈક પાર્ક કરી બર્થડેની ઉજવણી કરતો વિડીયો વાયરલ થયો હતો. પોલીસે આ અંગે તપાસ શરૂ કરી હતી. જેમાં છ શખ્સો સામેલ હોવાનું સામે આવતા પોલીસે આ મામલે ગુનો દાખલ કરી વધુ કાર્યવાહી હાથ ધરી છે. આ અંગેની વધુ વિગત મુજબ, તાજેતરમાં માળીયાહાટીના તાલુકાના ભંડુરી નજીક આવેલા ઓવરબ્રિજ ઉપર પાંચ-છ યુવાનો કાર અને બાઈકને હાઈવેની વચ્ચે પાર્ક કરી બોનેટ ઉપર પાંચ કેક રાખી આતશબાજી થાય તેવા ફટાકડા ફોડી બર્થડે ઉજવતા હોવાનો વિડીયો વાયરલ થયો હતો. માળીયાહાટીના પોલીસે આ વાયરલ વિડીયો અંગે તપાસ કરતા કાર ઉપર ભંડુરીનો મિત મકવાણા હોવાનું જાણવા મળ્યું હતું. પોલીસે તેના ઘરે જઈ પુછપરછ કરતા તેણે વિડીયમાં જોવા મળતા યુવાનો પોતાના મિત્રો હોવાનું અને ગઈકાલે જન્મદિવસ હોવાથી બર્થડે સેલીબ્રેટ કરવા ખેંચતાણ કરી હાઈવે ઉપર લઈ ગયા હતા અને ત્યાં કારના બોનેટ ઉપર કેક રાખી ફટાકડા ફોડી બર્થડે ઉજવ્યાનું જણાવ્યું હતું. મિત મકવાણાએ આ વિડીયોમાં કેશોદનો દિવ્યેશ ભરડા, રાજકોટનો ઓમ ગઢવી, ભંડુરીનો વિજય કોળી, રવિ ઉર્ફે બાદશાહ, ગોતાણાના સાગર ચુડાસમા, અને કેશોદનો એઝાઝ ગામેતી હોવાનું જણાવ્યું હતું. આ અંગે માળીયાહાટીનાના હેડકોન્સ્ટેબલ એન.એમ. ધ્રાંગડે ફરિયાદ કરતા પોલીસે આ યુવાનો સામે આઈપીસી ૩૩૬ અને ૧૪૪ મુજબ ગુનો દાખલ કરી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

# જૂનાગઢના ખલીલપુર ચોકડી નજીક ટ્રકે મોટરસાઈકલને હડફેટે લેતા સર્જાયેલા અકસ્માતમાં યુવાનનું મૃત્યું

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૯

જૂનાગઢ શહેરમાં ખલીલપુર ચોકડી નજીક એક ટ્રકે મોટરસાઈકલને હડફેટે લેતા અકસ્માત સર્જાયો હતો અને જેમાં એક યુવાનનું મૃત્યું થયું હતું. આ બનાવ અંગે ટ્રક ચાલક વિરૂધ્ધ અકસ્માત સર્જી અને મૃત્યું નિપજાવવા અંગેની ફરિયાદ નોંધાતા પોલીસે ટ્રક ચાલક સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આ બનાવ અંગે પોલીસે આપેલી વિગત અનુસાર, ઝાલણસર ગામના જયશ્રીબેન બધાભાઈ દવેરા(ઉ.વ.૨૫)એ ટ્રક નંબર જીજે-૦૫-એજે-૫૨૦૨ના ચાલક સામે એવા મતલબની ફરિયાદ નોંધાવી છે કે, આ કામના ફરિયાદી જયશ્રીબેન, તેના પતિ બધાભાઈ દેવશીભાઈ દવેરા(ઉ.વ.૨૮) પુત્ર ગૌરવ(ઉ.વ.૩) એમ ત્રણેય જણા મોટરસાઈકલ સીબીઝેડ નંબર જીજે-૧૪-એબી-૯૭૧૩માં સવાર થઈ અને લુવાસર ગામથી ઝાલણસર પોતાના ઘરે જતા હતા અને મોટરસાઈકલ ફરિયાદીના પતિ બધાભાઈ દેવશીભાઈ દવેરા ચલાવતા હોય અને તેઓ જૂનાગઢ ખલીલપુર ચોકડી ખોડીયાર મંદિર પાસે પહોંચતા ટ્રક નં. જીજે-૦૫-એજે-૫૨૦૨ના ચાલકએ પોતાના હવાલા વાળો ટ્રક પુર ઝડપે અને બેફીકરાઈથી ચલાવી સામેથી રોંગ સાઈડમાં આવી ફરિયાદી તથા મરણ જનાર બધાભાઈ દેવશીભાઈ તથા ફરિયાદીનો દિકરો ગૌરવ જે મોટરસાઈકલમાં સવાર હતા તે મોટરસાઈકલ સીબીજેડ જીજે-૧૪-એબી-૯૭૧૩ની સાથે પોતાનો ટ્રક ભટકાવી ફરિયાદી તથા મરણ જનારને હડફેટે લઈ ફરિયાદીને તથા ફરિયાદીના દિકરા ગૌરવને તથા ફરિયાદીના પતિ મોટરસાઈકલ ચાલકને શરીરે સામાન્ય તથા ગંભીર ઈજાઓ પહોંચાડતા ફરિયાદીના પતિ મોટરસાઈકલ ચાલક બધાભાઈ દેવશીભાઈ દવેરાનું મૃત્યું નીપજાવી ટ્રક રજી. નં. જીજે-૦૫-એજે-૫૨૦૨નો ચાલક સ્થળ ઉપરથી નાસી જઈ ગુનો કર્યા અંગેની ફરિયાદ પોલીસમાં નોંધાવતા પોલીસે ટ્રક ચાલક વિરૂધ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# જૂનાગઢમાં જુગાર દરોડો : ત્રણ ઝડપાયા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૯

જૂનાગઢ એ ડીવીઝન પોલીસે ગઈકાલે ચોક્કસ બાતમીના આધારે ગાયત્રી પાન નામની બંધ દુકાનની બહાર ઓટા ઉપર જુગાર અંગે દરોડો પાડતા જાહેરમાં જુગાર રમતા ધર્મેશભાઈ રતીલાલ દેવડા, રણજીતભાઈ મહેન્દ્રભાઈ પટણી, મહેશભાઈ રોચીરામ બુધવાણી વિગેરેને રૂા.૧૧૯૦ની રોકડ મુદામાલ સાથે ઝડપી લઈ તેમના વિરૂધ્ધ જુગાર ધારા હેઠળ કાર્યવાહી હાથ ધરી છે.

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એકસચેંજ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
MI-GL
ઘરઘંટી ૮૫૦૭ થી શરૂ
બીના ઈલેક્ટ્રોનિક્સ
Kelvinator
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્ક.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.